

પેજ-08

24 વર્ષના દીકરા અરહાન માટે છલકાયો મલાઈકા અરોરાનો પ્રેમ....

અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

વિરાટ કોહલીની 100 સદીઓની રેસ....



હવામાન

શહેર	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	36.00	19.00
વડોદરા	36.00	18.00
સુરત	35.00	20.00

પેજ 5



AI જગતમાં ભૂકંપ: ચાઈનીઝ મહિલા જાસૂસ સાથે અફેર મુદ્દે Nvidia....

10 NOVEMBER-2026 TUESDAY

AIના વધતા પ્રભાવ વચ્ચે બિલ ગેટ્સની મોટી સલાહ....



પેજ 10

.....સુવિચાર.....

દુનિયામાં બધું જ કીમતી હોય છે, મળ્યા પહેલા અને ગુમાવ્યા પછી !!

વર્ષ-15 । અંક-357 । વિક્રમ સંવત-2082 । કારતક સુદ - 02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

RENAULT DUSTER
before you decide on your next SUV
stop. think. test drive.

year warranty

કિંમત શરૂ થાય છે
₹10.49લાખથી*
ઉત્સવી વ્યાજ દર 4.99%*
એક્સચેંજ બોનસ ₹50,000* સુધી
શ્રેણીમાં શ્રેષ્ઠ 163ps સાથે 280Nm ટૉર્ક
BNCAP દ્વારા 5-સ્ટાર સેફ્ટી રેટિંગ
BNCAP Score : Adult - 30.49 | Child - 45.00

*Renault Duster comes with a maximum warranty of up to 7 years or 1,50,000 kms, whichever is earlier, under the Renault Forever program; the price mentioned in this advertisement is the ex-showroom price for the base variant, the rate of interest mentioned in the advertisement is applicable on loan amount of INR 12 Lakhs for a 24-months period, valid till 30th September from Renault Finance on meeting eligibility criteria, the mentioned exchange bonus is applicable on select variants till 30th September, the features mentioned in this advertisement may vary depending on the model/variant of the car, 5-star rating awarded by Bharat NCAP (India's independent vehicle safety assessment program) is based on crash tests and safety evaluations, images shown are for representation purpose only, actual vehicle, features, and colours may vary, for detailed terms and conditions, please visit www.renault.co.in.

Renault recommends Castrol

SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873558180, RENAULT NARODA Ph: 8448081360. RENAULT ANAND Ph: 8448792901. RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268. RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869.

વિશ્વગુરુ બનવાની વાતો કરતા ભાજપના લોકો દેશને સ્વચ્છ હવા પણ આપી શકતા નથી: ડૉ. કરન બારોટ

અમેરિકા અને કેનેડાની જેમ ભારતમાં પણ ડ્રોન ટેકનોલોજીથી પ્રદૂષણમુક્ત દિવાળીની ઉજવણી કેમ ન થઈ શકે?

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટે એક વિડીયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ભારતના લોકો રહે છે અને અમેરિકા અને કેનેડા જેવા દેશોમાં સાથે મળીને સામૂહિક રીતે દિવાળી મનાવે છે. ત્યાં ચોક્કસ સમય અને સ્થળ નક્કી થાય છે, દિવાળી ઉજવાય છે રામાયણના સંદેશને યાદ કરાય છે અને ત્યાં ડ્રોન લાઈટ જેવી આધુનિક ટેકનોલોજી દ્વારા દિવાળીની ઉજવણી કરવામાં આવે છે, તો ભારત દેશમાં આવું કેમ નથી થતું? ભારત દેશમાં વિશ્વ ગુરુ અને વિકાસની મોટી મોટી વાતો થાય છે તો ટેકનોલોજીનો ઉપયોગ કરીને પ્રદૂષણ ઘટાડવા માટે ઉજવણીની નવી રીતને કેમ અપનાવવામાં આવતી નથી? ભ્રષ્ટાચારને થોડા મહિના બાજુમાં મૂકીને ભાજપના નેતાઓએ આ વિશે વિચાર કરવો જોઈએ, અમે કોઈ રાજકીય પક્ષની વાત નથી કરતા પરંતુ કરોડો લોકોના શ્વાસની વાત કરવા માંગીએ છીએ. ભારતનો અત્યારે મોટો પ્રશ્ન એ છે કે વિકાસની મોટી મોટી વાતોની વચ્ચે ભારત દેશના લોકોને સાફ હવા પણ મળતી નથી.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ડૉ.કરન બારોટે જણાવ્યું હતું કે, આજે વૃદ્ધો અને બાળકો જ્યારે બહાર જાય છે




તો આપણને ચિંતા થાય છે અને સવાલ પેદા થાય છે કે વારસામાં આપણે બાળકોને શું શ્વાસની બીમારીઓ આપવા માંગીએ છીએ? આજે વર્લ્ડ એર ક્વોલીટી રિપોર્ટ બોલે છે કે પીએમ 2.5 ફક્ત પાંચ હોવું જોઈએ પરંતુ ભારતમાં એ 50 છે, સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એરનો રિપોર્ટ એવું કહે છે કે 229 ભારતીય શહેરોમાંથી 190 શહેરો એવા છે જ્યાં પ્રદૂષણ રાષ્ટ્રીય હવાની ગુણવત્તા ધોરણો કરતાં વધુ છે. મારે સરકારને પૂછવું છે કે જે ફેક્ટરીઓ દ્વારા ઝેરી ધુમાડા છોડવામાં આવે છે, એ લોકો પર કેમ કાર્યવાહી થતી નથી? જે લોકો નદીઓમાં ગંદુ પાણી છોડે છે એ લોકોના લાયસન્સ કેમ રદ થતા નથી? જે લોકો રસ્તા પર ધૂળ અને ધૂળની ડમરીઓ ઉડાવે છે એ લોકોને સરકાર કેમ છાવરે છે? ખાલી વૃક્ષારોપણના ફોટા પોસ્ટ કરવાથી પ્રદૂષણ ઘટતું નથી, પ્રદૂષણ ઘટાડવા માટે સરકારે મોટા પગલાં પણ લેવા જોઈએ અને વિકસિત દેશોથી શીખવું જોઈએ અને જો વિશ્વ ગુરુ અને વિકાસની મોટી મોટી વાતો કરતા હોય તો એ રીતના પગલાં, એ રીતની ટેકનોલોજી ઉપયોગ કરીને ભારત દેશના યુવાનોને પ્રદૂષણમાંથી મુક્તિ આપો નહિતર યુવાનો રોડ પર ઉતરશે અને યુવાનોને આવડે છે કે કઈ રીતે પ્રદૂષણ દૂર કરવું અને કઈ રીતે દેશને ચલાવવો.

સાયન્સ સિટી રોડ પર ફટાકડા ફોડવા મુદ્દે હિંસક અથડામણ

(એજન્સી) અમદાવાદ | તા.09

અમદાવાદના સાયન્સ સિટી રોડ પર આવેલા 'એમ્પાયર સ્કાયવ્યુ' એપાર્ટમેન્ટ બહાર 8 નવેમ્બર 2026ની રાત્રે ફટાકડા ફોડવા બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ જૂથ અથડામણમાં 5 લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાં એક વ્યક્તિને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી છે. બોડકદેવ પોલીસે આ મામલે 7 આરોપીઓની ધરપકડ કરી છે, અને બાકીના શકમંદોની શોધખોળ ચાલુ કરી છે. બીજી બાજુ પોલીસે આરોપીઓમાં ડરનો માહોલ ઉભો થાય અને રહીશોને સુરક્ષાની અનુભુતિ થાય તે માટે આરોપીઓનું ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન કર્યુ હતું. ફ્લેટના સ્થાનિકોએ જણાવ્યું કે, ગઈકાલે રાત્રે તેઓ પરિવાર, બાળકો અને વડીલો સાથે સોસાયટીના ગ્રાઉન્ડમાં શાંતિથી દિવાળી મનાવી રહ્યા હતા, ત્યારે કેટલાક છોકરાઓ તેમની તરફ ફટાકડા ફેંકી રહ્યા હતા. બે-ત્રણ વાર ના પાડવા છતાં તેઓ ન માન્યા અને અપશબ્દો ઉચ્ચારી મારામારી પર ઉતરી આવ્યા હતા. બાદમાં તેઓ 10થી 15 જણાને લઈને લાકડીઓ સાથે આવ્યા અને હુમલો કર્યો. થોડીવાર પછી આશરે 30 લોકો લાકડી, દંડા અને લોખંડની પાઈપો લઈને ફરી આવ્યા અને મહિલાઓ તથા બાળકો પર પથ્થરમારો કર્યો.

મુખ્યમંત્રીની રાજ્યના નાગરિકોને દીપાવલી પર્વ અને નૂતન વર્ષની શુભેચ્છાઓ



(એજન્સી) ગાંધીનગર | તા.09

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના સૌ નાગરિકો તથા વિશ્વભરમાં પથરાયેલા ગુજરાતી પરિવારોને દિવાળી અને વિક્રમ સંવત ૨૦૮૩ના નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી છે. આ નૂતન વર્ષે સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સંતોષ અને ઉત્તમ આરોગ્યનો પ્રકાશ પથરાય તથા દરેક પરિવારનું જીવન આનંદ અને ઉલ્લાસથી ભરપૂર બને તેવી અભ્યર્થના તેમણે વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ દિવાળી અને નવા વર્ષના શુભકામનાઓ પાઠવતા સંદેશમાં જણાવ્યું છે કે, વડાપ્રધાનશ્રીએ આપેલો વિકસિત ભારતનો સંકલ્પ સાત કરોડ ગુજરાતીઓની સામૂહિક ઊર્જા, આત્મનિર્ભરતા અને કૌશલ્યના બળે 'વિકસિત ગુજરાત'થી 'વિકસિત ભારત'ના સાકાર કરવા 'વી વિલ ડુ ઈટ'ના ધ્યેય સાથે આપણે તેમના નેતૃત્વમાં અગ્રેસર બનવું છે. દીપાવલીનું આ પર્વ માત્ર રોશનીનો ઉત્સવ નથી, પરંતુ આર્થિક સમૃદ્ધિ, સુશાસન, સુરક્ષા અને સામાજિક એકતાના નવા સંકલ્પો સાથે આગળ વધવાની પ્રેરણા આપતું પર્વ પણ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતની આજની વિકાસયાત્રાની બુલંદીના પાયામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૧થી શરૂ કરેલી સેવા અને સુશાસનની સતત અને અવિરત યાત્રા છે. 'સંકલ્પથી સિદ્ધિ'ના માર્ગે ચાલીને ગુજરાત વૈશ્વિક સ્તરે 'ગ્રોથ એન્જિન' તરીકે પ્રસ્થાપિત થયું છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના શાસનમંત્રને સાકાર કરીને રાજ્યમાં દરેક ક્ષેત્રે સર્વાંગી વિકાસનાં નવાં આયામો પાર પાડ્યાં છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના 'મિશન લાઈફ'ના મંત્રને આત્મસાત કરીને ગુજરાતે ગ્રીન ક્રેડિટ અને 'એક પેડ માં કે નામ ૩.૦' જેવા અભિયાનો દ્વારા પર્યાવરણ સંરક્ષણની દિશામાં નોંધપાત્ર કામગીરી કરી છે. કચ્છના રણથી લઈને ધોલેરા જેવા આધુનિક વિકાસ ક્ષેત્રોમાં વરસાદી પાણીના સંગ્રહ અને વૃક્ષારોપણના વિવિધ પ્રયોગો દ્વારા પર્યાવરણીય સંતુલન જાળવવાના પ્રયાસો થયા છે. આ અભિયાનોમાં રાજ્યની યુવા પેઢી પણ સક્રિય ભાગીદારીનો સંકલ્પ આ નવા વર્ષે લે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની વણથંભી વિકાસયાત્રાને તેજ ગતિએ આગળ ધપાવવાના દ્રઢ સંકલ્પ સાથે સૌ કોઈ વિક્રમ સંવતના નૂતન વર્ષે વિકાસ માર્ગે વધુ ગતિમય બને અને આત્મનિર્ભર ભારત માટે વિકસિત ગુજરાતના સંવાહક બને તેવી અંતરની શુભકામનાઓ પણ પાઠવી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહે અમદાવાદમાં ઈસ્કોન-સાણંદ એલિવેટેડ કોરિડોરનું લોકાર્પણ કર્યું

(એજન્સી) અમદાવાદ | તા.09

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અશ્વિતભાઈ શાહે અમદાવાદમાં ઈસ્કોન જંક્શનથી સાણંદ ફ્લાયઓવર સુધીના નવનિર્મિત ઈસ્કોન-સાણંદ એલિવેટેડ કોરિડોરનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અમદાવાદના મેયર શ્રી હિતેશભાઈ બારોટ, ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકર અને શ્રી બાબુભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. નૂતન વર્ષના આરંભ પૂર્વે ખુલ્લો મુકાયેલો આ ૬-લેન એલિવેટેડ કોરિડોર અમદાવાદના નાગરિકો અને વાહનચાલકો માટે એક ઉત્તમ ભેટ સાબિત થશે. સરખેજ-ગાંધીનગર હાઈવે પર સતત વધતા ટ્રાફિકના ભારણને હળવું કરવાના હેતુથી તૈયાર કરાયેલા આ કોરિડોરથી નાગરિકોને



ટ્રાફિક જામની ઝંઝટમાંથી કાયમી મુક્તિ મળશે તેમજ સમય અને ઈંધણની પણ મોટી બચત થશે. સરખેજથી ગાંધીનગર વચ્ચેનું જોડાણ હવે સંપૂર્ણપણે અવરોધમુક્ત અને સલામત બનશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરખેજ ગાંધીનગર હાઈવે (રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૧૪૭) પર કર્ણાવતી ક્લબ, પ્રહલાદનગર અને YMCA જેવા અત્યંત વ્યસ્ત જંક્શનો પરથી પસાર થતો આ કોરિડોર ટ્રાફિક પ્રવાહને સુગમ બનાવશે. મુસાફરીનો સમય ઘટવાની સાથે વ્હીકલ ઓપરેટિંગ કોસ્ટ (VOC)માં ઘટાડો થશે, જેથી આર્થિક લાભ થશે. આ ઉપરાંત રોડ સેફ્ટીની અદ્યતન જોગવાઈઓના કારણે અકસ્માતોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે અને હાઈવે મુસાફરી વધુ સુરક્ષિત બનશે. ભારત સરકારના માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા અંદાજિત ૪૬૪ કરોડના ખર્ચે તૈયાર થયેલ ૪.૦૩ કિલોમીટર લાંબો અને ૨૯.૮ મીટર પહોળો આ ૬-લેન એલિવેટેડ કોરિડોર મહત્વકાંક્ષી પ્રોજેક્ટ છે. જેમાં વાયાડક્ટ પોર્શન ૨૯૪૦ મીટર અને એપ્રોચની લંબાઈ ૧૦૯૦ મીટર છે.

અમિત શાહના હસ્તે અમદાવાદના ગોતા-સાયન્સ સિટી વિસ્તારમાં અત્યાધુનિક અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટરનું લોકાર્પણ

(એજન્સી) અમદાવાદ | તા.09

કેન્દ્રીય ગૃહ અને સહકારતા મંત્રી શ્રી અમિત શાહ દ્વારા ઉત્તર પશ્ચિમ ઝોનના ગોતા વોર્ડ અંતર્ગત સાયન્સ સિટી વિસ્તારમાં સ્થાનિક રહીશોને આરોગ્યલક્ષી મૂળભૂત પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુથી અદ્યતન અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ લોકાર્પણ સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.આ નવા અર્બન હેલ્થ સેન્ટરના નિર્માણથી આસપાસના ૧૭ જેટલા વિસ્તારોના આશરે ૮૦ હજાર લોકો સીધા લાભાન્વિત થશે, જેમાં સ્લમ વિસ્તારના ૪૬,૭૦૦ જેટલા નાગરિકોનો પણ વિશેષ સમાવેશ થાય છે. કુલ બે માળની આ હોસ્પિટલમાં ૨૦ જેટલા રૂમ બનાવવામાં આવ્યા છે અને ૪૦ જેટલા કુશળ કર્મચારીઓનો સ્ટાફ નાગરિકોની સેવામાં કાર્યરત રહેશે. આ



સેન્ટરમાં જનરલ ઓપીડી, માઈનર ઈમરજન્સી સેવા, ડોગ બાઈટની રસી, એન.સી.ડી. (NCD) સ્ક્રીનિંગ સેવા તેમજ બાળરોગ નિષ્ણાત ઓપીડી, વાયુવૃદ્ધની ઓપીડી, આંખ અને ચામડીના રોગોની સારવારની સુવિધા પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત શરદી, ખાંસી, તાવ, ઝાડા-ઉલટી, ડાયાબિટીસ અને બી.પી. જેવી બીમારીઓની સાથે બાળકો, સગર્ભાઓ તથા વૃદ્ધો માટે વિશેષ સપ્લીમેન્ટ્સ અને ફિઝિયોથેરાપી સેવાઓ પણ ઉપલબ્ધ કરાઈ છે. નાગરિકોને હોસ્પિટલ કક્ષાની સુવિધા સ્થાનિક સ્તરે જ મળી રહે તે માટે આ સેન્ટરમાં કુલ ૨૧ પ્રકારના લેબોરેટરી ટેસ્ટની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ સિવાય શાળા આરોગ્ય તપાસણી ટીમની હાજરી દ્વારા વિસ્તારમાં વિવિધ આરોગ્યલક્ષી કામગીરી તેમજ જન્મ-મરણ નોંધણી જેવી મહત્વપૂર્ણ સેવાઓ પણ આ જ કેન્દ્ર પરથી નાગરિકોને સરળતાથી પ્રાપ્ત થશે. આ લોકાર્પણ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી હિતેશ બારોટ, શ્રી પ્રેરકભાઈ શાહ સહિત વિવિધ મહાનુભાવો, સ્થાનિક જનપ્રતિનિધિઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સુરતમાં હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં દીપાવલી અને નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ યોજાયો

(એજન્સી) સુરત | તા.09

સુરત શહેરના મહારાજા અગ્રસેન ભવન ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં દીપાવલી અને વિક્રમ સંવત ૨૦૮૩ના નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર ગુજરાતના નાગરિકો તેમજ તહેવારોના દિવસોમાં પણ પરિવારથી દૂર રહીને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા કર્મયોગીઓને દીપાવલી અને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ આપણી પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરાના સંવર્ધન માટે તમામ વ્યવહારો અને લખાણોમાં 'વિક્રમ સંવત' કેલેન્ડરનો ઉપયોગ કરવા સૌને અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, અંગ્રેજી કેલેન્ડર પદ્ધતિની તુલનાએ આપણી પંચાંગ-કેલેન્ડર પદ્ધતિ ખગોળીય ગણતરીઓ, ઋતુઓ અને તિથિઓ સાથે જોડાયેલી અત્યંત વૈજ્ઞાનિક તથા સમૃદ્ધ વિરાસત છે. વર્ષો જૂની આ ગૌરવપૂર્ણ વૈજ્ઞાનિક વિરાસતને આવનારી પેઢી સુધી પહોંચાડવી એ આપણી સહુની સામૂહિક જવાબદારી છે. દિવાળી પર્વ દરમિયાન સામાન્ય નાગરિકો પરિવાર સાથે નિર્ભયતા અને આનંદથી તહેવાર ઉજવી શકે તે માટે સતત કાર્યરત રહેતા પોલીસ વિભાગ, મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વચ્છતાદૂતો, GSRTCના ડ્રાઈવર-કંડક્ટર અને ફાયર બ્રિગેડના જવાનોની સમર્પિત સેવાઓને તેમણે વિશેષરૂપે બિરદાવી હતી. રાત-દિવસ એક કરીને નાગરિકોની સુરક્ષા અને સુવિધા જાળવતા આ કર્મયોગીઓની નિષ્ઠા જ રાજ્યના વિકાસનું સાચું બળ છે તેમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યમાં જી.એસ.ટી.ની આવકમાં થયેલા સતત વધારા સાથે ગુજરાત ઝડપી વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. નવા વર્ષના પ્રારંભે ભૂતકાળના તમામ મતભેદો ભૂલીને, નવા ચોપડાની જેમ નવા સંબંધોની શરૂઆત કરી રાજ્યના જનકલ્યાણ અર્થે એક ટીમ તરીકે કાર્યરત રહેવા તેમણે આહવાન કર્યું હતું. વિશેષરૂપે પોલીસ સ્ટેશનો અને પોલીસ આવાસોના પરિસરને રાજ્યમાં સૌથી સ્વચ્છ, સુઘડ અને આદર્શ બનાવવા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. આ સ્નેહમિલન સમારોહમાં જિલ્લા કલેક્ટરશ્રી તેજસ પરમાર, મ્યુનિસિપલ કમિશનરશ્રી રાજકુમાર બેનીવાલ તથા પોલીસ કમિશનરશ્રી વાબાંગ ઝમીરે ઉપસ્થિત રહી તમામને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

અમદાવાદના જોધપુર વૉર્ડ ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ દ્વારા આધુનિક સુવિધાસભર પુસ્તકાલયનો પ્રારંભ

(એજન્સી) અમદાવાદ | તા.09

કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી અને ગાંધીનગર લોકસભાના સાંસદ શ્રી અમિત શાહના વરદ હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ



કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોન અંતર્ગત જોધપુર વોર્ડમાં તપસ બંગ્લોઝની બાજુમાં અંદાજે રૂ. ૧૫.૯૦ કરોડના ખર્ચે નવનિર્મિત આધુનિક 'નોલેજ હબ' (પુસ્તકાલય)નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ખાસ ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'નાણાકીય વર્ષ-૨૦૨૪-૨૫'ના અંદાજપત્ર અંતર્ગત નિર્માણ પામેલ આ નોલેજ હબનો મુખ્ય ઉદ્દેશ્ય આજના સાયન્સ અને ટેક્નોલોજીના યુગમાં યુવા વર્ગને રોજબરોજની નવીનતમ માહિતી પૂરી પાડવાનો તેમજ વિદ્યાર્થીઓની કૌશલ્યતામાં વધારો કરવાનો છે.આ આધુનિક નોલેજ હબ વિદ્યાર્થીઓને વિવિધ વિષયો પર સચોટ માહિતી પ્રદાન કરવા સાથે એકબીજા સાથે જ્ઞાનની આપ-લે કરવા અને સુરક્ષિત વાતાવરણમાં અભ્યાસ કરવા માટે એક સશક્ત પ્લેટફોર્મ પૂરું પાડશે. આજના ડિજિટલ યુગમાં પ્રોજેક્ટ્સ પર સંશોધન કરવા, લેખન અને ચિત્રકામ સંબંધિત સર્જનાત્મક કૌશલ્યો વિકસાવવા માટે આ પુસ્તકાલય સ્થાનિક વાચકો અને વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે.આ લોકાર્પણ સમારોહમાં અમદાવાદના મેયર શ્રી હિતેશ કાંતિલાલ બારોટ, ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેન ચિતરંજન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશ પટેલ, મ્યુનિસિપલ શાસક પક્ષના નેતા શ્રી જશુભાઈ ઠાકોર, મ્યુનિસિપલ શાસક પક્ષના દંડક શ્રી અતુલ એમ. મિશ્રા સહિત વિવિધ મહાનુભાવો, સ્થાનિક જનપ્રતિનિધિઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના હસ્તે

અમદાવાદમાં ₹૧૪૦૦ કરોડથી વધુના પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

ગુજરાતને ડિસેમ્બર ૨૦૨૮ સુધીમાં ડ્રગ્સ ફ્રી રાજ્ય બનાવવાની સામૂહિક જવાબદારી લેવા કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીનું આહ્વાન

તહેવારોની સીઝન અને નવા વર્ષ પૂર્વે અમદાવાદ શહેરના નાગરિકોને સુવિધા અને સમૃદ્ધિની અનન્ય ભેટ આપતા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ભારત સરકારના માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા ગાંધીનગર લોકસભા વિસ્તારમાં હાથ ધરાયેલા અંદાજિત રૂ. ૧૪૦૦ કરોડથી વધુના ૩૦ જેટલાં પ્રજાલક્ષી કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. વિવિધ જનકલ્યાણલક્ષી પ્રકલ્પોના લોકાર્પણ ખાતમુહૂર્ત પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશ પટેલ, શહેરી વિકાસ રાજ્ય મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલા, મેયર શ્રી હિતેશભાઈ બારોટ, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ અને દિનેશભાઈ મકવાણા, નિકોલના ધારાસભ્ય અને પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ વાડજ રામાપીરના ટેકરા સ્લમ વિસ્તારના નાગરિકો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણ પામેલા પાકા મકાનો સહિત ૯૦૦૦થી વધુ આવાસો અને ૧૬ દુકાનોનો કમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરી જરૂરિયાતમંદોને ઘરની ચાવીઓ અર્પણ કરી હતી. આ તકે એસ.જી. હાઈવે પર ટ્રાફિકની સમસ્યા હળવી કરતા અંદાજિત રૂ. ૪૬૪ કરોડના ખર્ચે તૈયાર થયેલા ઈસ્કોનથી સાણંદ ૬ લેન એલિવેટેડ કોરિડોરનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ અને રાજગીર વચ્ચે અનરિઝર્વ્ડ (બિન-આરક્ષિત) સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનનું સંચાલન

અમદાવાદ | છઠ પૂજાના તહેવાર દરમિયાન મુસાફરીને સરળ બનાવવા અને મુસાફરોની વધારાની ભીડને સંભાળવા માટે, પશ્ચિમ રેલવે અમદાવાદ અને રાજગીર સ્ટેશનો વચ્ચે એક અનરિઝર્વ્ડ (બિન-આરક્ષિત) સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવી રહી છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:ટ્રેન નં. 09427/09428 અમદાવાદ-રાજગીર અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન. ટ્રેન નં. 09427 અમદાવાદ-રાજગીર

પશ્ચિમ રેલવે
Western Railway

સ્પેશિયલ, 10 નવેમ્બર, 2026ના રોજ 00:55 કલાકે અમદાવાદથી ઉપડશે અને બીજા દિવસે 11:45 કલાકે રાજગીર પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નં. 09428 રાજગીર-અમદાવાદ સ્પેશિયલ, 11 નવેમ્બર, 2026ના રોજ 14:45 કલાકે રાજગીરથી ઉપડશે અને બીજા દિવસે 23:25 કલાકે અમદાવાદ પહોંચશે.બંને દિશાઓમાં, આ ટ્રેન નીચેના સ્ટેશનો પર રોકાશે: આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, હિંડોન સિટી, બયાના, ઈદગાહ આગ્રા, ટુન્ડલા, ગોવિંદપુરી, સુબેદારગંજ, પંડિત દીન દયાલ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પટના, પટના સાહિબ, બખ્તિયારપુર, બિહાર શરીફ અને નાલંદા.આ ટ્રેન સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ (બિન-આરક્ષિત) રહેશે.સ્ટેશનો પર રોકાણ, સમયપત્રક અને કોચની રચના (કોચ કમ્પોઝિશન) અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

IARC RESOLUTION REDEFINED

ઈન્ટરનેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની પ્રાઈવેટ લિમિટેડ

CIN નં.: U74999012002PIC117525 | E: iarc@iarc.co.in | W: www.iarc.co.in
કોર્પોરેટ ઓફિસ: A-601, 6ઠ્ઠો માળ, 215 એટ્રિયમ, અંધેરી-કુર્લા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-400093. રજિસ્ટર્ડ ઓફિસ: પ્લોટ નં. 246, બીજો માળ, ઓખલા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ફેઝ-III, નવી દિલ્હી-110020.

ઈ-હરાજી સહ વેચાણ માટે જાહેર સૂચના (પરિશિષ્ટ-IV A) (નિયમ 8(6))

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર સંપત્તિના વેચાણ માટેની વેચાણ સૂચના, જે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8(6) ની જોગવાઈ સાથે વાંચવામાં આવે છે.

આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલ ઉધારકર્તા(ઓ), જામીનદાર(ઓ) અને ગીરોકર્તા(ઓ)ને જાણ કરવામાં આવે છે કે, 'RETCO-10-TRUST' (ત્યારબાદ 'IARC' તરીકે ઓળખાશે) ના ટ્રસ્ટી તરીકે કાર્યરત 'ઈન્ટરનેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની પ્રાઈવેટ લિમિટેડ' (International Asset Reconstruction Company Private Limited) પાસે ગીરો મૂકવામાં આવેલી નીચે દર્શાવેલ સુરક્ષિત મિલકત (Secured Asset) - જેનો ભૌતિક કબજો IARC ના અધિકૃત અધિકારી (Authorised Officer - AO) દ્વારા લેવામાં આવ્યો છે - તેને IARC ના લેણાંની વસૂલાત માટે 'જેવી છે, જ્યાં છે' (AS IS WHERE IS), 'જેવી છે, જેવી સ્થિતિમાં છે' (AS IS WHAT IS), 'જે કંઈ પણ છે તે' (WHATEVER THERE IS) અને 'કોઈ પણ પ્રકારના દાવા કે જવાબદારી વિના' (WITHOUT RECOURSE) ના ધોરણે વેચવામાં આવશે. આ વેચાણ પ્રક્રિયા નીચે સહી કરનાર દ્વારા ઈ-હરાજી (e-auction) પ્લેટફોર્મ મારફતે હાથ ધરવામાં આવશે, જેની વિગતો વેબસાઈટ iarc.co.in પર ઉપલબ્ધ છે.

ઋણ લેનાર(ઓ) / સહ-ઋણ લેનાર(ઓ) / જામીનદાર(ઓ): રબારી ગીતાબેન અને રબારી બાબુભાઈ સાવાભાઈ

માગણી નોટિસની તારીખ અને રકમ: તારીખ: ૧૬-૦૪-૨૦૨૬ અને રૂ. ૫,૦૮,૫૪૭/- (અંકે રૂપિયા પાંચ લાખ આઠ હજાર પાંચસો સુડતાલીસ પૂરા), ૧૩/૦૪/૨૦૨૬ ની સ્થિતિએ.

સ્થાવર મિલકત/સુરક્ષિત મિલકતનું વર્ણન: ગામ વાયડ, તાલુકો સરસ્વતી, જિલ્લો પાટણ ખાતે આવેલી સ્થાવર રહેણાંક મિલકત (મિલકત નં. ૫૯, ઘર નં. ૧/૬૦), જેનું જમીન ક્ષેત્રફળ ૮૩.૬૧ ચોરસ મીટર છે અને તેના પર બાંધકામ આવેલું છે. તેની ચતુઃસીમા નીચે મુજબ છે: ઉત્તરમાં: બાબારભાઈ સાવાભાઈ રબારીનું ઘર, દક્ષિણમાં: રમેશભાઈ માલાભાઈ રબારીનું ઘર, પૂર્વમાં: રસ્તો, પશ્ચિમમાં: ઓદરભાઈ કલુભાઈ રબારીનું ઘર. (જેને હવે પછી 'સુરક્ષિત મિલકત' તરીકે ઓળખવામાં આવશે).

કબજો મેળવવાની તારીખ	આજના રોજ કુલ બાકી લેણાં	અનામત કિંમત	બાનાની રકમ (EMD)
26-09-2026	૦૫.૧૧.૨૦૨૬ ના રોજ રૂ. ૭,૦૩,૧૬૭.૫૭ (અંકે સાત લાખ ત્રણ હજાર એકસો સડસઠ રૂપિયા અને સત્તાવન પૈસા માત્ર)	રૂ. ૬,૦૮,૦૦૦/- (અંકે રૂપિયા છ લાખ આઠ હજાર પૂરા)	રૂ. ૬૦,૮૦૦/- (અંકે રૂપિયા સાઈઠ હજાર આઠસો પૂરા)

બોલીમાં વધારાની રકમ રૂ. ૧૦,૦૦૦/- (અંકે દસ હજાર રૂપિયા પૂરા)

સુરક્ષિત મિલકત (Secured Asset) ના નિરીક્ષણની તારીખ: 04/12/2026, સવારે 09:30 થી સાંજે 05:00 વાગ્યા સુધી; EMD જમા કરાવવાની અંતિમ તારીખ: 16-12-2026, સાંજે 05:00 વાગ્યા સુધી; ઈ-હરાજી (E-Auction) ની તારીખ/સમય: 17/12/2026, બપોરે 02:00 વાગ્યે.

રસ ધરાવતા પક્ષકારો વધુ વિગતો, સ્પષ્ટતાઓ મેળવવા અથવા પોતાની અરજી જમા કરાવવા માટે અધિકૃત અધિકારી (Authorised Officer) નો સંપર્ક કરી શકે છે. વેચાણની વિગતવાર નિયમાવલી અને શરતો માટે, કૃપા કરીને IARC ની વેબસાઈટ www.iarc.co.in પર આપેલી લિંક જુઓ. રસ ધરાવતા પક્ષકારો કોઈપણ સહાય માટે શ્રી ધર્મેન્દ્ર ચૌહાણ (મોબાઈલ નં. 7600762777), શ્રી કૌશિક બાગ (મોબાઈલ નં. 7019949040) અને શ્રી રંજન નાઈક (મોબાઈલ નં. 6362951653) નો પણ સંપર્ક કરી શકે છે.

સ્થળ: ગુજરાત
તારીખ: 10.11.2026

સહી/- અધિકૃત અધિકારી, ઈન્ટરનેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની પ્રાઈવેટ લિમિટેડ.
'ARC_RETCO-10 TRUST' ના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં કાર્યરત.

IndusInd Bank

ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડ
11મો માળ, ટાવર 1, વન વર્લ્ડ સેન્ટર, 841, સેનાપતિ બાપટ માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400013

પરિશિષ્ટ- IV-A [નિયમ 8 (6) ની પરંતુક જુઓ]
સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ સૂચના

'સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨' (SARFAESI Act, 2002) અને તેની સાથે 'સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨'ના નિયમ ૮(૬)ની જોગવાઈ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની હરાજી સૂચના. સામાન્ય જનતાને, અને ખાસ કરીને ઉધાર લેનાર(ઓ) તથા જામીનદાર(ઓ)ને આથી જાણ કરવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકત, જે સુરક્ષિત લેણદાર (Secured Creditor) પાસે ગીરો/ચાર્જ હેઠળ છે અને જેનો ભૌતિક કબજો 'ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડ' (IndusInd Bank Limited) ના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ કરવામાં આવશે. આ વેચાણ 'જેવી છે, જ્યાં છે' (As is where is), 'જેવી છે, તેવી છે' (As is what is) અને 'જે કંઈ પણ છે તે સ્થિતિમાં' (Whatever there is) ના ધોરણે કરવામાં આવશે. આ હરાજી તા. ૦૨-ડિસેમ્બર-૨૦૨૬ ના રોજ યોજાશે. આ કાર્યવાહી 'મહેશ ટ્રેડર્સ' (પ્રોપ્રાઈટર: મહેશભાઈ જી. ચૌહાણ) તથા જામીનદારો/ગીરોકર્તા શ્રી મહેશભાઈ જી. ચૌહાણ અને શ્રીમતી સુરજબેન મહેશભાઈ ચૌહાણ પાસેથી 'ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડ' (સુરક્ષિત લેણદાર) ના લેણાંની વસૂલાત માટે કરવામાં આવી રહી છે. તા. ૩૧-ઓક્ટોબર-૨૦૨૬ ની સ્થિતિએ, આ લેણાંની રકમ રૂ. ૨૯,૧૭,૧૩૦.૭૫ (અંકે રૂપિયા ઓગણત્રીસ લાખ સત્તર હજાર એકસો ત્રીસ અને પંચોતેર પૈસા) છે. અનામત કિંમત (Reserve Price) અને બયાનાની રકમ (Earnest Money Deposit) નીચે મુજબ છે. મિલકતનું નિરીક્ષણ નીચે દર્શાવેલ વિગતો મુજબ તા. ૨૭-નવેમ્બર-૨૦૨૬ ના રોજ કરી શકાશે.

સ્થાવર મિલકતનું વર્ણન

અ.નં.	સુરક્ષિત અસ્કયામતોનું વર્ણન	જાણીતા બોજા	અનામત કિંમત	EMD	નિરીક્ષણનો સમય
1	ગુજરાત રાજ્યના વડોદરા નોંધણી જિલ્લાના પાદરા પેટા-નોંધણી જિલ્લામાં, પાદરા (કસબા) ગામની સીમમાં આવેલી 'અક્ષર હાઈટ્સ' (Akshar Heights) નામની યોજનામાં, NA (બિન-ખેતી) જમીન પર બાંધવામાં આવેલી સ્થાવર મિલકત; જેમાં ટાવર નં. ૦૧ (નકશા મુજબ - સ્થળ પર ટાવર A1 અને A2 તરીકે ઓળખાય છે) ના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી ૧૬૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળ ધરાવતી દુકાન નં. ૦૯ નો સમાવેશ થાય છે. આ મિલકત રેવન્યુ સર્વે નં. ૯૮૬, ૯૮૭ અને ૯૯૩/૧ (જે TP સ્કીમ નં. ૦૨ હેઠળ FP નં. ૧૯ છે અને તેનું કુલ ક્ષેત્રફળ ૧૨૩૧૧.૦૦ ચોરસ મીટર છે) પર સ્થિત છે. તેની ચારે બાજુની હદ આ મુજબ છે: પૂર્વમાં - ટાવર નં. ૨ નું પાર્કિંગ, પશ્ચિમમાં - ૧૮.૦૦ મીટર પહોળો રસ્તો, ઉત્તરમાં - દુકાન નં. GF/10, અને દક્ષિણમાં - દુકાન નં. ૦૮.	શૂન્ય	રૂ. ૧૪.૬૦	રૂ. ૧.૪૬	૨૭-નવેમ્બર-૨૦૨૬ (સવારે ૧૧:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી)

વેચાણની વિગતવાર નિયમાવલી અને શરતો માટે, કૃપા કરીને સુરક્ષિત લેણદાર (Secured Creditor) ની વેબસાઈટ www.indusind.com અથવા સેવા પ્રદાતાની વેબસાઈટ www.bankeauctions.com પર આપેલી લિંક જુઓ. વધુ વિગતો માટે, કૃપા કરીને અધિકૃત અધિકારી (Authorised Officer) સુશ્રી અત્રેયી દાસ (Ms. Atreyi Das) નો 9601621197 / atreyi.das@indusind.com પર, અથવા બેંક અધિકારી શ્રી કમલ મિશ્રા (Mr. Kamal Mishra) નો 09819820760 / mishra.kamal@indusind.com પર સંપર્ક કરો.

સ્થળ: ગુજરાત
તારીખ: 10.11.2026

સહી/-
અધિકૃત અધિકારી

જાહેર નોટિસ

જિલ્લો અમદાવાદ, તાલુકો સિટી, સિટી સર્વે વોર્ડ ખાડિયા-૩, સિટી સર્વે નં. ૪૫૪, જે 'ઝરીવાલા બિલ્ડિંગ' માં આવેલ છે અને જે સિટી સર્વે નં. ૪૫૪, ૪૫૫, ૪૫૬ તથા ૪૫૭ ની જમીન પર બનેલ છે અને જેને મ્યુનિસિપલ સેન્સસ (એમ.સી.) નં. ૨૯-૨-૧ લાગુ પડે છે, તેના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ મિલકતના ભાગની સંબંધી જગ્યા હાલમાં સ્વર્ગસ્થ અશોકભાઈ બચુભાઈ અમીનના વારસદારો: (૧) નિપા, અશોકભાઈ અમીનની પત્ની (વિશ્વાસુ/વિધવા), (૨) મૈત્રિક અશોકભાઈ અમીનની માલિકી, કબજા અને ભોગવટામાં છે. તેઓ જણાવે છે કે અગાઉ તારીખ ૧૮-૦૭-૨૦૦૮ ના રોજ રજીસ્ટ્રેશન નં. ૪૩૨૫ થી કરવામાં આવેલ અસલ વેચાણ દસ્તાવેજ તેની અસલ પહોંચ સાથે ખોવાઈ ગયેલ છે, અને તેમણે અમારી પાસેથી ટાઈટલ ક્લિયરન્સ સર્ટિફિકેટની માગણી કરી છે. જો કોઈપણ વ્યક્તિનો ઉપરોક્ત મિલકતો સંબંધિત કોઈપણ પ્રકારનો હક, હિસ્સો, દાવો, ગીરો કે હિત હોય, તો તેમણે આ નોટિસ પ્રકાશીત થયાના ૫ (પાંચ) દિવસની અંદર નીચે આપેલા સરનામે રજીસ્ટર્ડ એ.ડી. દ્વારા દસ્તાવેજી પુરાવાની સાચી નકલો સાથે અમને લેખિતમાં જાણ કરવી.

દવે એસોસિએટ્સ
મિલિન વાય. દવે | શુભમ વાય. દવે | પી. એમ. દવે
એડવોકેટ્સ
સરનામું: ૫૦૮-૫૦૯, સુતારિયા કોમ્પ્લેક્સ, મહારાષ્ટ્ર સોસાયટી, એચ.સી.જી. હોસ્પિટલ પાછળ, મીઠાખળી, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬. ફોન નં.: ૯૯૨૪૧૨૩૨૩૪

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

સુરત અને અમદાવાદ મોખરે, રાજ્યભરમાં 62 લોકો દાઝ્યા

દિવાળીમાં આગના બનાવોમાં 565 ટકાનો તોતિંગ ઉછાળો



'112' અને '108' સેવાના આંકડા મુજબ, દિવાળીએ આગના બનાવોમાં 565.45%નો તોતિંગ વધારો થયો, કુલ 366 ઘટનાઓ નોંધાઈ.

(એજન્સી) સુરત | તા.09

દિવાળી પર્વ દરમિયાન રાજ્યભરમાં ઈમરજન્સી કેસોમાં મોટો વધારો નોંધાયો છે. '112' અને '108' સેવાના આંકડા મુજબ, દિવાળીએ આગના બનાવોમાં 565.45%નો તોતિંગ વધારો થયો, કુલ 366 ઘટનાઓ નોંધાઈ. જેમાં સુરત (82) અને અમદાવાદ (56) મોખરે રહ્યા. દાઝી જવાના 62 કેસ નોંધાયા હતા, જેમાં અમદાવાદમાં 13 લોકો દાઝ્યા હતા. વાહન અકસ્માતોમાં 87.49%નો ઉછાળો જોવા મળ્યો હતો. દિવાળી પર્વ દરમિયાન રાજ્યભરમાં આગ, ઝઘડા અને અકસ્માતોની ઈમરજન્સી ઘટનાઓમાં મોટો વધારો નોંધાયો છે. '112' અને '108' ઈમરજન્સી સેવા દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા પ્રમાણે, સામાન્ય દિવસોની સરખામણીએ દિવાળીના દિવસે આગ લાગવાના બનાવોમાં રેકોર્ડબ્રેક 565.45 ટકાનો તોતિંગ વધારો થયો છે. સમગ્ર રાજ્યમાં આગ સંબંધિત કુલ 366 ઘટનાઓ સામે આવી હતી, જેમાં સૌથી વધુ કેસ સુરત અને અમદાવાદમાં નોંધાયા છે. આ સિવાય દાઝી જવાના 62 કેસોમાં 108 એમ્બ્યુલન્સ દ્વારા ત્વરિત સારવાર અપાઈ હતી. 112 ઈમરજન્સી સેવા પર નોંધાયેલા 366 કેસમાં સુરત શહેર 82 ઘટનાઓ સાથે રાજ્યમાં પ્રથમ સ્થાને રહ્યું છે. જ્યારે અમદાવાદ શહેરમાં 56 અને રાજકોટ શહેરમાં 44 આગના બનાવો બન્યા હતા. આ ઉપરાંત સુરત ગ્રામ્યમાં 37, વડોદરા શહેરમાં 22, જામનગરમાં 14, ગાંધીનગર અને કચ્છ પૂર્વમાં 12-12, તેમજ અમદાવાદ ગ્રામ્યમાં 11 જગ્યાએ આગની ઘટનાઓ સામે આવી હતી. દિવાળી દરમિયાન ફટાકડા કે અન્ય કારણોસર દાઝી જવાના કુલ 62 ઈમરજન્સી કોલ 108 સેવાને મળ્યા હતા. જેમાં અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ 13 વ્યક્તિઓ દાઝી ગઈ હતી. સુરતમાં 12, કચ્છ અને રાજકોટમાં 5-5, ગાંધીનગર અને વડોદરામાં 4-4 દર્દીઓને ઈમરજન્સી સારવાર પૂરી પાડવામાં આવી હતી. આ સિવાય આણંદ, ભાવનગર, જામનગર, નર્મદા, તાપી અને વલસાડમાં 2-2 કેસ નોંધાયા હતા. 112 હેલ્પલાઈન પર સામાન્ય દિવસોમાં સરેરાશ 3,610 કોલ આવતા હોય છે, જેની સરખામણીએ દિવાળીએ 56.54 ટકાના વધારા સાથે 5,651 ઈમરજન્સી કોલ આવ્યા હતા.

ST એ 2400 એક્સ્ટ્રા બસો દોડાવી

દિવાળી પર્વે વતન જવા મુસાફરોનો ધસારો

(એજન્સી) વડોદરા | તા.09

દિવાળી પર્વ નિમિત્તે GSRTC દ્વારા રાજ્યભરમાં 2400 વધારાની બસો દોડાવી 8000 થી વધુ ટ્રીપ્સનું સંચાલન કરવામાં આવ્યું છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતના મુખ્ય શહેરોના બસ સ્ટેશનો પર ભારે ધસારો જોવા મળ્યો હતો. અમદાવાદ ડિવિઝનમાંથી જ 1800 વધારાની ટ્રીપ્સ સફળતાપૂર્વક સંચાલિત કરાઈ, જેનાથી હજારો મુસાફરોને વતન પહોંચવામાં સરળતા રહી. સૌરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય-પૂર્વ ગુજરાતના રૂટ પર વિશેષ ધ્યાન અપાયું હતું. દિવાળી અને બેસતા વર્ષના તહેવારોમાં પોતાના વતન જઈ પરિવાર સાથે રોશનીનો પર્વ મનાવવાની ઉત્સુકતા દરેક ગુજરાતીના દિલમાં હોય છે. લાખો પ્રવાસીઓની આ સફર સરળ અને સુવિધાજનક બની રહે તે માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્યભરમાં પરિવહનની વ્યવસ્થા કરવામાં આવી છે. નિગમ દ્વારા સામાન્ય અને નિયમિત શિડ્યુલ ઉપરાંત વધારાની અંદાજે 2400 જેટલી એક્સ્ટ્રા બસો રસ્તા પર ઉતારીને 8000 થી પણ વધુ ખાસ ટ્રીપ્સનું સંચાલન કરવામાં આવ્યું છે. તહેવારોના પગલે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિત રાજ્યના તમામ મુખ્ય સેન્ટ્રલ બસ સ્ટેશનો અને ડેપો પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. રાજ્યના સૌથી મોટા આર્થિક પાટનગર અમદાવાદમાંથી દિવાળીની રજાઓમાં લાખો નોકરિયાત અને વેપારી પરિવારો વતન તરફ પ્રયાણ કરતા હોય છે. પ્રવાસીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ ડિવિઝન દ્વારા 2 નવેમ્બરથી અત્યાર સુધીમાં 1800 વધારાની ટ્રીપનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું છે. આ વધારાના ફેરાઓને કારણે હજારો મુસાફરો કોઈપણ મુશ્કેલી વિના સમયસર પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચી શક્યા છે. રત્નકલાકારો અને ટેક્સટાઈલ ક્ષેત્ર સાથે જોડાયેલા લાખો પરિવારો વતન તરફ જઈ રહ્યા હોવાથી સુરતથી વિશેષ સંચાલન ગોઠવાયું છે. સુરતથી સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓ ઉપરાંત અમદાવાદ, રાજકોટ, વડોદરા, મહેસાણા, પાટણ અને પાલનપુર તરફ જવા માટે પણ વધારાની બસો ફાળવવામાં આવી છે. એસટી નિગમના સત્તાવાર અધિકારીઓના જણાવ્યા અનુસાર, માત્ર અગાઉથી નક્કી કરેલા શિડ્યુલ પર જ નિર્ભર રહેવાને બદલે જે-તે બસ સ્ટેન્ડ પર પ્રવાસીઓની સ્થિતિ જોઈને તાત્કાલિક નિર્ણય લેવામાં આવી રહ્યો છે. કોઈ ચોક્કસ રૂટ પર મુસાફરોની અણધારી ભીડ જોવા મળે તો તેમને અટવાવું ન પડે તે માટે ડેપો મેનેજરોને તાકીદે 'ઓન-ધ-સ્પોટ' વધારાની બસો દોડાવવાની સ્પષ્ટ સૂચના અને સત્તા સોંપવામાં આવી છે.

નર્મદા કાંઠે કોલસા આધારિત આ પ્રોજેક્ટ માટે પ્રાથમિક જાહેરનામું બહાર પડતાં વિકાસના દ્વાર ખુલ્યા

નર્મદા નદીના કાંઠે વીજ મથકનું નિર્માણ વડોદરા જિલ્લાનું સૌપ્રથમ થર્મલ પાવર સ્ટેશન શિનોરમાં તૈયાર થશે



(એજન્સી) વડોદરા | તા.09

વડોદરા જિલ્લામાં સૌપ્રથમ થર્મલ પાવર સ્ટેશન તૈયાર થવા પર સરકારે મંજૂરીની મહોર મારી દેતા હવે તે માટ ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવી છે. શિનોર તાલુકામાં નર્મદા કાંઠાના ત્રણ ગામોની કઈ જમીન સંપાદન થશે તે અંગેના પ્રાથમિક જાહેરનામાની પ્રસિધ્ધિ સાથે જ થર્મલ પાવર સ્ટેશન બનવાના દ્વાર પણ હવે ખુલ્લા થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે શિનોર તાલુકામાં સુરાશામળ, મિંઢોળ અને માંજરોલની જમીન સંપાદન કરી તેના વ્યાજબી વળતર, પુનર્વસન અને પુનઃ સ્થાપન માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.
ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લી. દ્વારા નર્મદા કાંઠે ૮૦૦ મેગાવોટની ક્ષમતાના બે યુનીટ એટલેકે કુલ ૧૬૦૦ મેગાવોટ વિજળી ઉત્પન્ન થાય તે માટે કોલસા આધારિત વિદ્યુત મથકની સ્થાપના કરવામાં આવશે.ગુજરાત સરકાર દ્વારા ત્રણે ગામોના ક્યાં સર્વે નંબરોની જમીન સંપાદન કરવામાં આવશે તે અંગેનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ છે. થર્મલ પાવર સ્ટેશન સ્થાપવા માટે શિનોર તાલુકાના સુરાશામળ ગામની ૧૭૦ હેક્ટરથી વધુ, મિંઢોળ ગામની ૧૭૩ હેક્ટરથી વધુ તેમજ માંજરોલ ગામની ૧૭૨ હેક્ટરથી વધુ મળી આશરે કુલ ૪૨૫ હેક્ટર જેટલી જમીનને સંપાદન કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યુ હતુ કે વર્ષ-૨૦૧૩ના કાયદા મુજબ જો કોઇ રાષ્ટ્રિય પ્રોજેક્ટ હોય તો તે જમીન વિસ્તારને સામાજીક અસર મુલ્યાંકન (એસઆઇએ)માંથી મુક્તિ આપવામાં આવે છે. શિનોર તાલુકાના ત્રણ ગામોને એસઆઇએમાંથી મુક્તિ આપતુ આ જાહેરનામું અગાઉ પ્રસિધ્ધ કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ લાંબા સમય પછી કલમ ૧૦(એ) મુજબનું અને હવે કલમ-૧૧ મુજબના જાહેરનામા પ્રસિધ્ધ કરાયા છે.

પાલીતાણામાં યુવક પર લોખંડના પાઇપ અને પથ્થરો વડે હુમલો

ભાવનગર: પાલીતાણાના ગરાજીયા રોડ ભીલવાસ ખાતે માવો ખાવા ઉભેલા 25 વર્ષીય રવિ સોલંકી પર જૂની બાઈક રિપેરિંગના ખર્ચના મુદ્દે 7 લોકોએ હુમલો કર્યો. લોખંડના પાઈપ અને પથ્થરોથી થયેલા હુમલામાં રવિ અને તેમને બચાવવા વચ્ચે પડેલી તેમની માતા લીલાબેન ઈજાગ્રસ્ત થયા હતા. તેમને સારવાર માટે ભાવનગરની સર.ટી. હોસ્પિટલ ખસેડાયા છે. પાલીતાણા ટાઉન પોલીસે 7 આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પાલીતાણાના ગરાજીયા રોડ પર આવેલા ભીલવાસ વિસ્તારમાં જૂની મોટરસાઇકલ અકસ્માત અને તેના સમારકામના ખર્ચ મુદ્દે થયેલી બોલાચાલીમાં એક યુવક પર લોખંડના પાઈપ અને પથ્થરોથી હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં યુવક અને તેને બચાવવા વચ્ચે પડેલી તેની માતાને ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે ભાવનગરની સર.ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. પાલીતાણા ટાઉન પોલીસ મથકે આ અંગે સાત આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.મળતી વિગત મુજબ, પાલીતાણાના ભીલવાસ ખાતે રહી ડોળી મજૂરી કરતા રવિભાઈ દિનેશભાઈ સોલંકી (ઉ.વ. ૨૫) શુક્રવારે સવારે સાડા દસ વાગ્યાના સુમારે વિનુભાઈની દુકાને માવો ખાવા માટે ઉભા હતા. તે દરમિયાન ત્યાં હાજર રવિ કિશનભાઈ ચુડાસમા પાસે રવિભાઈએ અગાઉ નીચે પાડી દીધેલી બાઈકના રિપેરિંગનો ખર્ચ માંગ્યો હતો. આ સાંભળી રવિ ચુડાસમા એકદમ ખીજાઈ ગયા હતા અને ગાળો આપી બાજુમાંથી લોખંડનો પાઇપ લાવી રવિભાઈ સોલંકીના માથાના ભાગે ઝીંકી દીધો હતો.તે જ સમયે રવિના સાથીદારો વિપુલ કિશનભાઈ, વિશાલ વિનુભાઈ, આકાશ વિનુભાઈ, સની વિનુભાઈ, વિનુ લાભુભાઈ અને આશાબેન વિનુભાઈ ચુડાસમા પણ ત્યાં આવી પહોંચ્યા હતા. તમામે ભેગા મળી રવિભાઈને ઢીકાપાટુનો માર મારી છૂટા પથ્થરોના ઘા માર્યા હતા. યુવકને વધુ મારથી બચાવવા વચ્ચે પડેલી તેની માતા લીલાબેન સાથે પણ આશાબેને મારામારી કરી હતી. આજુબાજુમાંથી લોકો એકઠા થઈ જતાં તમામ તમામે પોલીસ ફરિયાદ કરશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી ફરાર થઈ ગયા હતા.

વડોદરામાં ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનથી અકસ્માતો વધ્યા, ૧૦ મહિનામાં ૧૫૮ ના મોત

ટ્રાફિક નિયમનો ભંગ એટલેઅકસ્માતને આમંત્રણ

(એજન્સી) વડોદરા | તા.09

વડોદરામાં ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનથી અકસ્માતો વધ્યા છે, જેમાં ઓક્ટોબરના અંત સુધીમાં 488 અકસ્માતો નોંધાયા, જેમાંથી 155 જીવલેણ હતા અને 158 લોકોએ જીવ ગુમાવ્યા. ટ્રાફિક વિભાગે દંડ ઉપરાંત સ્કૂલ-કોલેજોમાં 148 જાગૃતિ કાર્યક્રમો યોજ્યા, જેમાં 94,475 લોકો જોડાયા. આ પ્રયાસોથી ગત વર્ષની સરખામણીમાં અકસ્માતોની સંખ્યા 561 થી ઘટીને 488 થઈ છે, જે સકારાત્મક સંકેત છે. રસ્તાઓ પર વાહનોની વધતી જતી સંખ્યાની સાથે ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતોનું પ્રમાણ પણ ગંભીર સ્તર પર પહોંચી ગયું છે. વાહનચાલકોની સુરક્ષા માટે બનાવવામાં આવેલા નિયમોનું વાહન ચાલકો દ્વારા જ ઉલ્લંઘન કરવામાં આવે છે. જેના કારણે દર વર્ષે અકસ્માતમાં લોકોને જીવ ગુમાવવાનો વારો આવતો હોય છે.ટ્રાફિક અવેરનેસ અંગે થયેલા કુલ ૧૪૮ કાર્યક્રમોની અસર ગત વર્ષની સરખામણીમાં અકસ્માતોની સંખ્યા ઘટી . વાહન ચાલકો ટ્રાફિક નિયમોને પોતાની સલામતી માટેનું કવચ માનવાને બદલે એક ઝંઝટ સમજે છે. આ માનસિકતાના કારણે દર વર્ષે હજારો લોકો પોતાના કીમતી જીવ ગુમાવે છે અને લાખો પરિવાર આઘાતમાં સરી પડે છે.ટ્રાફિક નિયમોનો અમલ નહીં કરતા વાહન ચાલકો માટે દંડ વસૂલવાનો નિયમ પણ બનાવવામાં આવ્યો છે. તેમછતાં રોડ ૫ ૨ વાહન ચાલકો ટ્રાફિક નિયમોનો ભંગ કરતા નજરે પડે છે. આ વર્ષે ઓક્ટોબર મહિનાના અંત સુધી વડોદરામાં



કુલ ૪૮૮ અકસ્માતો નોંધાયા છે. જે પૈકી ૧૫૫ અકસ્માતો જીવલેણ નીવડ્યા છે. જેમાં ૧૫૮ લોકોને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ટ્રાફિક વિભાગ અને પોલીસ તંત્ર વારંવાર સ્પષ્ટતા કરે છે કે, દંડ વસૂલવાનો હેતુ સરકારની કમાણી વધારવાનો નથી, પરંતુ નાગરિકોમાં શિસ્ત અને કાયદાનું પાલન કરવાની ટેવ પાડવાનો છે. દંડ વસૂલવાની કામગીરી છતાં લોકો દ્વારા ટ્રાફિક નિયમોનો અમલ નહીં કરવામાં આવતા પોલીસે છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક અવરનેસના કાર્યક્રમો સ્કૂલ અને કોલેજ સ્થળે શરૂ કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમોના કારણે શહેરમાં અકસ્માતની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. ગત વર્ષે ૫૬૧ અકસ્માતો થયાહતા. જે આ વર્ષે ઘટીને ૪૮૮ થઈ ગયા છે. આ વર્ષે પોલીસ દ્વારા અલગ - અલગ સ્થળે કુલ ૧૪૮ કાર્યક્રમો કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૬ કાર્યક્રમો પૂર્વ વિસ્તારમાં અને ૯૨ કાર્યક્રમો પશ્ચિમ વિભાગમાં કરવામાં આવ્યા છે.જેમાં બાળકો સહિત કુલ ૯૪,૪૭૫ લોકોએ ભાગ લીધો હતો.

કરિયાણા ગામે 100 વીઘા ગૌચર જમીનમાં ભાજપ અગ્રણીએ પેશકદમી કર્યાનો આક્ષેપ



(એજન્સી) બાબરા | તા.09

બાબરા તાલુકાના કરિયાણા ગામની અંદાજે રૂા.૨૦ કરોડની સરકારી ગૌચર જમીન પૈકી ૧૦૦ વીઘા જમીન પર પેશકદમી કરીને ખેતી કરવામાં આવતી હોવાના ગંભીર આક્ષેપ સાથે અમરેલી જિલ્લા પંચાયતની સિંચાઈ સમિતિના ચેરમેન એવા ભાજપ અગ્રણી સામે જિલ્લા કલેક્ટર સમક્ષ લેન્ડ ગ્રેબિંગ કાયદા હેઠળ કાર્યવાહી કરવાની લેખિત અરજી કરવામાં આવતા રાજકીય વર્તુળોમાં ઉહાપોહ મચી ગયો છે. બાબરા તાલુકાના કરિયાણા ગામની અંદાજે રૂા.૨૦ કરોડની સરકારી ગૌચર જમીન પૈકી ૧૦૦ વીઘા જમીન પર પેશકદમી કરીને ખેતી કરવામાં આવતી હોવાના ગંભીર આક્ષેપ સાથે અમરેલી જિલ્લા પંચાયતની સિંચાઈ સમિતિના ચેરમેન એવા ભાજપ અગ્રણી સામે જિલ્લા કલેક્ટર સમક્ષ લેન્ડ ગ્રેબિંગ કાયદા હેઠળ કાર્યવાહી કરવાની લેખિત અરજી કરવામાં આવતા રાજકીય વર્તુળોમાં ઉહાપોહ મચી ગયો છે. કરિયાણા ગામના ખોડાભાઈ મીઠાપરાએ ભાજપ અગ્રણી અમરશીભાઈ પ્રેમજીભાઈ વાઘેલા વિરૂધ્ધ કરેલી અરજીમાં આક્ષેપ કરતાં જણાવ્યું છે કે અહીં જૂના સર્વે નંબર ૨૮૯૮ પૈકી ૧, ખાતા નંબર ૨૮૦માં નોંધાયેલી ૨૦૪-૨૪-૬૧ હેક્ટર-આરે-ચોરસ મીટર જમીન ગૌચર તરીકે નોંધાયેલી છે. આ જમીનની જંત્રી કિંમત રૂા.૨૦ કરોડ જેવી થાય છે. ગામ પંચાયતના રેકર્ડમાં પણ ખાતા નંબર ૨૮૦ હેઠળ કરિયાણા ગ્રામ પંચાયત ગૌચર તરીકે જમીન નોંધાયેલી છે. આ ગૌચર જમીનના આશરે ૧૦૦ વીઘા વિસ્તારમાં રેકર્ડ સાથે ચેડાં કરી અને ગેરકાયદેસર રીતે કબજો જમાવી ખેતી કરવામાં આવી રહી છે. વધુમાં અરજદારે એવો પણ આક્ષેપ કર્યો છે કે ભાજપ અગ્રણી અમરશીભાઈ વાઘેલા રાજકીય હોદ્દો અને પ્રભાવ ધરાવતા હોવાથી રાજકીય ઓઠા હેઠળ દબાણ કરવામાં આવ્યું છે. રાજકીય વગના કારણે સ્થાનિક સ્તરે નિષ્પક્ષ તપાસ પ્રભાવિત થવાની આશંકા વ્યક્ત કરીને જિલ્લા કલેક્ટર પાસે સ્વતંત્ર અધિકારી મારફતે સ્થળ તપાસ અને સરકારી માપણી કરાવવાની માગ કરાઈ છે.

મહુવામાં રૂ.૨૩ લાખના સોયાબીન મહારાષ્ટ્ર મોકલવાનો માલ બારોબાર કુકાવાવ ઉતારી વિશ્વાસઘાત

(એજન્સી) મહુવા | તા.09

મહુવાના વેપારીના ૨૩ લાખથી વધુના સોયાબીન બારોબાર વેચી દેવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ધમત એન્ટરપ્રાઈઝે મહારાષ્ટ્રના ધુલે મોકલેલો 29,530 કિલો સોયાબીન ભરેલો ટ્રક રસ્તામાંથી ગાયબ થયો હતો. તપાસમાં ડ્રાઈવર મુકેશ રાઠોડ અને સાગરીતોએ કુકાવાવમાં માલ અન્ય વાહનોમાં ટ્રાન્સફર કરી વેચી દીધો હતો. મહુવા પોલીસે ટ્રક ડ્રાઈવર સહિત 4 સામે ગુનો દાખલ કર્યો છે. ભાવનગર - મહુવા માર્કેટિંગ યાર્ડના વેપારી સાથે રૂ.૨૩ લાખથી વધુની કિંમતના સોયાબીનનો માલ બારોબાર કરી વિશ્વાસઘાત કરવાની ગંભીર ઘટના સામે આવી છે. ધમત એન્ટરપ્રાઇઝના માલિક ધમત ચેતનભાઈ શાહે મહારાષ્ટ્રના ધુલે ખાતે ૨૯,૫૩૦ કિલો સોયાબીન (૬૩૫ કટ્ટા) મોકલવા માટે આર.કે. ટ્રાન્સપોર્ટ મારફતે ટ્રક (જીજે ૩૬ ટી - ૪૪૫૧) ભાડે રાખ્યો હતો. રૂ. ૬૧,૯૫૦ના નક્કી થયેલા ભાડામાંથી રૂ. ૩૦,૦૦૦ એડવાન્સ પણ ચૂકવવામાં આવ્યા હતા.ગત ૧ નવેમ્બરે માલ ભરીને નીકળેલો ટ્રક ધુલે પહોંચવાના બદલે રસ્તામાંથી જ ગાયબ થઈ ગયો હતો. શરૂઆતમાં મોબાઈલ ધારકે ગાડી સુરત પાસે ખરાબ થઈ હોવાનું બહાનું બતાવ્યું હતું, પરંતુ બાદમાં ફોન સ્વિચ ઓફ થઈ ગયો હતો. શંકા જતાં ટ્રાન્સપોર્ટરો દ્વારા તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ટ્રક ડ્રાઈવર મુકેશ દીલુભાઈ રાઠોડ અને તેના સાગરીતોએ આ સોયાબીન મહારાષ્ટ્ર લઈ જવાના બદલે અમરેલીથી આગળ કુકાવાવ ખાતે અન્ય વાહનોમાં ટ્રાન્સફર કરી બારોબાર વેચી માર્યો હતો.આ સમગ્ર કૌભાંડ અંગે મહુવા પોલીસ સ્ટેશનમાં મુકેશ રાઠોડ, હરેશ પરમાર અને બે મોબાઈલ નંબરના ધારકો સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને બી.એન.એસ.ની કલમ ૩૧૬(૪), ૩૧૬(૫) અને ૫૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

નવી કેન્ટીન પોલીસના કબજામાં, જૂની કેન્ટીન ફરી ધમધમશે

(એજન્સી) સુરત | તા.09

સુરત પાલિકાના સરથાણા સરથાણા નેચરપાર્કમાં મુલાકાતીઓ માટે બનાવાયેલી નવી કેન્ટીન શરૂ થાય તે પહેલાં જ પોલીસ સ્ટેશનને હંગામી ધોરણે ફાળવી દેવાતાં છેલ્લા દોઢ વર્ષથી ખાણીપીણીની સુવિધા બંધ છે. બે વખત ટેન્ડર પ્રક્રિયા નિષ્ફળ ગયા બાદ ત્રીજી વખત એજન્સી નક્કી થઈ હતી, પરંતુ જગ્યા પોલીસને ફાળવાતાં ટેન્ડર દફતરે કરવાની ફરજ પડી હતી. હવે દિવાળી વેકેશનમાં મુલાકાતીઓની ભીડને ધ્યાનમાં રાખીને પાલિકાએ મગરના પાંજરા પાસે આવેલી જૂની કેન્ટીન ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે.
સુરત સહિત દક્ષિણ ગુજરાતના લોકો માટે વેકેશન અને રજાઓમાં હોટ ડેસ્ટિનેશન પાલિકાનો સરથાણા નેચર પાર્ક બની જાય છે જોકે, છેલ્લા દોઢ વર્ષથી આ નેચર પાર્ક માં ખાણીપીણી માટે કેન્ટીન બંધ હાલતમાં હોવાથી મુલાકાતીઓને મુશ્કેલી નડતી હતી જે હવે દુર થવા જઈ રહી છે.
રથાણા નેચરપાર્કમાં મુલાકાતીઓની સુવિધા માટે મુખ્ય પ્રવેશદ્વાર પાસે આધુનિક કેન્ટીન બનાવવામાં આવી હતી. જોકે, આ કેન્ટીન શરૂ કરવા માટે બે વખત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, પરંતુ એજન્સીઓ લાયક ઠરી ન હોવાથી પ્રક્રિયા આગળ વધી શકી નહોતી. ત્રીજા પ્રયાસમાં એજન્સી લાયક ઠરતાં કેન્ટીન શરૂ થવાની આશા જાગી હતી. પરંતુ આ દરમિયાન મુખ્ય ગેટ પાસેની આ જગ્યા સરથાણા પોલીસ સ્ટેશનને હંગામી ધોરણે ફાળવી દેવામાં આવતાં ટેન્ડર પ્રક્રિયા દફતરે કરવાની ફરજ પડી હતી. પરિણામે છેલ્લા દોઢ વર્ષથી નેચરપાર્કમાં મુલાકાતીઓ માટે ખાણીપીણીની કોઈ વ્યવસ્થા રહી નથી.દિવાળી વેકેશન દરમિયાન નેચરપાર્કમાં મોટી સંખ્યામાં મુલાકાતીઓ ઉમટવાની શક્યતા હોવાથી પાલિકાએ હવે જૂની કેન્ટીન શરૂ કરવા ઉતાવળે કાર્યવાહી કરી છે. મગરના પાંજરા પાસે આવેલી જૂની કેન્ટીનના સંચાલન માટે ભાવપત્રકો મંગાવવામાં આવ્યાં હતાં. તેમાં ઈસ્ટ ઈન્ડિયા કોર્પોરેશનનું માસિક 3.55 લાખ રૂપિયાનું ભાવપત્રક મંજૂર કરાયું છે.નવા ઈજારામાં એવી શરત પણ રાખવામાં આવી છે કે, મુખ્ય ગેટ પાસેના ફૂડ પ્લાઝાનો કબજો સરથાણા પોલીસ સ્ટેશન દ્વારા પાલિકાને પરત સોંપવામાં ન આવે ત્યાં સુધી એજન્સી મગરના પાંજરા પાસે આવેલી જૂની કેન્ટીનનું સંચાલન કરશે. આમ, નવી કેન્ટીનનો કબજો પરત ન મળે ત્યાં સુધી જૂની કેન્ટીનના સહારે મુલાકાતીઓને ખાણીપીણીની સુવિધા પૂરી પાડવાનું આયોજન કરાયું છે.

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે- તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે.

વૃષભ : બ. વ. ઉ.

ઘરનું ટેન્શન તમને ગુસ્સે કરશે.તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેરેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે.

મિથુન : ક. છ. ઘ.

કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

કર્ક : ડ. હ.

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશો કોઈક તમને નુકસાન પહોંચાડવાની કોશિષ કરશે-કેટલીક મજબૂત શક્તિઓ તમારી વિરૂદ્ધ કામ કરી રહી છે.

સિંહ : મ. ટ.

તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જવળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે.

કન્યા : પ. ઠ. ણ.

આઉટડોર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો. કેમ કે તેનાથી તમારા માથા પરનો બોજ ઓછો થશે.

તુલા : ર. ત.

આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

વૃશ્ચિક : ન. ય.

કોઈ હાઈ-પ્રોફાઈલ વ્યક્તિને મળી ને નર્વસ થઈ તમારો આત્મવિશ્વાસ ખોઈ ન બેસતા.જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે.

ધન : ભ. ધ. ફ. ઢ.

તમને તમારા ટેન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે.

મકર : ખ. જ.

તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે.

કુંભ : ગ. સ. શ. ષ.

તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે.

મીન : દ.ચ. ઝ. થ.

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારા ઘરનું દ્રશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશે કે તમે કેવું સુંદર કામ કર્યું છે.

ફેક ઈ-ચલણની લિંક મોકલી વડોદરાની મહિલા એન્જિનિયર સાથે 4,58,312ની ચીટિંગ



(એજન્સી) વડોદરા | તા.09

ન્યુ સમા રોડ પર આવેલા શ્રી રેસિડેન્સી ખાતે રહેતા અને ગોરવા વિસ્તારની એલેમ્બિક સીટીમાં આવેલી બેક્ટેલ કંપનીના સીનિયર એન્જિનિયરે સાબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત 26 ઓક્ટોબર 2026 ના રોજ હું મારી ઓફિસે હતી, ત્યારે સવારના 11:09 વાગ્યાથી બપોરના 2:19 વાગ્યા દરમિયાન મારા મોબાઈલ પર 'AX-VAAHAN-S' સબસ્ક્રાઈબર ID પરથી ત્રણ અલગ-અલગ SMS આવ્યા હતા. જેમાં મારા વાહન નંબર GJ-06-RC-3894 પર નિયમોના ભંગ બદલ ઈ-ચલણ ફાળવવામાં આવ્યું હોવાનું અને લાઈસન્સ સસ્પેન્ડ કરવાની ભલામણ સાથે રકમ ભરવા અથવા RTO તથા કોર્ટમાં ખુલાસો કરવા માટે વેબલિંક મોકલવામાં આવી હતી. તે સમયે હું કામમાં વ્યસ્ત હોવાથી મેં લિંક પર ક્લિક કર્યું નહોતું. ત્યારબાદ 31 ઓક્ટોબરના રોજ મોડી રાત્રે મેં આ મેસેજ જોઈને તેમાં આપેલી વેબલિંક પર ક્લિક કર્યું હતું. લિંક ખોલતાં જ મારા ફોનમાં 'Mparivahan_NextGen.apk' નામની એક APK ફાઈલ ડાઉનલોડ થઈ હતી, જે મેં ઈન્સ્ટોલ કરીને જરૂરી તમામ પર્મિશન આપી દીધી હતી. સવારે આશરે 3:54 વાગ્યે મારા કેનેરા બેંક એકાઉન્ટનો UPI PIN જનરેટ કરવાનો OTP આવ્યો અને 03:59 વાગ્યે ખાતામાંથી 1 કપાઈ ગયો. ત્યારબાદ તુરંત જ બેંકિંગ વ્યવહારો અને OTP અંગેના આશરે 108 જેટલા SMS નો મારો ચાલ્યો હતો. ગત 4 નવેમ્બર 2026 ના રોજ મારા ICICI બેંક અને HDFC બેંકના ખાતામાંથી મારી જાણ બહાર ટ્રાન્ઝેક્શન્સ શરૂ થઈ ગયા હતા. બેંક તરફથી કન્ફર્મેશન માટે 5 વખત ફોન આવ્યા હતા, પરંતુ હું મીટિંગમાં હોવાથી ફોન ઉપાડી શકી નહોતી.

માડ એક્સપ્રેસ-વે બ્રિજ પરથી બાઇક સવાર દંપતી નીચે પટકાતા પતિનું મોત



(એજન્સી) સુરત | તા. 09

દિવાળીના દિવસે સુરતથી જૂનાગઢ જઈ રહેલા દંપતીને વડોદરા નજીક દુમાડ-એક્સપ્રેસ-વે બ્રિજ પર અકસ્માત નડ્યો હતો. બાઇકનું સંતુલન ગુમાવતા દંપતી નીચે પટકાયું. જેમાં પતિ અજીતકુમાર ડોંગરેનું ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું, જ્યારે પત્ની સંધ્યાબેનને ગંભીર ઈજા થતા સયાજી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. શહેર નજીક દુમાડથી એક્સપ્રેસ-વે તરફ જવાના બ્રિજ પરથી બાઇક સવાર દંપતી બાઇક પરથી નીચે પટકાયું હતું. દિવાળીના દિવસે અકસ્માતમાં પતિનું ઘટના સ્થળે જ કરૂણ મોત થયું હતું. જ્યારે પત્નીને ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના વતની અજીતકુમાર ડોંગરે અને તેમનાં પત્ની સંધ્યાબેન ડોંગરે સુરતમાં રહે છે અને ત્યાં પ્લાસ્ટિકની કંપનીમાં નોકરી કરે છે. સંધ્યાબેનના પિતા મૂળ મહારાષ્ટ્રના છે, પણ હાલમાં તેઓ જૂનાગઢના વંથલી ગામે રહે છે. દિવાળી હોઈ પિતાને મળવા માટે સંધ્યાબેન તેમના પતિ સાથે બાઇક પર સુરતથી જૂનાગઢ જવા નીકળ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન એવી વિગતો જાણવા મળી છે કે, દુમાડ ચોકડી પાસેથી નેશનલ હાઇવે પર જવાના બદલે અજીતકુમાર એક્સપ્રેસ-વે પરજવાના રસ્તા પર ચઢી ગયા હતા. તે રસ્તા પરના શાર્પ ટર્ન ધરાવતા બ્રિજ પર બાઇકનું સંતુલન નહીં રહેતા તેઓ નીચેના રસ્તે જવાને બદલે તેઓ ભૂલથી બ્રિજ પર ચડી ગયા હતા. સવારે બ્રિજ ચડતાંની સાથે જ આવેલા વળાંક પર ચાલકે બાઇક પરનો કાબૂ ગુમાવતાં દંપતી સીધું નીચે પટકાયું હતું. ત્યારબાદ તેઓ પર બાઇક પડતા દંપતીને ગંભીર ઈજા થઈ હતી. પતિનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. જ્યારે પત્નીને ગંભીર ઈજા થતા સારવાર માટે દાખલ કરાઈ છે.

જામનગર તાલુકાના ધૂડશિયા ગામની વાડીમાંથી વિદેશી દારૂ સાથે મધ્યપ્રદેશનો એક શ્રમિક ઝડપાયો

જામનગર : જામનગર તાલુકાના ધૂડશિયા ગામની સીમમાં આવેલી વાડીમાંથી પંચકોશી એ ડિવિઝન પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની આઠ બોટલ સાથે એક શ્રમિકને ઝડપી પાડ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ધૂડશિયા ગામની કોસરીયા સીમમાં આવેલી કમલેશભાઈ વલ્લભભાઈની વાડીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરમિયાન ત્યાંથી રાજુ ગણપતભાઈ રાવત (ઉ.વ.23), મૂળ રહે. કુળવત ગામ, અલીરાજપુર, મધ્યપ્રદેશ, હાલ ધૂડશિયા ગામ, વાડીમાં રહેતા, મળી આવ્યો હતો.

ક્વાર્ટરમાંથી રૂા.7.91 લાખના અંગ્રેજી દારૂ સાથે ચાર પકડાયા

(એજન્સી) રાજકોટ | તા.09

રાજકોટના પુષ્કરધામ રોડ પરથી ગાંધીગ્રામ-2 પોલીસે રૂ. 7.91 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. RMC આવાસ યોજનાના ક્વાર્ટરના રૂમમાંથી, કાર અને 3 ક્વાર્ટર નીચે રૂમમાંથી તેમજ કાર અને ત્રણ સ્કૂટરમાંથી રૂા.૭.૯૧ લાખના અંગ્રેજી દારૂના જથ્થા સાથે ગાંધીગ્રામ - ૨ પોલીસે આરોપી કાર ચાલક આફતાબ હમીદખાન પઠાણ (ઉ.વ. ૨૫, રહે. ધ્રાંગધ્રા), ૧૦ ક્વાર્ટર નંબર ૧૩૭૭ પાસે દરોડો પાડી એક સ્વીફ્ટ કાર અને ત્રણ સ્કૂટર સાથે ચારે'ય આરોપીઓને પકડી પાડયા હતા. તલાશી લેતાં કારમાંથી અંગ્રેજી દારૂની રૂા. ૮૬ હજારની કિંમતની ૪૮૦ બોટલ તેમજ ત્રણ સ્કૂટરમાંથી દારૂની ૩૮૪ બોટલ મળી આવી હતી. ચારે'યની પૂછપરછમાં બંધ ક્વાર્ટરમાંથી દારૂનો જથ્થો લઇ આવ્યાની કબૂલાત આપતાં ક્વાર્ટરમાં નીચે એક લોખંડનું ઢાંકણું ખોલીને જોતાં પોલીસ પણ ચોંકી ઊઠી હતી. તપાસ કરતાં જેમાં એક રૂમ બનાવેલો હતો. તેમાંથી અંગ્રેજી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે કાર ત્રણ સ્કૂટર અને રૂા.૭.૯૧ લાખની કિંમતની અંગ્રેજી દારૂની ૪૩૯૯ બોટલ મળી કુલ રૂા. ૧૫.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. બુટલેગર અમન જાકીરભાઇ પરમાર (રહે. આર.એમ.સી. ક્વાર્ટર, કેવલમ્ રેસીડેન્સી સામે)નું નામ ખુલતા શોધખોળ હાથ ધરી છે. પોલીસે ચારે'ય આરોપીઓની ધરપકડ કરી દોઢ દિવસના રિમાન્ડ મેળવી વધુ પૂછપરછ હાથ ધરી છે.



સ્કૂટરમાંથી દારૂની 4399 બોટલો મળી હતી. પોલીસે આફતાબ પઠાણ, આદિના મકરાણી, મુસ્તુફા મીરજા અને મોહન ટમટાને ઝડપી, કુલ રૂ. 15.50 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બુટલેગર અમન પરમારનું નામ ખુલતા શોધખોળ ચાલુ છે.પુષ્કરધામ મેઈન રોડ પર આવેલી કેવલમ્ સોસાયટીની સામે આર.એમ.સી. આવાસ યોજનાના આદિના ઇકબાલભાઇ મકરાણી (ઉ.વ. ૩૨, રહે. કે.જી.એમ. પાર્ક મોરબી), મુસ્તુફા ઇન્તીયાઝભાઇ મીરજા (ઉ.વ. ૨૧, રહે. રામનાથપરા) અને મોહન રમેશભાઇ ટમટા (ઉ.વ. ૨૨, રહે. કે.કે.વી. હોલ પાસ પલ પાન પ્લાઝા કોમ્પ્લેક્ષ)ને પકડી લીધા હતાં. પોલીસે બાતમીના આધારે આવાસ યોજના ક્વાર્ટરમાં બ્લોક નં.

લાલપુરના પડાણા વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય શ્રમિકનો કોઈ અગમ્ય કારણોસર પોતાની ઓરડીમાં ગળાફાંસો ખાઈ આપઘાત

જામનગર : જામનગરના પડાણા પાટિયા પાસે મારુતિ શો-રૂમની પાછળ આવેલી ડેલ્ટા કંપનીની ઓરડીમાં રહેતા બિહારના 26 વર્ષીય શ્રમિકે કોઈ અગમ્ય કારણોસર પોતાની જિંદગીનો અંત લાવવા માટે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.આ બનાવની વિગત એવી છે કે મૂળ બિહારના સીવાન જિલ્લાના વતની અને હાલ પડાણા પાટિયા પાસે ડેલ્ટા કંપનીની ઓરડીમાં રહેતા વિનીતકુમાર નાગેન્દ્રગીરી (ઉ.વ.26)એ ગત તા.7ના બપોરે 12:30 વાગ્યા પહેલાં કોઈ પણ સમયે પોતાની ઓરડીમાં પંખા સાથે ફાળિયું બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવ અંગે મેઘપર (પડાણા) પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે અકસ્માતે મૃત્યુ અંગે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જામનગરમાં ખોજા ગેઇટ વિસ્તારમાં રહેતા મુસ્લિમ બુઝુર્ગનો ગળાફાંસો ખાઈ આપઘાત

જામનગર : જામનગરના ખોજા ગેઇટ વિસ્તારમાં આવેલી ટીટોડી વાડીમાં રહેતા 66 વર્ષીય વૃદ્ધે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી ફેલાઈ છે.આ બનાવની વિગત મુજબ ખોજા ગેઇટ ટીટોડી વાડી વિસ્તારમાં રહેતા એહમદઅમીન હુશેનભાઈ આમરોલીયા (ઉ.વ. 66)ની પત્ની નૂરઝહાબેનનું વર્ષ 2019માં અવસાન થયું હતું. ત્યારબાદ તેમની પુત્રી શાહીનબેનનું પણ ગત તા. 19 જાન્યુઆરી, 2026ના રોજ અવસાન થયું હતું. પત્ની અને પુત્રીના વિયોગમાં તેઓ લાંબા સમયથી હતાશામાં રહેતા હતા અને એકલવાયું જીવન જીવતા હતા.

સોફ્ટવેરમાં ખોટી એન્ટ્રીઓ કરી

ખાનગી હોસ્પિટલમાં મહિલા કેશિયર દ્વારા રૂા. 5.20 લાખની ઉચાપત

રાજકોટ : કુવાડવા રોડ પરની સ્કંદ લાઈફ કેર હોસ્પિટલમાં રિસેપ્શનીસ્ટ કમ કેશિયર તરીકે નોકરી કરતી રિંકલ જીજ્ઞોશભાઈ ભાલુ (ઉ.વ.૩૧, રહે. ભગીરથ સોસાયટી શેરી નં. ૫, સંત કબીર રોડ)એ સોફ્ટવેરમાં ખોટી એન્ટ્રીઓ કરી રૂા. ૫.૨૦ લાખની ઉચાપત કર્યાની બી ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોધાઇ છે. જેના આધારે પોલીસે તપાસ આગળ ધપાવી છે. યુનિવર્સિટી રોડ પરના બાલાજી પાર્ક શેરી નં. ૩મા રહેતા ડો. હાર્દિક ગિરીશભાઈ સંઘાણી (ઉ.વ.૪૨)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે રિંકલ છેલ્લા ચાર વર્ષથી નોકરી કરે છે. દર્દીઓની ફીની રકમની એન્ટ્રી તેને સોફ્ટવેરમાં કરવાની હોય છે. હીસાબ તેના પત્ની શ્વેતાબેનને આપવાનો હોય છે. દર છ મહિને હોસ્પિટલનો હીસાબ વેરીફાઈ કરવામાં આવે છે. ગઇ તા. ૩૧ના રોજ મેનેજર દેવશીભાઈ બંધ્યા સાથે હીસાબ વેરીફાઈ કરતા હતા ત્યારે બેન્કમાં પાંચેક લાખ ઓછા જમા થયાનું જણાયું હતું. વધુ તપાસમાં ગઇ તા. ૧ એપ્રિલથી તા. ૩૧ ઓક્ટોબર સુધી રૂા. ૫.૨૦ લાખ બેન્કમાં જમા નહીં થયાની માહિતી મળી હતી. રિંકલ બે દિવસની રજા પરથી પરત આવતા તેને પૂછતા ગલ્લા તલ્લા શરૂ કર્યા હતાં.પરિણામે ૧૧૨માં કોલ કરતાં આખરે કબૂલાત કરી હતી કે રૂા. ૫.૨૦ લાખ અંગત ઉપયોગમાં લીધા છે. એટલું જ નહીં આ અંગે સોફ્ટવેરમાં ખોટી એન્ટ્રીઓ કરી હતી. જેથી આખરે તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.



ઘેટા-બકરાનું મારણ

જામનગરમાં દિવાળીની ભીડમાં પરિવારથી વિખૂટા પડેલા ચાર વર્ષના બાળકની વહારે આવી સિટી-એ ડિવિઝન પોલીસ

(એજન્સી) જામનગર | તા.09

જામનગર શહેરના બર્ધન ચોક વિસ્તારમાં દિવાળીના તહેવાર દરમિયાન ખરીદી વખતે પરિવારથી વિખૂટા પડેલા ચાર વર્ષના બાળકનો સિટી-એ ડિવિઝન પોલીસે પરિવાર સાથે મિલાપ કરાવ્યો હતો. પોલીસ ટીમે સતત ત્રણથી ચાર કલાક સુધી આસપાસના વિસ્તારોમાં તપાસ કરીને બાળકને શોધી કાઢી, માતાને સોંપ્યું હતું. સિટી-એ ડિવિઝન ની દરબારગઢ પોલીસ ચોકીના સ્ટાફને બર્ધન ચોક વિસ્તારમાં એક ચાર વર્ષનું બાળક એકલું મળી આવ્યું હોવાની માહિતી મળી હતી. પોલીસે બાળકને પોતાની દેખરેખ હેઠળ લઈ તેના પરિવારની શોધખોળ શરૂ કરી હતી. સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એમ.ડોડીયા ની સુચના થી દરબારગઢ પોલીસ ચોકીના પીએસઆઈ વી. આર.ગામેતી ના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે આસપાસના વિસ્તારો અને સોસાયટીઓમાં તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન રણજીતસાગર રોડ વિસ્તારમાં રહેતાં નિમલાબેન ભુરીયાનો ચાર વર્ષનો પુત્ર કાનજી રમતાં રમતાં પરિવાર થી વિખૂટો પડી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ એએસઆઈ ગોરધનભાઈ ચાવડા અને પો.હેડ.કોન્સ્ટેબલ તજનીજભાઈ પાંભરે બાળકને તેની માતાને સોંપી પરિવાર સાથે મિલાપ કરાવ્યો હતો. બાળક સુરક્ષિત પરત મળતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો અને સિટી-એ ડિવિઝન પોલીસ ટીમની કામગીરી બદલ આભાર વ્યક્ત કર્યો હતો.



છોટા ઉદેપુર: રોજકુવા દૂધ ડેરીમાં બોનસને લઈને વિવાદ, પરિવારવાદના આક્ષેપ સાથે ગ્રામજનોએ ડેરીને તાળાબંધી કરી



છોટા ઉદેપુર : છોટા ઉદેપુર જિલ્લાના રોજકુવા ગામે આવેલી દૂધ ડેરીમાં બોનસની વહેંચણીને લઈને વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. દૂધ ઉત્પાદકો અને પશુપાલકોને અપેક્ષા કરતાં માત્ર 7 ટકા જેટલું ઓછું બોનસ આપવામાં આવતા ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. આ વિવાદ માત્ર બોનસ પૂરતો સીમિત નથી, પરંતુ ડેરીના સંચાલકોની મનમાની અને પરિવારવાદ સામે પણ ગ્રામજનોએ મોરચો ખોલી દીધો છે.આસપાસના ગામોની સરખામણીમાં ઓછું બોનસનો આક્ષેપ ગ્રામજનોના જણાવ્યા મુજબ, દિવાળીના પાંચ દિવસ અગાઉ બોનસ ચૂકવવામાં આવતું હોય છે, પરંતુ આ વખતે બોનસના વિતરણમાં ભારે વિલંબ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, આસપાસનાં ગામોની દૂધ ડેરીઓમાં જ્યાં 15 ટકાથી વધુ બોનસ આપવામાં આવ્યું છે, ત્યાં રોજકુવા ડેરીમાં માત્ર 7 ટકા જ બોનસ જાહેર કરાતા પશુપાલકો ઠગાઈ થઈ હોવાનું અનુભવી રહ્યા છે. ડેરીના સંચાલકોએ દૂધ ઉત્પાદકોની કોઈ પણ પ્રકારની બેઠક કે પરામર્શ કર્યા વગર જ એકતરફી બોનસનું વિતરણ કરી દીધાનો ગંભીર આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.પરિવારવાદ સામે આક્રોશ અને ડેરીને તાળાબંધીરોજકુવા ગામના પશુપાલકોનો આક્ષેપ છે કે ડેરીના વહીવટ પર એક જ પરિવારના સભ્યોનું વર્ચસ્વ છે અને તેઓ મનમાની ચલાવી રહ્યા છે. આ અસંતોષને કારણે રોષે ભરાયેલા ગ્રામજનો અને પશુપાલકોએ એકઠા થઈને ડેરી સામે વિરોધ પ્રદર્શિત કર્યો હતો અને ડેરીને તાળાબંધી કરી દીધી હતી. ગ્રામજનોની સ્પષ્ટ માંગ છે કે ડેરીનો વહીવટ સંભાળતા આ પરિવારને હટાવીને નવા પ્રમુખ, મંત્રી અને પારદર્શક વહીવટી સમિતિની નિમણૂક કરવામાં આવે, તેમજ બોનસની રકમ અંગે સ્પષ્ટતા કરવામાં આવે.તહેવારોની સિઝનમાં જ દૂધ ઉત્પાદકોને ન્યાય ન મળતા શરૂ થયેલો આ વિવાદ હવે સ્થાનિક સહકારી ક્ષેત્રે ગરમાવો લાવી દીધો છે, ત્યારે આગામી સમયમાં સંચાલકો દ્વારા આ મામલે શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર રહેશે.

દિવાળી ટાણે 'ડોળી' પ્રગટાવીને વિરોધ, બોનસ કે ફેસ્ટિવલ એડવાન્સ ન ચૂકવાતા સફાઈ કામદારો 20 દિવસથી ઉપવાસ પર



ખંભાળિયા : દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં નગરપાલિકાના સફાઈ કામદારોએ બોનસ અને પડતર પ્રશ્નો મામલે આંદોલન ચાલુ રાખ્યું છે. દિવાળીના દિવસે પણ બોનસ ન મળતા, કામદારોએ પાલિકા કચેરી સામે પ્રતીકાત્મક હોળી પ્રગટાવી વિરોધ નોંધાવ્યો. 20 દિવસથી ચાલતા આંદોલન છતાં, તંત્ર દ્વારા કોઈ ઉકેલ ન આવતા, કામદારોએ આગામી સમયમાં સફાઈ કામગીરી સંપૂર્ણપણે બંધ કરવાની ચીમકી ઉચ્ચારી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં નગરપાલિકાના સફાઈ કામદારોના લાંબા સમયથી પડતર પ્રશ્નો અને ન્યાયી માંગણીઓ અંગે છેલ્લા આશરે 20 દિવસથી નગરપાલિકા કચેરી સામે ગાંધીચિંધ્યા માર્ગે પ્રતીક અને આમરણાંત ઉપવાસ આંદોલન ચાલી રહ્યું છે. આંદોલન છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર ઉકેલ ન લાવવામાં આવતાં કામદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.ગઈકાલે રવિવારે દિવાળીના પર્વ પર જ્યાં સમગ્ર નગર આનંદ અને ઉલ્લાસ સાથે રોશની અને ફટાકડા ફોડીને તહેવારોની ઉજવણી કરી રહ્યું હતું, ત્યારે આ સફાઈ કામદારો કફોડી હાલતમાં મુકાયા હતા. તંત્ર દ્વારા સરકારના નિયમો મુજબ જાહેર કરાયેલું બોનસ કે ફેસ્ટિવલ એડવાન્સ પણ સમયસર ન ચૂકવવામાં આવતાં, આ કામદારોએ દિવાળી જેવા હર્ષોલ્લાસના તહેવારે પણ ખુશી મનાવવાના બદલે નગરપાલિકા કચેરી સામે પ્રતીકાત્મક 'હોળી' પ્રગટાવીને તંત્ર સામે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

ખાસ નોંધનીય બાબત એ છે કે, નવરાત્રી અને દિવાળી જેવા મુખ્ય ધાર્મિક તહેવારો હોવા છતાં, આ હડતાલ દરમિયાન પણ સફાઈ કામદારોએ નાગરિકોને અસુવિધા ન થાય તે માટે પોતાની નૈતિક જવાબદારી નિભાવીને શહેરની સફાઈ વ્યવસ્થા સતત ચાલુ રાખી હતી. આમ છતાં, તંત્ર દ્વારા તેમની આ સંવેદનશીલતા અને ન્યાયી માંગણીઓની સતત ઉપેક્ષા કરવામાં આવી છે. દિવાળીના પર્વના દિવસો પૂર્ણ થતાં જ હવે સફાઈ કામદારો દ્વારા વધુ ઉગ્ર પગલાં લેવામાં આવ્યા છે. આગામી સમયમાં જો તેમની માંગણીઓનો સ્વીકાર નહીં થાય તો સમગ્ર શહેરમાં સફાઈ કામગીરી સંપૂર્ણપણે બંધ રાખવાનો મક્કમ નિર્ણય લેવામાં આવ્યો છે, જેના કારણે આગામી દિવસોમાં તંત્રની મુશ્કેલીઓ વધી શકે છે.

કાર કે બાઈક વીમામાં ઝીરો ડેપ કવર કેમ જરૂરી? સામાન્ય વીમા કરતા તેનો કેટલો ફાયદો

(એજન્સી) નવી દિલ્હી | તા 09

જ્યારે પણ કોઈ વ્યક્તિ નવી કાર કે બાઈક ખરીદે છે ત્યારે સૌથી પહેલાં તેનો ઈન્શ્યોરન્સ કરાવે છે. ઈન્શ્યોરન્સ કોઈપણ વાહન અને તેના માલિક માટે નાણાકીય સુરક્ષા કવચ તરીકે કામ કરે છે. અકસ્માત, ચોરી કે વાહનને થતા નુકસાનની સ્થિતિમાં નિયમ મુજબ વીમા કંપની આર્થિક સહાય પૂરી પાડે છે. જોકે, સામાન્ય વીમામાં ઘણીવાર ક્લેમ વખતે પૂરી રકમ મળતી નથી. આ સ્થિતિમાં સૌથી મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે 'ઝીરો ડેપ્રિશિયેશન કવર'.ઓટો એક્સપર્ટ્સ કાર અને બાઈક બંને માટે આ કવરને અત્યંત મહત્ત્વનું માને છે. વાહનોના મોંઘા સ્પેરપાર્ટ્સ અને અકસ્માત સમયે ખિસ્સા પર પડતા વધારાના ભારથી બચવા માટે લોકોમાં આ એડ-ઓન કવરની માંગ ઝડપથી વધી રહી છે.સામાન્ય ઈન્શ્યોરન્સમાં ઝીરો ડેપ્રિશિયેશન કવર સામેલ હોતું નથી. આવા સંજોગોમાં જ્યારે વાહનનો અકસ્માત થાય છે ત્યારે તેના પ્લાસ્ટિક, મેટલ, રબર અને ફાઈબર જેવા પાર્ટ્સને નુકસાન પહોંચે છે. સામાન્ય ઈન્શ્યોરન્સમાં વીમા કંપની તે પાર્ટ્સની જૂની ઘસારો ગણીને રકમ કાપી લે છે અને માત્ર બાકીના નાણાં ચૂકવે છે. પરિણામે, પાર્ટ્સ બદલવાનો કે રિપેરિંગનો મોટો ખર્ચ વાહન માલિકે પોતાના ખિસ્સામાંથી ભોગવવો પડે છે.આ સામાન્ય ઈન્શ્યોરન્સ પોલિસીમાં લેવામાં આવતો એક ખાસ 'એડ-ઓન કવર' છે. સામાન્ય બોલચાલમાં લોકો તેને 'નિલ ડેપ' અથવા 'બમ્પર-ટૂ-બમ્પર' કવર પણ કહે છે:જ્યારે તમે વાહન માટે ઝીરો ડેપ્રિશિયેશન કવર લીધેલું હોય છે, ત્યારે અકસ્માત સમયે વીમા કંપની બદલાયેલા પાર્ટ્સનો ઘસારો ધ્યાને લેતી નથી.પાર્ટ્સ કેટલા જૂના છે તે જોયા વિના કંપની ક્ષતિગ્રસ્ત પાર્ટ્સનું 100% વળતર ચૂકવે છે.આ કવરને કારણે અકસ્માતના સમારકામ વખતે વાહન માલિકને પોતાના ખિસ્સામાંથી પાર્ટ્સ માટે એક પણ રૂપિયો ચૂકવવો પડતો નથી.



સામાન્ય ઈન્શ્યોરન્સ અને ઝીરો ડેપ્રિશિયેશન વચ્ચેના મુખ્ય તફાવત

ડેપ્રિશિયેશનનો નિયમ: સામાન્ય ઈન્શ્યોરન્સમાં ક્લેમ વખતે વાહનના પાર્ટ્સ પર ઘસારો કાપીને આંશિક રકમ ચૂકવાય છે, જ્યારે ઝીરો ડેપ્રિશિયેશનમાં પાર્ટ્સના ઘસારા પેટે કોઈ કપાત થતી નથી અને 100% ખર્ચ વીમા કંપની ભોગવે છે. પ્લાસ્ટિક અને રબર પાર્ટ્સ: સામાન્ય વીમામાં પ્લાસ્ટિક, રબર અને નાયલોનના પાર્ટ્સ પર 50% સુધીની મોટી કપાત થાય છે, જ્યારે ઝીરો ડેપમાં ગ્લાસ, પ્લાસ્ટિક અને રબર સહિત તમામ પાર્ટ્સનું પૂરું વળતર મળે છે. મેટલ અને ફાઈબર પાર્ટ્સ: સામાન્ય પોલિસીમાં ફાઈબર પાર્ટ્સ પર 30% અને મેટલ પાર્ટ્સ પર વાહનની ઉંમર મુજબ 5%થી 50% સુધીનો કાપ મુકાય છે, જ્યારે ઝીરો ડેપમાં મેટલ અને ફાઈબર પાર્ટ્સ પર 0% કપાત રહે છે. ખિસ્સામાંથી થતો ખર્ચ: સામાન્ય ઈન્શ્યોરન્સમાં અકસ્માત બાદ રિપેરિંગનો મોટો હિસ્સો જાતે ચૂકવવો પડે છે, જ્યારે ઝીરો ડેપમાં ખિસ્સામાંથી થતો ખર્ચ લગભગ શૂન્ય રહે છે (માત્ર ફરજિયાત પ્રોસેસિંગ ફી ચૂકવવાની રહે છે).

પ્રીમિયમ: સામાન્ય ઈન્શ્યોરન્સનું પ્રીમિયમ સસ્તું હોય છે, જ્યારે ઝીરો ડેપ્રિશિયેશન એડ-ઓન લેવાથી પ્રીમિયમમાં અંદાજે 15%થી 20%નો વધારો થાય છે.

વાહનની વય મર્યાદા: સામાન્ય ઈન્શ્યોરન્સ ગમે તેટલા જૂના વાહન માટે મળી શકે છે, જ્યારે ઝીરો ડેપ સામાન્ય રીતે 5 વર્ષ સુધીના (અમુક કિસ્સામાં 7 વર્ષ સુધીના) નવા વાહનો માટે જ ઉપલબ્ધ હોય છે.

ક્લેમની સંખ્યા: સામાન્ય વીમામાં પોલિસી ગાળા દરમિયાન ગમે તેટલી વાર ક્લેમ કરી શકાય છે, જ્યારે અમુક કંપનીઓ ઝીરો ડેપ હેઠળ વર્ષમાં ક્લેમની સંખ્યા (જેમ કે 1 કે 2 વાર) મર્યાદિત રાખે છે.

ઝીરો ડેપ્રિશિયેશન કવર સંબંધિત મહત્ત્વની બાબતો

ક્યારે ઉમેરી શકાય?: નવું વાહન ખરીદતી વખતે અથવા વાર્ષિક પોલિસી રિન્યુ કરાવતી વખતે નિયમ મુજબ આ કવર ઉમેરી શકાય છે.ક્યા પાર્ટ્સ બાકાત રહે છે?: વાહનના ટાયર, ટ્યુબ અને બેટરી જેવા ઘટકો સામાન્ય રીતે ઝીરો ડેપ્રિશિયેશન કવરના દાયરા બહાર રહે છે.કોના માટે શ્રેષ્ઠ?: નવા વાહનચાલકો, નવી ખરીદેલી મોંઘી કાર કે સ્પોર્ટ્સ બાઈક અને 5 વર્ષથી ઓછી ઉંમર ધરાવતા વાહનો માટે આ કવર શ્રેષ્ઠ નાણાકીય સુરક્ષા પૂરું પાડે છે.

News Brief

AI જગતમાં ભૂકંપ: ચાઈનીઝ મહિલા જાસૂસ સાથે અફેર મુદ્દે Nvidia CEOના બચાવમાં ઉતર્યા ટ્રમ્પ



(એજન્સી) નવી દિલ્હી | તા 09

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે Nvidiaના CEO જેન્સન હુઆંગનો બચાવ કરતાં તેમને સન્માનિત વ્યક્તિ ગણાવ્યા છે. ચીનની એક બિઝનેસવુમન સાથે સંબંધો હોવાના અને તે મહિલા દ્વારા બેજિંગને માહિતી પહોંચાડવાના આરોપો વચ્ચે ટ્રમ્પે હુઆંગના કામની પ્રશંસા કરી છે. જો કે, તેમણે સ્પષ્ટ કર્યું કે આ આરોપો અંગે તેમણે હુઆંગ સાથે કોઈ વાતચીત કરી નથી. ટ્રમ્પે રવિવારે પત્રકારો સાથે વાતચીત દરમિયાન કહ્યું હતું કે, 'મેં આ મામલે તેમની સાથે વાત કરી નથી. હું એટલું જ જાણું છું કે તેઓ એક સારા વ્યક્તિ છે, પરંતુ શું ચાલી રહ્યું છે તે અંગે કંઈ કહી શકાય નહીં. મને આશા છે કે બધું બરાબર હશે. મને લાગે છે કે તેઓ એક સન્માનિત વ્યક્તિ છે. તેમણે આપણા દેશ માટે અદ્ભુત કામ કર્યું છે.'ચાઈનીસ બિઝનેસવુમન સાથે જેન્સન હુઆંગના નજીકના સંબંધો હોવાના મીડિયા અહેવાલ બાદ Nvidiaએ રવિવારે તપાસ શરૂ કરી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ મહિલા બેઈજિંગને માહિતી પહોંચાડતી હતી. આ મામલે હુઆંગ વિદેશી ગુપ્તચર એજન્સીના નિશાન પર હતા કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે. આ આરોપો અંગે ટ્રમ્પે કહ્યું હતું કે, "મને લાગે છે કે તેમની પાસે આ મામલે કોઈ સ્પષ્ટતા હશે. આપણે તેમની વાત પણ સાંભળવી જોઈએ."ટ્રમ્પ આવતા અઠવાડિયે એશિયાના પ્રવાસે જવાના છે. આ પ્રવાસમાં Nvidiaના CEO જેન્સન હુઆંગને સાથે લઈ જવા અંગે તેમને સવાલ કરવામાં આવ્યો હતો. તેના જવાબમાં ટ્રમ્પે કહ્યું, "મને ખબર નથી, પરંતુ હું ચોક્કસ તેમને સાથે લઈ જઈશ." ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે Nvidia અને ચીન વચ્ચેના સંબંધો તથા અમેરિકાની ટેક્નોલોજી અને રાષ્ટ્રીય સુરક્ષાને લગતા મુદ્દા ચર્ચામાં છે.

પેટ્રોલમાં ઈથેનોલ કેવી રીતે ભેળવવામાં આવે છે? ગાડીમાં કે પછી પેટ્રોલ પંપ પર જ?

(એજન્સી) નવી દિલ્હી | તા 09

કર્ણાટકમાં પેટ્રોલ પંપો પર નિર્ધારિત મર્યાદા કરતાં વધુ એટલે કે 31 ટકા સુધી ઈથેનોલ હોવાના વિવાદે જોર પકડ્યું છે. કર્ણાટક સરકાર આ મામલે પુરાવા સાથે અહેવાલ રજૂ કરવાની તૈયારી કરી રહી છે, ત્યારે મોટો સવાલ એ ઉભો થાય છે કે આખરે વાહનોમાં વપરાતા પેટ્રોલમાં ઈથેનોલ ક્યાં અને કેવી રીતે ભેળવવામાં આવે છે? શું પેટ્રોલ પંપના કર્મચારીઓ તેમાં ફેરફાર કરે છે કે પછી તે રિફાઈનરી સ્તરે જ નક્કી થાય છે? દેશમાં ઈથેનોલનું મિશ્રણ ક્યારેય પેટ્રોલ પંપ પર મેન્યુઅલી કરવામાં આવતું નથી. ઈન્ડિયન ઓઈલ (IOCL), ભારત પેટ્રોલિયમ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) જેવી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ઈથેનોલ ઉત્પાદક ડિસ્ટિલરીઓ પાસેથી ઈથેનોલ મેળવે છે. ત્યારબાદ આ ઈથેનોલને ઓઈલ કંપનીઓના નિયંત્રિત ડેપો અને ટર્મિનલ્સ પર પેટ્રોલ સાથે વૈજ્ઞાનિક પદ્ધતિથી ભેળવવામાં આવે છે. પંપ પર પહોંચતું ઈંધણ પહેલેથી જ મિશ્રિત હોય છે, અને ડીલરોની જવાબદારી માત્ર તેની ગુણવત્તા જાળવીને ગ્રાહકો સુધી પહોંચાડવાની હોય છે.પેટ્રોલિયમ મંત્રાલયના માર્ગદર્શિકા મુજબ, રિફાઈનરીઓ અને ડેપોમાં ઓટોમેટેડ કેલિબ્રેશન અને પ્રમાણસર સિસ્ટમનો ઉપયોગ થાય છે. આમાં 'ઈન-લાઈન મિશ્રણ' (પાઈપલાઈન દ્વારા સતત વહેતા પેટ્રોલમાં નિશ્ચિત માત્રા ઉમેરવી) અને 'સ્પ્લેશ બ્લેન્ડિંગ' (ટેન્કરમાં સીધું મિશ્રણ કરવું) જેવી તકનીકો વપરાય છે.

હાલમાં દેશમાં E20 ઈંધણ મંજૂર છે, જેનો અર્થ છે કે તેમાં આશરે 19 થી 21 ટકા ઈથેનોલ અને બાકીનું શુદ્ધ પેટ્રોલ હોય છે. સરકારે આયાતી ક્રૂડ ઓઈલ પરનું દબાણ ઘટાડવા અને ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા માટે આ ધોરણો અપનાવ્યા છે. તાજેતરના સરકારી ડેટા મુજબ, મોટાભાગના નમૂનાઓ નિર્ધારિત મર્યાદામાં જ હોવાનું જણાયું છે. ઈથેનોલ હાઈગ્રોસ્કોપિક હોવાથી તે પાણી શોષી લે છે, જેના કારણે સ્ટોરેજ ટેન્કોમાં પાણી કે કાંપ જમા ન થાય તેની વિશેષ કાળજી રાખવી પડે છે. ઓઈલ કંપનીઓની માર્ગદર્શિકા મુજબ ડેપો પર સમયાંતરે પાણી અને ઈથેનોલનું પ્રમાણ તપાસવામાં આવે છે. જો પ્રમાણમાં કોઈ અનિયમિતતા જણાય, તો તાત્કાલિક વેચાણ અટકાવી દેવામાં આવે છે. આમ, ડિસ્ટિલરીથી લઈને ડેપો અને અંતે પેટ્રોલ પંપ સુધીની આ સફરમાં ગુણવત્તા અને પારદર્શિતા જાળવવાના કડક નિયમોનું પાલન કરવામાં આવે છે.

ભારતમાં ₹70થી 100 અબજ ડોલરના રોકાણની તૈયારી

AIની રેસમાં ભારત બનશે ગ્લોબલ હબ? Ciena નો ભારતીય બાજરો કબજે કરવાનો પ્લાન!

(એજન્સી) નવી દિલ્હી | તા 09

ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો વ્યાપ વધી રહ્યો છે. ChatGPT જેવા AI ટૂલ્સ, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને ડેટા સેન્ટર્સના વધતા ઉપયોગને કારણે ઈન્ટરનેટ પર ડેટાની અવરજવર પણ ઝડપથી વધી રહી છે. આ બદલાવથી માત્ર AI કંપનીઓને જ નહીં, પરંતુ ડેટા પહોંચાડવા માટે જરૂરી નેટવર્ક અને ફાઈબર ટેક્નોલોજી બનાવતી કંપનીઓને પણ મોટો ફાયદો થવાની શક્યતા છે. આ તકને ધ્યાનમાં રાખીને અમેરિકાની નેટવર્કિંગ ટેક્નોલોજી કંપની સીએના (Ciena) ભારતમાં પોતાની હાજરી વધુ મજબૂત કરવા માગે છે. કંપની ભારતીય ટેલિકોમ ઓપરેટરો અને ડેટા સેન્ટર કંપનીઓ સાથેની ભાગીદારી વધારવાની તૈયારીમાં છે. કંપનીની ભારતમાં ડેટા સેન્ટર ક્ષેત્રમાં 70થી 100 અબજ ડોલરના રોકાણની યોજના પહેલેથી જ ચાલી રહી છે. આ ઉપરાંત લગભગ એટલી જ રકમના વધારાના રોકાણનાં વચનો પણ મળ્યાં છે. આ રોકાણથી ભારતમાં ડેટા સેન્ટરની ક્ષમતા આગામી વર્ષોમાં પાંચથી દસ ગણી વધી શકે છે અને તે આશરે 10 ગીગાવોટ સુધી પહોંચી શકે છે. આટલા મોટા વિસ્તરણ માટે માત્ર સર્વર અને ઈમારતો પૂરતાં નથી. એક ડેટા સેન્ટરમાંથી બીજા ડેટા સેન્ટર સુધી ઝડપથી અને સુરક્ષિત રીતે ડેટા પહોંચાડવા માટે નવા નેટવર્કની જરૂર પડશે. આ જ ક્ષેત્રમાં સીએના માટે મોટી તક ઊભી થઈ રહી છે.

તમારી પાસે પણ છે સ્માર્ટ કાર? માત્ર એક નાની ભૂલ અને તમારી કાર થઇ શકે હેક, બચવાના ઉપાયો

સ્માર્ટ કાર હેકિંગનું જોખમ વધી રહ્યું છે. સ્માર્ટ કી, OBD-II પોર્ટ અને કનેક્ટેડ એપ દ્વારા કાર નિશાન બની શકે છે. AIS ધોરણો અને કારને હેકર્સથી બચાવવાના ઉપાયો.

(એજન્સી) નવી દિલ્હી | તા 09

આજના સમયમાં મધ્યમ કદની ફેમિલી SUV માત્ર એક વાહન નથી રહી, પરંતુ તે વ્હીલ્સ પર ચાલતા કમ્પ્યુટર જેવી બની ગઈ છે. તેમાં 50 થી 100 ઈલેક્ટ્રોનિક કંટ્રોલ યુનિટ (ECU), કિલોમીટરો લાંબું CAN વાયરિંગ અને લાખો સોફ્ટવેર કોડ હોય છે. ઈન્ટરનેટ-કનેક્ટેડ મોડેમ દ્વારા આ કારો સતત કંપનીના સર્વર સાથે જોડાયેલી રહે છે, જેના કારણે સ્માર્ટફોન એપ દ્વારા એન્જિન શરૂ કરવું, AC ચાલુ કરવું કે દરવાજા લોક-અનલોક કરવા જેવી સુવિધાઓ શક્ય બને છે. પરંતુ, આ સ્માર્ટ સુવિધાઓ સાથે જ કાર હેક થવાનું જોખમ પણ નોંધપાત્ર રીતે વધી ગયું છે. હ્યુન્ડાઈ, ટાટા, મહિન્દ્રા અને સુઝુકી જેવી કંપનીઓની કનેક્ટેડ સિસ્ટમ્સમાં જો API સંવેદનશીલ હોય, તો હેકર્સ કારનું લોકેશન કે દરવાજા એક્સેસ કરવાનો પ્રયાસ કરી શકે છે. CAN વાયરિંગમાં છેડછાડ: હેડલાઈટ અથવા બમ્પર સેન્સરના વાયરિંગ દ્વારા નકલી સિગ્નલ મોકલીને કારના ઈમોબિલાઈઝરને નિશાન બનાવી શકાય છે.સ્માર્ટ કી સિગ્નલ ચોરી (રિલે અટકાયત): ચોરો ખાસ ઉપકરણોની મદદથી ઘરની અંદર રાખેલી સ્માર્ટ કીના સિગ્નલ પકડીને કારને અનલોક કરી શકે છે.

OBD-II પોર્ટનો દુરુપયોગ: ડેશબોર્ડ નીચે આવેલા આ પોર્ટ સાથે ખાસ ડિવાઈસ જોડીને નવી કી પ્રોગ્રામ કરવાનો ખતરો રહે છે.જોકે, ફિલ્મોની જેમ ચાલતી કારના સ્ટીયરિંગ કે બ્રેક્સ દૂરથી કંટ્રોલ કરવા સરળ નથી, કારણ કે આધુનિક કારોમાં અલગ ફાયરવોલ અને સુરક્ષા સિસ્ટમ્સ આપવામાં આવે છે. હાલમાં મુખ્ય ખતરો કાર ચોરી અને ડેટા પ્રાઈવસીનો છે.

તહેવારોમાં ખાંડ મોંઘી, ભારત દર વર્ષે કેટલી ખાંડનુ ઉત્પાદન કરે છે?

(એજન્સી) નવી દિલ્હી | તા 09

તહેવારોની સિઝનમાં માંગ અને પુરવઠા વચ્ચેના અસંતુલનને કારણે સામાન્ય જનતાના રસોડાનું બજેટ ગરમાયું છે. દેશના છૂટક બજારોમાં ખાંડનો સરેરાશ ભાવ વધીને પ્રતિ કિલો 59.50 ની આસપાસ પહોંચી ગયો છે, જ્યારે જથ્થાબંધ બજારમાં ભાવ 55.40 પ્રતિ કિલો આસપાસ છે. આ મોંઘવારી વચ્ચે એ સમજવું જરૂરી છે કે ભારત વૈશ્વિક સ્તરે ખાંડના ઉત્પાદનમાં કેવું સ્થાન ધરાવે છે અને તેની વાર્ષિક આવક-જાવક કેવા પ્રકારની છે.ભારત વૈશ્વિક સ્તરે ખાંડનો અગ્રણી ઉત્પાદક દેશ છે. દેશમાં દર વર્ષે સરેરાશ 30 થી 34 મિલિયન ટન (300 થી 340 લાખ ટન) ખાંડનું ઉત્પાદન થાય છે. જોકે, હવામાનની અનિયમિતતા અને શેરડીના રસમાંથી ઈથેનોલ બનાવવાના સરકારી લક્ષ્યાંકને કારણે આ આંકડામાં ફેરફાર થતો રહે છે. વર્ષ 2025-26 ની સીઝન માટે કુલ ખાંડનું ઉત્પાદન આશરે 30.6 મિલિયન ટન રહેવાનો અંદાજ છે. દેશના કુલ ખાંડ ઉત્પાદનમાં ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટક સૌથી મોટો ફાળો આપે છે.ઉત્પાદનની સાથે ભારત વિશ્વના સૌથી મોટા ગ્રાહક બજારોમાં પણ સામેલ છે. દેશનો સ્થાનિક વપરાશ વાર્ષિક આશરે 28 થી 29 મિલિયન ટનનો છે, જેમાં ઘરગથ્થુ વપરાશ ઉપરાંત હોટલ, રેસ્ટોરન્ટ, બેકરી અને ઠંડા પીણા બનાવતા મોટા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. બીજી તરફ, દેશની હરિયાળી ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે શેરડીના રસ અને મોલાસીસનો મોટો જથ્થો ઈથેનોલ ઉત્પાદન તરફ વાળવામાં આવી રહ્યો છે, જેના કારણે પરંપરાગત ખાંડની ઉપલબ્ધતા પર અસર પડી છે. એક સમય હતો જ્યારે ભારત વૈશ્વિક બજારમાં વાર્ષિક આશરે 6.8 મિલિયન ટન ખાંડની નિકાસ કરતું હતું. વર્ષ 2021-22 ની બમ્પર પાક સીઝનમાં તો દેશે રેકોર્ડ 10.98 મિલિયન ટન ખાંડની નિકાસ કરી હતી. પરંતુ, વર્તમાન સમયમાં કેન્દ્ર સરકાર સ્થાનિક બજારમાં ખાંડનો પૂરતો જથ્થો જાળવી રાખવા અને ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટે નિકાસ પર ખૂબ જ કડક નજર રાખી રહી છે અને મર્યાદિત નિકાસને જ મંજૂરી આપી રહી છે.

કેમ મોંઘું થઈ રહ્યું છે ઘી અને માખણ? ભાવ વધારાના 4 મુખ્ય કારણો

(એજન્સી) નવી દિલ્હી | તા 09

રસોડામાં વપરાતું ઘી અને માખણ દિવસે ને દિવસે મોંઘા થઈ રહ્યા છે. તહેવારોમાં મીઠાઈઓ બનાવવાથી લઈને રોજિંદા ખોરાક સુધી વપરાતા ઘીના ભાવ વધવાથી સામાન્ય લોકોના બજેટ પર સીધી અસર પડી રહી છે. અમૂલ જેવી દિગ્ગજ ડેરી કંપનીઓએ પણ તાજેતરમાં પોતાના ઘી અને માખણના ભાવ વધારી દીધા છે. દેશમાં દૂધનું ઉત્પાદન વધી રહ્યું હોવા છતાં ઘી અને માખણ કેમ મોંઘા થઈ રહ્યા છે તે પાછળ કેટલાક મુખ્ય વેપારી અને ટેકનિકલ કારણો જવાબદાર છે.ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) દ્વારા અમૂલ બ્રાન્ડ હેઠળ વેચાતા ગાયના ઘી અને માખણના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. 2 નવેમ્બર, 2026થી અમલમાં આવેલા નવા દર મુજબ, 1 લિટર અમૂલ ગાયના ઘીની કિંમત 695 થી વધીને 735 (40 નો વધારો) થઈ ગઈ છે. આ ઉપરાંત, 500 ગ્રામ ટેબલ બટરના પેકની કિંમત 310 થી વધીને 325 (15 નો વધારો) થઈ છે, જેની સીધી અસર ગ્રાહકોના ખિસ્સા પર પડી છે.સામાન્ય રીતે દેશમાં દૂધનું ઉત્પાદન વધે ત્યારે ડેરી પ્રોડક્ટ્સના ભાવ સ્થિર રહેતા હોય છે. વર્ષ ૨૦૧૬માં ભારતમાં દૂધનું ઉત્પાદન ૧૬૫.૧ મિલિયન ટન હતું, જે 2025 સુધીમાં વધીને 216.5 મિલિયન ટન થવાનો અંદાજ છે. આમ છતાં, ડેરી કંપનીઓ દૂધમાં રહેલી ચરબી (Fat) ની અછતનો સામનો કરી રહી છે. ઘી અને માખણ બનાવવા માટે પૂરતી ચરબી જરૂરી હોય છે, પરંતુ દૂધનું ઉત્પાદન વધવા છતાં તેમાં ફેટનું પ્રમાણ ઓછું મળતું હોવાથી કંપનીઓ માટે ઉત્પાદન ખર્ચ વધી રહ્યો છે.ઓક્ટોબર 2023 થી ઓક્ટોબર 2026 વચ્ચેના ત્રણ વર્ષના સમયગાળામાં ડેરી સ્તરે માખણના સરેરાશ ભાવ 348 પ્રતિ કિલોથી વધીને 537 પ્રતિ કિલો થઈ ગયા છે, જે આશરે 54.3 ટકાનો મોટો ઉછાળો દર્શાવે છે. આ જ સમયગાળા દરમિયાન સ્કિમ્ડ મિલ્ક પાવડર (SMP) ના ભાવ 250થી વધીને 295 પ્રતિ કિલો થયા છે, જેમાં આશરે 18 ટકાનો વધારો નોંધાયો છે.22 સપ્ટેમ્બર, 2025થી ઘી, માખણ અને પનીર પરનો GST દર 12% થી ઘટાડીને ૫% કરવામાં આવ્યો હતો, જ્યારે આઈસ્ક્રીમ પરનો GST 18% થી ઘટાડીને 5% કરાયો હતો. GST ઘટવાને કારણે આ ડેરી પ્રોડક્ટ્સ સસ્તા થતાં જ બજારમાં તેમની માંગમાં અભૂતપૂર્વ ઉછાળો આવ્યો હતો.

મજબૂતીમાં સાત મહિનાની ટોચે

વિદેશી રોકાણકારોની વાપસી થતાં જ ડૉલર સામે રૂપિયાની મોટી છલાંગ

(એજન્સી) નવી દિલ્હી | તા 09

વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવેલી સતત વેચવાલી અને આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવોને કારણે છેલ્લા કેટલાક મહિનાઓથી ભારતીય રૂપિયો ભારે દબાણ હેઠળ રહ્યો હતો. દિવાળીના પાવન તહેવાર બાદ આજે ભારતીય ચલણમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. કાચા તેલના ઘટતા ભાવો અને ભારતીય શેરબજારમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs)ની ધમાકેદાર વાપસીના પગલે રૂપિયો શરૂઆતના કારોબારમાં જ યુએસ ડૉલર સામે 7 મહિનાના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો છે.શરૂઆતના ટ્રેડિંગ સેશનમાં રૂપિયો 28 પૈસાના વધારા સાથે અમેરિકન ડૉલર સામે 93.70ના સ્તરે પહોંચ્યો હતો, જે અગાઉના ટ્રેડિંગ સેશનમાં 93.98ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સપ્તાહે પણ રૂપિયામાં ડૉલર સામે 1%થી વધુનો મજબૂત ઉછાળો નોંધાયો હતો.એક અહેવાલ મુજબ, આગામી દિવસોમાં ક્રૂડ ઓઈલના ભાવ, FII ઈનફ્લો, ડૉલર ઈન્ડેક્સ અને વૈશ્વિક બજારના સંકેતો પરથી રૂપિયાની દિશા નક્કી થશે:ગત સપ્તાહે વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાં $4 અબજથી વધુ મૂલ્યના શેર ખરીદ્યા હતા.સ્ટોક એક્સચેન્જના સત્તાવાર આંકડા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ શુક્રવારના એક જ સત્રમાં નેટ 13,749.82 કરોડના શેરની જંગી ખરીદી કરી હતી.દક્ષિણ કોરિયા અને તાઈવાનના શેરબજારોમાં ઘટાડો નોંધાતાં વૈશ્વિક રોકાણકારોએ ત્યાંથી ભંડોળ ઉપાડીને ભારતીય ઈક્વિટી બજારોમાં વાળ્યું છે, જેના કારણે ભારતીય ચલણને મોટો ટેકો મળ્યો છે.અમેરિકામાં તાજેતરમાં યોજાયેલી મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીની બહુમતી મળ્યા બાદ યુએસ અને એશિયન માર્કેટમાં ટેક શેરો પર દબાણ વધ્યું છે, જેણે વૈશ્વિક ફંડ્સને ભારત તરફ આકર્ષવામાં મદદ કરી છે.કાચા તેલની વૈશ્વિક કિંમતોમાં થયેલા મોટા ઘટાડાએ રૂપિયાની સ્થિરતામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ગયા અઠવાડિયે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં આશરે 20%નો તીવ્ર ઘટાડો નોંધાયો હતો,

જેના કારણે ભારતનું આયાત બિલ ઘટવાની આશા જાગી છે. ભારત પોતાની કુલ જરૂરિયાતનું લગભગ 90% કાચું તેલ વિદેશથી આયાત કરે છે. અમેરિકા અને ચીન પછી ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો ઓઈલ ઉપભોક્તા દેશ છે.બજારના આંકડા મુજબ, ક્રૂડ ઓઈલમાં પ્રતિ બેરલ $1નો વધારો થાય તો ભારતનું વાર્ષિક આયાત બિલ આશરે $2 અબજ વધી જાય છે, જે સીધું રૂપિયા પર નકારાત્મક દબાણ લાવે છે. હાલમાં બ્રેન્ટ ક્રૂડ 0.11%ના સામાન્ય ઘટાડા સાથે $98.21 પ્રતિ બેરલની આસપાસ ટ્રેડ થઈ રહ્યું છે.

બિટકોઈન | દિગ્ગજ રોબર્ટ કિયોસાકીની વધુ એક સલાહ

'ડરો નહીં, સોનું-ચાંદી અને બિટકોઈનની કિંમત તૂટતી હોય તો પણ ખરીદો...'

(એજન્સી) નવી દિલ્હી | તા 09

અમેરિકી શેરબજારમાં મચેલી ઉથલપાથલ અને છેલ્લા કેટલાક દિવસોમાં સોના-ચાંદીના ભાવમાં આવેલા કડાકાને લઈને ફેમસ પુસ્તક 'રિચ ડેડ પૂર ડેડ' (Rich Dad Poor Dad) ના લેખક રોબર્ટ



કિયોસાકીએ એક નવી પોસ્ટ કરી છે, જે સોશિયલ મીડિયા પર વાયુ વેગે વાઈરલ થઈ રહી છે. તેમાં તેમણે કહ્યું છે કે, મારા માટે ચિંતા કરવાની કોઈ વાત નથી, કારણ કે મેં કડાકા દરમિયાન વધુ સોનું, ચાંદી અને બિટકોઈન ખરીદી લીધા હતા. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, કિયોસાકી બજારના કડાકામાં ગોલ્ડ-સિલ્વર અને બિટકોઈનને ખરીદી માટે શ્રેષ્ઠ એસેટ ગણાવી રહ્યા છે. સૌથી પહેલાં એ જાણીએ કે બજારથી લઈને સોના-ચાંદીના ભાવમાં આખરે ચાલી શું રહ્યું છે. અમેરિકી શેરબજારમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી મિડટર્મ ચૂંટણી હારી જતાં ગત બુધવારે US Stock Market માં તેજી જોવા મળી હતી, જ્યારે આ તેજીની ગુરુવારે હવા ઊડી ગઈ અને AI રેગ્યુલેશનના કારણે અમેરિકી બજાર ક્રેશ થઈ ગયું હતું, જેનાથી રોકાણકારોના 270 લાખ કરોડ રૂપિયા એક જ ઝટકે સાફ થઈ ગયા હતા.બીજી બાજુ સોના-ચાંદીના ભાવમાં લાંબા સમયથી ઘટાડાનો એવો સિલસિલો જોવા મળી રહ્યો હતો જે અટકવાનું નામ લેતો ન હતો. જોકે, ભારતમાં તહેવારોની ખરીદી વચ્ચે છેલ્લા બે દિવસમાં સોના-ચાંદીના ભાવમાં તેજી ચોક્કસ જોવા મળી છે. સ્પૉટ ગોલ્ડના લેટેસ્ટ રેટ જોઈએ તો તે ઘટાડા સાથે 4056 ડોલર પ્રતિ ઔંસના લેવલ પર ટ્રેડ થઈ રહ્યો છે. રોબર્ટ કિયોસાકીની વાઈરલ પોસ્ટ પર નજર નાખીએ તો ખ્યાલ આવશે કે તેમણે આના દ્વારા ફરી એકવાર સોના-ચાંદી અને બિટકોઈનને મુસીબતનો સહારો ગણાવ્યા છે, એટલે કે ખરાબ સમયમાં કમાણી કરાવી આપતી એસેટ્સ. 'રિચ ડેડ પૂર ડેડ'ના લેખકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોતાની પોસ્ટમાં લખ્યું કે, 'ચિંતા શા માટે કરવી? જ્યારે સોના, ચાંદી અને બિટકોઈનના ભાવ ગગડ્યા ત્યારે લોકો ગભરાઈ ગયા, પણ મેં વધુ ખરીદી લીધું.'પોતાની ખરીદી વિશે જણાવવાની સાથેસાથે કિયોસાકીએ તેની પાછળનું મોટું કારણ પણ જણાવ્યું છે કે આખરે શા માટે તેમણે સોના-ચાંદીના ભાવ ઘટવા પર ખરીદી કરી. લેખકના મતે, 'અસલી સમસ્યા વૈશ્વિક દેવાનું વધતું કદ છે, ખાસ કરીને અમેરિકાનું, આપણા નેતાઓની એ અક્ષમતા કે તેઓ એવા કામ નથી કરી શકતા જે ખરેખર કરવા જરૂરી છે. આપણી શિક્ષણ પ્રણાલી કે જે પૈસા વિશે કંઈ જ નથી શીખવતી અને કોઈ પણ 'ફિયાટ મની' (નકલી નાણાં)નો મૂળ હેતુ ફક્ત એવા લોકોની સંપત્તિ ચોરી લેવાનો છે જેઓ પૈસા માટે મહેનત કરે છે અને બદલામાં આ 'નકલી પૈસા' બચાવીને રાખે છે.'કિયોસાકી મોટાભાગે અમેરિકી ડોલરને નકલી ચલણ ગણાવે છે.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક સુદ - 02

વન મંત્રાલયની ઉદાસી

હુને જંગલ સફારી ગમે છે. ઘટાટોપ વનની વચ્ચે પૂરપાટ વહેતી નિર્મળ નદીના મીઠા નીરને કાંઠે એક રાત પસાર કરવી એ એક લ્હાવો છે. પરંતુ એ જંગલને ધબકતું કે જીવંત રાખવામાં મનુષ્ય નિષ્ક્રિય છે. લગભગ સાડા ચાર દાયકા પહેલાં, જ્યારે વિશ્વની સામે પર્યાવરણ એક નિકટવર્તી કટોકટી તરીકે ઉભરી રહ્યું હતું, ત્યારે ભારતમાં વન (સંરક્ષણ) અધિનિયમ-૧૯૮૦ લાગુ કરવામાં આવ્યો હતો. આજે પરિસ્થિતિ એનાથી વધુ વિકટ છે. વિકાસની અબૌદ્ધિક દોડ સામે હવે પર્યાવરણ ગાયબ થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં, પર્યાવરણને અનુકૂળ કાયદાઓથી કોઈ બચતું નથી તે સ્વાભાવિક છે. જંગલોનો પક્ષ લેનારી અને જંગલો વતી વકીલાત કરનારી એનજીઓ પણ ભારતમાં ક્વચિત જ બોલે છે. એનો અવાજ પણ શાસકો કે પ્રજાને સંભળાતો નથી, ભક્તો તો વિચારશૂન્ય છે અને બુદ્ધિજીવી તટસ્થ નાગરિકોનું જંગલો તરફ ધ્યાન જ નથી. એને કારણે વન સંરક્ષણ હવે વન સંભક્ષણ બની રહ્યું છે.

આને કારણે દેશના સમૃદ્ધ પ્રાકૃતિક સંપદા સમાન જંગલો હવે સરકારી છૂટછાટ ધરાવતા અધિનિયમોથી જોખમમાં મૂકાયા છે. અગાઉ લોકસભામાં ફોરેસ્ટ (સંરક્ષણ) સંશોધન બિલ ૨૦૨૩ પસાર કરવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ્ય વન (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૦માં નોંધપાત્ર ફેરફારો લાવવાનો છે. ભારતમાં જંગલોના રક્ષણ માટે આ એક મહત્વપૂર્ણ કેન્દ્રીય કાયદો છે. સંયુક્ત સંસદીય સમિતિએ આ કાયદા સાથે સંબંધિત સુધારાઓને મંજૂર કરી દીધા. સમિતિએ આ બિલમાં કોઈ ફેરફાર સૂચવ્યો નથી. એક અહેવાલ અનુસાર, આ અંગે આદિવાસીઓ દ્વારા દાખલ કરવામાં આવેલા વાંધાઓને સમિતિએ સંપૂર્ણપણે ફગાવી દીધા. અને એનો કોઈ વિવાદ પણ થયો નથી. સંયુક્ત સંસદીય સમિતિના અહેવાલમાં વન (સંરક્ષણ) અધિનિયમ --૧૯૮૦માં સુધારા માટેના પ્રસ્તાવિત બિલનું પહેલા તો કલમ-વાર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ ક્રમમાં, ભારત સરકારના ઓછામાં ઓછા ૧૦ મંત્રાલયો પાસેથી સૂચનો અથવા માહિતી મંગાવવામાં આવી હતી.

આ ઉપરાંત, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને તેલંગાણા જેવા રાજ્યોના નિષ્ણાતો, વ્યક્તિઓ અને જાહેર સંસ્થાઓ પાસેથી પણ વાંધા કે અભિપ્રાય માંગવામાં આવ્યા હતા. સંપૂર્ણ તપાસ બાદ સમિતિને પોતાની મનઘડંત રીતે જ જાણવા મળ્યું છે કે આ બિલને લઈને રાજકીય પક્ષો, સામાજિક સંગઠનો અને આદિવાસી કાર્યકર્તાઓ અને પત્રકારોની ચિંતાઓ પાયાવિહોણી છે. સમિતિની બધિરતાએ આ બિલને આગળ ધપવા માટેનો માર્ગ સિંગલ પટ્ટીમાંથી ફોરલેન કરી આપ્યો હતો. જો કે નેશનલ કમિશન ફોર શેડ્યુલ્ડ ટ્રાઈબ્સે ફોરેસ્ટ (સંરક્ષણ) એક્ટ-૧૯૮૦'માં સૂચિત સુધારાઓને આદિવાસીઓના હિત માટે ઘાતક ગણાવ્યા હતા, પરંતુ સમિતિએ એમાંય આપખુદી અભિગમ દાખવી કહ્યું કે અમને આવી કોઈ આશંકા માટે કોઈ આધાર મળ્યો નથી. સમિતિમાં સમાવિષ્ટ કેટલાક સાંસદોએ આ બિલની જોગવાઈઓ સામે વાંધો નોંધાવ્યો હતો, પરંતુ સમિતિનો અંતિમ અહેવાલ આ બિલને મંજૂરી આપનારો જ નીવડયો છે.

રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગના તત્કાલીન વડા હર્ષ ચૌહાણે અગાઉ આ બિલની પૂર્વ ભૂમિકા જેવા 'ફોરેસ્ટ કન્ઝર્વેશન રૂલ્સ-૨૦૨૨' સામે વાંધો ઉઠાવ્યો હતો પરંતુ એના પરિણામરૂપે ભારે દબાણ કરીને તેમને રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી હતી. તેમણે મેદાન છોડીને જવું પડયું. એમનો અવાજ સત્યનિષ્ઠ અને ક્રાન્તિકારી તથા મૂળ વનવાસીઓની તરફેણ કરનારો હતો. જ્યારે શાસક પક્ષે સંસદમાં મહત્ અંશે વિરોધ પક્ષોની દખલગીરી અટકાવી દીધી છે, ત્યારે તેણ ચર્ચા વિના સરકારી કામકાજ પણ ચાલુ રાખ્યું હતું. આશ્ચર્યજનક રીતે, બિલ સંસદમાં રજૂ થયા પછી, સરકારે તેને બંને ગૃહોના સભ્યોની બનેલી 'સંયુક્ત સંસદીય સમિતિ' પાસે મોકલ્યું. આ પણ, જ્યારે 'પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય' સંબંધિત તમામ મુદ્દાઓ માટે સંસદની 'સ્થાયી સમિતિ' પહેલેથી જ છે. સવાલ એ થાય છે કે પછી સરકારે તેની અવગણના કેમ કરી? સ્થાયી સમિતિના અધ્યક્ષ અને ભૂતપૂર્વ પર્યાવરણ મંત્રી જયરામ રમેશે આ પ્રક્રિયાને અભૂતપૂર્વ અને સ્થાયી સમિતિની જોગવાઈઓનું ઉલ્લંઘન ગણાવીને તેની સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો.આ બિલને પરિણામે આદિવાસીઓ પાસેથી જંગલ, આજીવિકા અને આવાસ છીનવી લેવાની અને દેશના જંગલોને વિનાશ તરફ દોરી જવાની સ્થિતિ આવશે. વનવાસીઓનું અકારણ સ્થાનાંતરણ, નદીઓ, ભૂગર્ભ જળ, માછીમારી, જંગલી પ્રાણીઓ અને પર્વતો, માટી અને પ્રકૃતિ જેવા દરેક અનેક સંસાધનોનો આ બિલને કારણે વિનાશ થશે.

નિરોણામાં દિવાળીની ખુશીઓ સાથે સેવાભાવની સુવાસ: એકતા સહારા સેવા ગ્રુપની દર વર્ષની સેવાકીય પરંપરા

સરપંચ નરોત્તમભાઈ આહીર, ગ્રામ પંચાયતના સભ્યો અને ગ્રુપના સભ્યોએ વાંઢા સમાજ સાથે દિવાળી ઉજવી; જરૂરિયાતમંદ પરિવારોને મીઠાઈનું વિતરણ કરી શિક્ષણ, સ્વચ્છતા અને વ્યસનમુક્તિનો સંદેશ આપ્યો.

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

દિવાળીના પાવન પર્વ નિમિત્તે નિરોણા ગામમાં એકતા સહારા સેવા ગ્રુપ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના સરપંચ નરોત્તમભાઈ આહીર, ગ્રામ પંચાયતના સભ્યો તેમજ એકતા સહારા સેવા ગ્રુપના સભ્યોએ વાંઢા સમાજના લોકો સાથે મળીને દિવાળીની ખુશીઓ વહેંચી હતી. આ પ્રસંગે નબળા અને જરૂરિયાતમંદ વર્ગના પરિવારોને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ગામના સરપંચ નરોત્તમભાઈ આહીરે જણાવ્યું હતું કે,



દિવાળીનો સાચો આનંદ ત્યારે જ છે જ્યારે સમાજના દરેક વર્ગના લોકો સાથે મળીને તહેવારની ખુશીઓ વહેંચે. સમાજમાંથી કુરિવાજો અને વ્યસન દૂર થાય, ગામમાં સ્વચ્છતા જળવાય તેમજ દરેક બાળક નિયમિત અને સમયસર શાળાએ જાય તે માટે વાલીઓએ ખાસ જાગૃત બનવાની જરૂર છે. શિક્ષણ જ બાળકોના ઉજ્જવળ ભવિષ્યનો પાયો છે.એકતા સહારા સેવા ગ્રુપ દ્વારા દર વર્ષે કરવામાં આવતું આ સેવાકાર્ય માત્ર મીઠાઈ વિતરણ પૂરતું સીમિત નથી, પરંતુ સમાજમાં માનવતા, ભાઈચારો, સામાજિક સમરસતા અને સેવાભાવની ભાવનાને પ્રોત્સાહન આપવાનો ઉમદા પ્રયાસ છે.

વાવ તાલુકાની લાલપુરા એટા ગ્રામ પંચાયત ખાતે કલેક્ટરશ્રી એમ.જે.દવેનું આકસ્મિક નિરીક્ષણ: રેકર્ડ અને હાજરીની સઘન ચકાસણી



માહિતી બ્યુરો, થરાદ | વાવ-થરાદ જિલ્લામાં છેવાડાના ગામો સુધી સરકારી સેવાઓ અને પંચાયતી વહીવટ પારદર્શક તથા સુચારુ રીતે ચાલે તે હેતુથી જિલ્લા કલેક્ટર શ્રી એમ.જે.દવે દ્વારા વાવ તાલુકાની લાલપુરા એટા ગ્રામ પંચાયત કચેરીની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. કલેક્ટરશ્રીની આ અચાનક મુલાકાતથી ગ્રામ્ય કક્ષાના વહીવટી તંત્રમાં સક્રિયતા જોવા મળી હતી. તેમણે પંચાયત ભવન ખાતે ઉપસ્થિત રહી ગ્રામજનોને મળતી પ્રાથમિક સુવિધાઓ, વિવિધ સરકારી યોજનાઓના અમલીકરણ અને પંચાયત દ્વારા ચાલતી કામગીરીની સ્થળ પર જ વિગતવાર માહિતી મેળવી હતી. મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ તલાટી-કમ-મંત્રી તેમજ રેવન્યુ તલાટીની દૈનિક કામગીરીની ઊંડાણપૂર્વક સમીક્ષા કરી હતી. તેમણે ગ્રામ પંચાયતના જન્મ-મરણ રજિસ્ટર, આકારણી રજિસ્ટર, રોકડમેળ સહિતના વિવિધ વહીવટી દફતરો તથા જમીન-મહેસૂલ સંબંધિત રેકર્ડ્સની ઝીણવટભરી ચકાસણી હાથ ધરી હતી. આ ઉપરાંત, ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા કર્મચારીઓની નિયમિત હાજરી અંગેના મસ્ટર રોલની તપાસ કરી કર્મચારીઓ સમયસર હાજર રહી પ્રજાલક્ષી કાર્યો કરે છે કે કેમ તેની ખાતરી કરી હતી.કલેક્ટર શ્રી એમ.જે.દવેએ તલાટી અને સંબંધિત સ્ટાફને જરૂરી માર્ગદર્શન અને સુધારાત્મક સૂચનો આપ્યા હતા. તેમણે રેકર્ડ્સ અદ્યતન રાખવા, અરજદારોના પેન્ડિંગ કામોનો સમયમર્યાદામાં નિકાલ કરવા અને ગ્રામજનોને પોતાના નાના-મોટા કામો માટે બિનજરૂરી ધક્કા ન ખાવા પડે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તાકીદ કરી હતી. છેવાડાના માનવી સુધી શાસનની કલ્યાણકારી યોજનાઓ પારદર્શક રીતે પહોંચાડવા વહીવટી તંત્ર કટિબદ્ધ બને તે દિશામાં તેમણે વિશેષ ભાર મૂક્યો હતો.

ખાંભા શહેરમાં શિકારની શોધમાં સિંહની લટાર, મહાદેવપરાની શેરીઓમાં મચી દોડધામ

શેરીમાં ઘૂસેલા સિંહે શ્વાનોમાં મચાવી નાસભાગ, પશુનો શિકાર કરી માણી મિજબાની; સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લામાં સિંહોની માનવ વસાહતોમાં અવરજવરનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે ખાંભા શહેરમાં શિકારની શોધમાં એક સિંહ ઘૂસી આવતાં સ્થાનિક લોકોમાં કુતૂહલ સાથે ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.ખાંભા શહેરના મહાદેવપરા વિસ્તારમાં મોડી રાત્રે એક સિંહ શેરીઓમાં આંટાફેરા કરતો જોવા મળ્યો હતો. સિંહ શેરીમાં પ્રવેશતાં જ આસપાસના



શ્વાનોમાં નાસભાગ મચી ગઈ હતી. આ દરમિયાન સિંહે એક પશુ પાછળ દોટ લગાવી હતી અને શિકાર કરી મિજબાની માણી હતી. શિકારની શોધમાં સિંહ શેરીઓમાં ફરતો હોવાની સમગ્ર ઘટના વિસ્તારના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જંગલ વિસ્તાર છોડીને શહેરની શેરીઓમાં સિંહના આંટાફેરાના સીસીટીવી ફૂટેજ હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે.શહેરની રહેણાંક શેરીઓમાં સિંહની અવરજવરને પગલે સ્થાનિકોમાં વન્યજીવ અને માનવ સુરક્ષાને લઈને ચિંતા જોવા મળી રહી છે.

તહેવારની રોશની વચ્ચે સેવાનો અખંડ દીવડો: દિવાળીના પર્વે જૂનાગઢ સિવિલ હોસ્પિટલના સ્ટાફે emergency માં આવેલા ૨૮૩ દર્દીઓની કરી રાત-દિવસ સારવાર

નરેન્દ્ર દવે જૂનાગઢ

જ્યારે આખું શહેર દીવડાઓના પ્રકાશ અને ફટાકડાના ધડાકાઓ સાથે દિવાળીની ખુશીઓ મનાવવામાં મગ્ન હતું, ત્યારે જૂનાગઢ સિવિલ હોસ્પિટલના ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ અને સેવકો પોતાની ખુશીઓ ભૂલીને માનવતાની સેવામાં ૨૪ કલાક ખડેપગે રહ્યા હતા. દિવાળીના પવિત્ર દિવસે હોસ્પિટલના તાત્કાલિક (ઈમરજન્સી) વિભાગમાં અવિરત સેવાઓ પ્રદાન કરીને હોસ્પિટલ પરિવારે સાબિત કરી દીધું કે તેમના માટે દર્દીઓની જિંદગી બચાવવી એ જ સાચી દિવાળી છે. ૨૪ કલાકમાં ૨૮૩ દર્દીઓ માટે સંજીવની બની હતી સિવિલ હોસ્પિટલ: દિવાળીના ૨૪ કલાકના ગાળામાં હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં સારવાર માટે ભારે ધસારો જોવા મળ્યો હતો. આ સમય દરમિયાન કુલ ૧૫૪ દર્દીઓને ઓપીડી (OPD) માં તાત્કાલિક સારવાર આપી ઘરે મોકલવામાં આવ્યા હતા, જ્યારે ગંભીર સ્થિતિ ધરાવતા ૧૨૯ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ (Indoor) કરીને નવજીવન આપવામાં આવ્યું હતું, ફટાકડાના લીધે દાઝેલા માસૂમો અને નાગરિકોની વહારે:દિવાળીના આનંદ વચ્ચે ફટાકડાના કારણે દાઝી જવાના કુલ ૧૬ કમનસીબ બનાવો સામે આવ્યા હતા. સિવિલ હોસ્પિટલની ટીમે તાત્કાલિક એક્શનમાં આવીને આ તમામ દર્દીઓની સારવાર શરૂ કરી હતી:* ૧૨ દર્દીઓને ઓપીડી સ્તરે પ્રાથમિક સારવાર આપી રાહત આપવામાં આવી હતી.* ૦૪ દર્દીઓની સ્થિતિ ગંભીર હોવાથી તેમને દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં આંખની ગંભીર ઈજા વાળા ૩ દર્દીઓ અને વધુ પડતા દાઝી ગયેલા ૧ દર્દીને એસ.આઈ.સી.યુ. (SICU) માં દાખલ કરી સઘન સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.અકસ્માત અને અન્ય ઈમરજન્સીમાં ત્વરિત સારવાર: તહેવારના દિવસોમાં રસ્તા પર વધતા ટ્રાફિક અને અન્ય અકસ્માતોને કારણે હોસ્પિટલમાં કાનૂની કેસ (MLC) નો પણ મોટો ભરાવો થયો હતો. જેમાં સિવિલની ટીમે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના ઓપરેશન કર્યા હતા:* ૫૪ એમ.એલ.સી. (MLC) દર્દીઓ: જેમાંથી ૧૮ દર્દીઓ રોડ ટ્રાફિક અકસ્માત (RTA) નો ભોગ બન્યા હતા, જ્યારે અન્ય ૩૬ દર્દીઓ જુદા જુદા અકસ્માત કે ઝઘડાના કારણે ઈજાગ્રસ્ત થયા હતા. * ૭૫ નોન-એમ.એલ.સી. દર્દીઓ: હૃદયરોગ, શ્વાસની તકલીફ કે અન્ય ગંભીર બીમારીઓથી પીડાતા ૭૫ દર્દીઓને પણ તાત્કાલિક વોર્ડમાં શિફ્ટ કરી સારવાર અપાઈ હતી. માનવતાની મહેક: પોતાના ઘર-પરિવાર છોડી સ્ટાફ ફરજ પર રહ્યો, દિવાળી એટલે પોતાના પરિવાર સાથે મીઠાઈ ખાવાનો અને ખુશીઓ વહેંચવાનો દિવસ. પરંતુ જૂનાગઢ સિવિલ હોસ્પિટલના તબીબો અને સ્ટાફે હોસ્પિટલના કોરિડોરને જ પોતાનું ઘર અને દર્દીઓની સ્મિતને જ પોતાની દિવાળી માની લીધી. આખી રાત દોડધામ વચ્ચે ગંભીર દર્દીઓના જીવ બચાવીને સિવિલ હોસ્પિટલે જૂનાગઢના નાગરિકો માટે એક સુરક્ષા કવચ પૂરું પાડ્યું છે. હોસ્પિટલ તંત્રની આ રાઉન્ડ ધ ક્લોક (૨૪ કલાક) ની ઉમદા સેવાને સમગ્ર જૂનાગઢવાસીઓ બિરદાવી રહ્યા છે તેમ એક યાદીમાં જણાવાયું છે.

આરઝી હકુમતદિન યાને જૂનાગઢ મુકિત દિન ની ઉજવણીના ભાગરૂપે મહાનગર પાલિકા, જૂનાગઢ ધ્વારા શિલારોપણની તકતીને વિજય સ્તંભ ગણીને તેનું પૂજન કરાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

આરઝી હકુમત દિન યાને જૂનાગઢ મુકિત દિનની ઉજવણીના ભાગ રૂપે મહાનગરપાલિકા,જૂનાગઢ ધ્વારા આરઝી હકુમતના સેનાનીઓ માટે સ્મારક બનાવવા માટે જે તે સમયના મુખ્યમંત્રીશ્રી એ ૧૯૯૭મા જે શિલારોપણ વિધિ કરેલ હતી તે તકતી ને જ વિજય સ્તંભ ગણીને



તા.૦૯/૧૧/૨૦૨૬ ના રોજ બહાઉદીન કોલેજ ગ્રાઉન્ડ, જૂનાગઢ ખાતે સવારે ૦૯:૩૦ કલાકે પૂજન વિધી કાર્યક્રમ યોજાયેલ આથી આરઝી હકુમતના સેનાનીઓના પરીવારોને રંજ છે પરંતુ મનપા ના શાશકો પાસે આરઝી હકુમતના સેનાનીઓનુ સ્મારક કે વિજય સ્તંભ બનાવવાનો સમય નથી તેનો સૌને ખેદ છે. આ કાર્યક્રમમાં મેયરશ્રી ધર્મેશભાઈ પોશિયા,ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા, ડે.મેયરશ્રી આકાશભાઈ કટારા, સ્થાયી સમિતિ ચેરપર્સનશ્રી પલ્લવીબેન ઠાકર, શહેર ભાજપ પ્રમુખશ્રી ગૌરવભાઈ રૂપારેલિયા, શાસક પક્ષના નેતાશ્રી મનનભાઈ અભાણી,નાયબ કમિશનરશ્રી જયેશ વાજા, કોર્પોરેટર શ્રી ભાવનાબેન વ્યાસ,સોનલબેન પનારા, વિનસ ભાઈ હદવાણી,પ્રવિણભાઈ વાઘેલા, આસિ. કમિશનર(ટે) કલ્પેશ ટોલિયા,પૂર્વ સ્થાયી સમિતિ ચેરમેનશ્રી હરેશભાઈ પરસાણા, તથા શ્રી પ્રદીપભાઈ ખીમાણી,યોગીભાઈ પઢિયાર,પ્રવિણભાઈ અકબરી,ભરતભાઈ બાલસ, મહાનગર પાલિકા, જુનાગઢના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ અને શહેરીજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.તેમજ સાંજે ૦૭:૦૦ કલાકે બહાઉદીન કોલેજ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય આતિશબાજી કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ છે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

સમાના પૂનમનગર પાસે વેપારી અને તેના બે ભાઇ પર હુમલો

વડોદરા | વડોદરાના સમા વિસ્તારમાં જૂની અદાવતમાં એલ્યુમિનિયમના વેપારી રાકેશ સુથાર અને તેમના ભાઈ પર હુમલો થયો હતો. પૂનમનગર ચારરસ્તા પાસે યોગેશ ઉર્ફે ભોલો, વિપુલ રબારી, જયદીપ અને મોતી સુથાર સહિતના શખ્સોએ કાર રોકી માર માર્યો હતો. ત્યારબાદ ઘરે આવીને પણ હુમલાખોરોએ ખુરશીઓ ફેંકી ફરી હુમલો કર્યો હતો. સમા પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સમા વિસ્તારમાં જૂની અદાવતને કારણે કાર લઇને જતા વેપારી તેમજ તેના ભાઇ પર હુમલો કરવાનો બનાવ બન્યો હતો.હુમલા ખોરોએ કારની તોડફોડનો પણ પ્રયાસ કર્યો હતો. સમાના પૂનમ નગર ચારરસ્તા પાસે ગાયત્રી નગર ડૂપ્લેક્સમાં રહેતાએલ્યુમિયમના વેપારી રાકેશ સુથારે પોલીસને કહ્યું છે કે,ગઇ રાત્રે હું મારા કઝીન રાજુ સુથાર સાથે જતો હતો ત્યારે પૂનમનગર પાસે ટોળું હોવાથી મેં રોંગ સાઇડ કાર કાઢી હતી.આ વખતે યોગેશ ઉર્ફે ભોલો(અખંડ દિપ સોસાયટી,સમા), વિપુલ લક્ષ્મણભાઇ રબારી, જયદીપ (પ્રાગજી નગર,ન્યુ સમા)અને મોતી સુથારે કાર પાછી કાઢો તેમ કહીને અમને બંનેને માર માર્યો હતો.ત્યારબાદ અમે ઘેર પહોંચ્યા ત્યારે ફરી મારાભાઇ વિપુલ અને અન્ય એક વ્યક્તિએ પાછળ આવી મારા ભાઇને માર માર્યો હતો,તેમણે ઘરમાં ખુરશીઓ પણ ફેંકી હતી.જેથી સમા પોલીસે ગુનો નોંધ્યો છે.

શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીદાદાને દિવ્ય વાઘા-ફુલોનો શણગાર



નરેન્દ્ર દવે જૂનાગઢ

સારંગપુર તા.૯. સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગર દાસજી સ્વામીના શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય વાઘા-ફુલોનો શણગાર, દાદાને અનેકવિધ વાનગીનો ભવ્ય અને દિવ્ય મહાઅન્નકૂટ ધરાવાયો આજે સવારે મંગળા આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આ પછી શણગાર આરતી પ.પૂ.શાસ્ત્રીશ્રી હરિપ્રકાશદાસ સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આ આરતીનો લ્હાવો મોટી સંખ્યામાં ભક્તોએ લીધો હતો. આજે ઠાકોરજી અને દાદાને વિવિધ વાનગીઓની સાથે છપ્પનભોગ અન્નકૂટ ધરાવાયો હતો. જેની આરતી પૂ.શાસ્ત્રીશ્રી હરિપ્રકાશદાસ સ્વામી-અથાણાવાળા દ્વારા કરવામાં આવી હતી.શ્રી દરબારગઢમાં પણ નૂતનવર્ષે અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. દાદાના અલૌકિક દર્શન કરી હજારો ભક્તો ધન્ય બન્યા હતા.પૂ.શાસ્ત્રીશ્રી હરિપ્રકાશ દાસ સ્વામીએ જણાવ્યું કે, દાદાના દરબાર માંથી આપ સૌને જય શ્રીરામ અને જય શ્રીસ્વામિનારાયણ.. આજે હનુમાનજી મહારાજને ભવ્ય તથા દિવ્ય મહાઅન્નકૂટ ધરાવવામાં આવ્યો છે. અનેકવિધ વાનગીઓ, મીઠાઈઓ,પકવાન,ફરસાણ અને અનેક પ્રકારના શાકભાજી સાથે દાળભાત દાદાને અર્પણ કરવામાં આવ્યા છે. આ અન્નકૂટ હનુમાનજી મહારાજને જમાડી લાડલા ભક્તોને પ્રસાદમાં આપવામાં આવશે. આજે દાદાના ચરણમાં એટલી પ્રાર્થના કરીએ કે, અમારું જૂનું વર્ષ ગમે તેવું ગયું હોય પણ આ નવું વર્ષ આપ સૌને ગમે એવું જાય એવી પ્રાર્થના.

અમદાવાદ-ઉદેપુર હાઈવે પર કારનો અકસ્માત, ઓવરબ્રિજ પર પલટી જતાં ચાર ઈજાગ્રસ્ત



હિંમતનગર | હિંમતનગરના મોતીપુરા નજીક અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે-48 પર આવેલા ઓવરબ્રિજ પર કાર અકસ્માત સર્જાયો હતો. પાછળથી આવેલી કારે આગળ જતી સફારી કારને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. ટક્કર બાદ કાર ઓવરબ્રિજ પર પલટી ગઈ હતી. આ ઘટનામાં કાર ચાલક સહિત ચાર લોકોને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં 108 અને 112 જનરક્ષકની ટીમો સ્થળ પર દોડી આવી હતી. સફારી કારમાં સવાર કાર્તિકભાઈના જણાવ્યા મુજબ, તેઓ પરિવાર સાથે ભિલોડાના ભવનાથ મંદિરે દર્શન કરીને અમદાવાદ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન મોતીપુરા ઓવરબ્રિજ પર પાછળથી આવેલી એક કારે તેમની સફારીને ટક્કર મારી હતી. ટક્કર લાગ્યા બાદ તેમણે પોતાની કાર આગળ લઈ લીધી હતી. ત્યારબાદ ટક્કર મારનાર કાર ઓવરબ્રિજ પર પલટી ગઈ હતી. કાર્તિકભાઈએ જણાવ્યું હતું કે તેમની કારમાં સવાર પરિવારના સભ્યોને કોઈ ઈજા થઈ નહોતી. અકસમાતની જાણ થતાં 108ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ટીમે કાર ચાલક સહિત ચાર ઈજાગ્રસ્તોને સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. ત્યારબાદ 112 જનરક્ષકની ટીમ અને નેશનલ હાઈવેના કર્મચારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અકસ્માત અંગે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

વડોદરાની બેન્ક ઓફ બરોડા અને બેન્ક ઓફ ઈન્ડિયાને બોમ્બથી ફૂંકી મારવાની ધમકી

વડોદરા | વડોદરામાં સ્કૂલ, કોર્ટ, એરપોર્ટ અને કલેક્ટર કચેરી બાદ હવે બેંકોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. સયાજીગંજની બેંક ઓફ બરોડા અને રાવપુરાની બેંક ઓફ ઈન્ડિયાને ઈમેઈલ દ્વારા ધમકી મળતા પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે સઘન ચેકિંગ કર્યું હતું. જોકે, તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી. આ પ્રકારના ઈમેઈલથી તંત્રને હેરાન કરનાર ભેજાબાજને પકડવામાં પોલીસને હજુ સફળતા મળી નથી. વડોદરામાં સ્કૂલ,કોર્ટ,એરપોર્ટ અને કલેક્ટર કચેરી બાદ હવે બેન્કોને બોમ્બની ધમકીઓ મળતાં પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું,પરંતુ કાંઇ હાથ લાગ્યું નથી. છેલ્લા કેટલાક સમયથી ઈમેઈલથી બોમ્બ ની ધમકી આપવાનો સિલસિલો ચાલી રહ્યો છે.જેમાં હવે બેન્કોનો વારો આવ્યો છે.આજે વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં સૂરજ પ્લાઝા ખાતે આવેલી બેન્ક ઓફ બરોડાની મેઇન ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાનો મેઇલ મળતાં એસીપી ડીજે ચાવડા અને પીઆઇ સહિતના અધિકારીઓ કાફલા સાથે દોડી ગયા હતા.પોલીસે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની મદદ લીધી હતી.પરંતુ તપાસ દરમિયાન સાંજ સુધી કાંઇ હાથ લાગ્યં નથી. આવી જ રીતે બોમ્બ થ્રેટનો બીજો એક મેઇલ રાવપુરા મેઇન રોડ પર આવેલી બેન્ક ઓફ ઇન્ડિયાની શાખાને મળ્યો હતો.જેમાં આવી જ રીતે બોમ્બથી બેન્કને ઉડાવી દેવાની ધમકી અપાતાં બપોર સુધી ચેકિંગ કરવામાં આવ્યું હતું.ડીસીપી એન્ડ્રુ મેકવાને કહ્યું હતું કે અમારી તપાસ દરમિયાન કોઇ પણ શંકાસ્પદ ચીજ મળી નથી.

રંગોળીમાં સાકાર થઈ રામાયણની અમર ગાથા! આણંદપર (યક્ષ)ની સોની પરિવારની દીકરીઓએ કલાના રંગે જીવંત કર્યું અશોકવાટિકાનું દિવ્ય દૃશ્ય




જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

દિવાળીના પાવન પર્વ નિમિત્તે પ્રભુ શ્રીરામના આગમનની ખુશી અને ભક્તિભાવ સાથે આણંદપર (યક્ષ) ગામના સોની પરિવારની કલાપ્રેમી દીકરીઓએ પોતાની અદભુત કલાત્મક પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું છે.સોની પરિવારની દીકરીઓએ રંગોળી દ્વારા રામાયણના સુંદર પ્રસંગને જીવંત કરી દીધો છે. લંકાની અશોકવાટિકામાં હનુમાનજી માતા સીતાજીને પ્રભુ શ્રીરામની મુદ્રિકા અર્પણ કરી રહ્યા છે તે પ્રસંગને રંગોળીમાં અત્યંત આબેહૂબ રીતે કંડારવામાં આવ્યો છે.રંગોની બારીક પૂરણી, સુંદર કલાત્મક રચના અને પાત્રોના ચહેરા પરના ભાવોએ આ રંગોળીને વિશેષ આકર્ષક બનાવી છે. હનુમાનજીની ભક્તિભાવપૂર્ણ મુદ્રા અને માતા સીતાજીના હાવભાવ જાણે પ્રસંગને નજર સમક્ષ જીવંત કરી દે છે. દીકરીઓની આ અનોખી કલાસાધના માત્ર રંગોળી પૂરતી સીમિત નથી, પરંતુ તેમાં રામાયણ પ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ અને સંસ્કૃતિ પ્રત્યેનો લગાવ પણ સુંદર રીતે વ્યક્ત થયો છે. તેમની આ કલાત્મક કૃતિએ દિવાળીના પર્વમાં ભક્તિ અને સર્જનાત્મકતાનો અનોખો સંગમ સર્જ્યો છે.ખરેખર, જ્યાં કલામાં ભક્તિ ભળે ત્યાં સર્જન પણ સાક્ષાત્ દિવ્ય બની જાય છે! સોની પરિવારની દીકરીઓની આ પ્રતિભાને સૌ તરફથી અભિનંદન મળી રહ્યાં છે.


કાળુભાર ડેમમાં યુવક-યુવતીએ ઝંપલાવ્યાની આશંકા

બોટાદ | બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના કાળુભાર ડેમમાં યુવક અને યુવતીએ ઝંપલાવ્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં ગઢડા પોલીસ અને બોટાદ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ડેમના કિનારેથી બાઈક અને એક યુવક તથા યુવતીનાં ચંપલ મળી આવ્યાં છે. હાલ રેસ્ક્યૂ બોટની મદદથી બંનેની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ડેમના કિનારેથી એક બાઈક અને એક પુરુષ તથા એક મહિલાનાં ચંપલ મળી આવ્યાં હતાં. તપાસ દરમિયાન બંને વ્યક્તિઓ કેરાળા ગામનાં હોવાનું જાણવા મળ્યું છે. તેમની ઓળખ 25 વર્ષીય શીતલ વિજય શેખ અને રોહિત ભરત સાથળિયા તરીકે થઈ છે.

રોજબરોજ થતી ગેસની સમસ્યાથી મળશે રાહત



અજમો અને સિંધવ મીઠું ભેળવીને ચાવવાથી ગેસના લક્ષણોને નિયંત્રિત કરવામાં મદદ મળી શકે છે. તમે તેને પાણીમાં ઉકાળીને અને તેમાં કાળું મીઠું નાખીને પણ પી શકો છો.



તુલસીના પાન ગેસની સમસ્યાને દૂર કરવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. આ માટે તુલસીના પાન ધોયા પછી તેને પાણીમાં ઉકાળીને તેનું સેવન કરો.



છાશમાં સારા બેક્ટેરિયા અને લેક્ટિક એસિડ મળી આવે છે. આ એસિડિટીના લક્ષણોમાંથી તાત્કાલિક રાહત આપવામાં મદદ કરી શકે છે. તમે તમારા આહારમાં છાશનો સમાવેશ કરી શકો છો.



ગોળ પાચન માટે ફાયદાકારક સાબિત થાય છે. જમ્યા પછી થોડો ગોળ ખાવાથી ખોરાક સરળતાથી પચી જાય છે અને ગેસની સમસ્યા પણ દૂર થાય છે.



ગાજર ખાવાના જબરદસ્ત ફાયદા
વજન ઘટાડવાથી લઈને સ્કિનને ચમકાવી દે છે



ગાજરમાં તમામ પ્રકારના ગુણ હોય છે. જે સ્વાસ્થ માટે ફાયદાકારક છે. શિયાળાની ઋતું ગાજરનું પુષ્કળ પ્રમાણમાં સેવન કરવું જોઈએ,ગાજરમાં અનેક વિટામિન અને એન્ટીઓક્સીડન્ટસ હોય છે. જે આંખ ,લિવર,કડની સહિત શરીરના અનેક અંગોને હેલ્થી રાખવાનું કામ કરે છે. આ સિવાય ગાજર ખાવાના અનેક ફાયદા પણ છે. તો ચાલો જાણીએ ગાજરનું સેવન કરવાના ફાયદા કયા કયા છે. ગાજરમાંથી જે વિટામિન મળે છે. તે અલ્ફા -કૈરોટીન અને બીટા-કેરોટીન નામના બે કેરોટીનોઈડ્સમાંથી આવે છે. ગાજરમાં જોવા મળતા એન્ટીઑકિસડન્ટ લ્યુટીન અને ઝેક્સાન્થિન પણ આંખના સ્વાસ્થ્યને વધારે છે આમ દરરોજ 1 ગાજર ખાવાથી આંખો માટે ફાયદાકારક છે. ગાજરમાં બલ્ડ શુગરને પણ નિયંત્રિત કરવામાં મદદ કરે છે. ગાજરની એક વાત એ છે કે, તેમાં 88 ટકા પાણી હોય છે. તેમજ ફાઈબર સારી માત્રામાં હોવાથી વજનને સંતુલિત કરવામાં મદદ કરે છે. 1 ગાજરમાં અંદાજે 80 કેલેરી હોય છે. જે લાંબા સમય સુધી તમારું પેટ ભરેલું રાખશે. જે તમને વજન કંટ્રોલ કરવામાં પણ મદદ કરશે. લોકો ગાજરનું શાક, સલાડ, હલવો સૂપ કે પછી જ્યુસ બનાવીને પણ સેવન કરે છે. ગાજરમાં રહેલા પોષક તત્વોમાંથી ઈમ્યુનિટીથી લઈ આંખના સ્વાસ્થ માટે ફાયદાકારક છે. ગાજર ઈમ્યુનિટીને પણ સ્ટ્રોંગ કરે છે.

શિયાળાની ઠંડીમાં દહીં ખાવાથી શરીરને થાય છે મોટા ફાયદા







શિયાળામાં દહીંનું સેવન કરવું ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે, પરંતુ તેને રૂમ ટેમ્પરેચર પર રાખ્યા પછી જ ખાઓ અને ધ્યાન રાખો કે તેને સાંજે કે રાત્રે ન ખાઓ. પ્રોબાયોટિક ફૂડ હોવાને કારણે દહીંનું સેવન પાચન માટે ખૂબ જ ફાયદાકારક છે. આ ખાવાથી પાચન સંબંધી સમસ્યાઓ થાય છે, જેમ કે ગેસ. એસિડિટી અને અપચો વગેરે નથી. દહીં આંતરડા માટે ખૂબ જ ફાયદાકારક છે. તેના સેવનથી શરીરમાં સારા બેક્ટેરિયા વધે છે, જે આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે અને આંતરડાના કાર્યમાં સુધારો કરે છે. દહીંમાં સારી માત્રામાં કેલ્શિયમ હોય છે અને તેમાં પ્રોટીન પણ હોય છે. તેના સેવનથી શિયાળામાં હાડકાના દુખાવામાં રાહત મળે છે. તેનાથી હાડકા મજબૂત બને છે. દહીંમાં વિટામિન સી અને એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જેના કારણે તેનું સેવન રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. આનાથી મોસમી રોગોનો ખતરો ઘણી હદ સુધી ઘટી જાય છે. દહીંમાં રહેલા પોષક તત્વો ત્વચા અને વાળ માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. તેના રોજિંદા સેવનથી ત્વચા કુદરતી રીતે મોઈશ્ચરાઈઝ્ડ રહે છે અને વાળ ચમકદાર બને છે. દહીંમાં ખૂબ જ ઓછી કેલરી હોય છે અને તેના સેવનથી પેટ લાંબા સમય સુધી ભરેલું રહે છે, જે વધુ પડતું ખાવાનું અટકાવે છે. તેનાથી વજન નિયંત્રણમાં રહે છે.

નૂતન વર્ષ અને ભાઈબીજ..




આપ સૌ વાંચક મિત્રો ને નુંતન વર્ષ ના ખૂબ ખૂબ અભિનંદન સાથે સાથે ભાઈબીજ ના તહેવારની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.આ વર્ષે ગુજરાતી બેસતું વર્ષ ૧૦મી નવેમ્બર ૨૦૨૬ ના રોજ ઉજવાઈ રહ્યું છે. કેલેન્ડર ને ધ્યાન માં લઈએ તો કારતક માસ ના શુક્લ પક્ષ ના પ્રતિપદા ના દિવસ થી ગુજરાતી નૂતન વર્ષ થી વિક્રમ સવંત ૨૦૮૩ નો પ્રારંભ થશે. આ વર્ષે બેસતું વર્ષ ૧૦ તારીખ થી શરૂ થઈ રહ્યું છે એટલે ગુજરાત પર સૂર્ય દેવ ની કૃપા ભરપૂર રહેશે.સૂર્ય દેવની કૃપા મતલબ સામાજિક,આર્થિક અને વ્યવસાયિક ક્ષેત્રે ગુજરાત વધારે સમૃદ્ધ અને સંપન્ન બનશ. બેસતા વર્ષ ની શરૂઆત આમ પણ ગુજરાત ના શહેરો અને ગામડાઓ માં સવાર ના પાંચ વાગ્યા થી "શકન નું મીઠું.. શકન નું કંકુ" ના ગુંજ થી થઈ જતી હોય છે. ગુજરાત માં ઠેર ઠેર ગામડાઓ અને શહેર માં આવેલા મંદિરો માં વહેલી સવાર થી જ સજી ધજી ને ભગવાન ના આશીર્વાદ લઈને નવું વર્ષ ની શરૂઆત કરનાર ભક્તો ની ભીડ જોવા મળશે. મેટ્રો સિટી અમદાવાદ માં દિવાળી ની રોનક અને ધામધૂમ વધારે હોય છે.જ્યારે ગુજરાત ના ભાવનગર જેવા નાના શહેરો માં બેસતાં વર્ષ ના પર્વ નિમિતે "સાલમુબારક" પાઠવવા લોકો સગા સબંધીઓ અને આડોશી પડોશી ને ત્યાં રૂબરૂ મુલાકાત કરે છે.આજેપણ ભાવનગર માં બેસતા વર્ષ નિમિતે વહેલી સવારે ઉઠી ને ઘરની સાફ સફાઈ કરતા પહેલા ચાર ચોક વચ્ચે થાળી વગાડતા વગાડતા "અળસ" કાઢવા નો રિવાજ છે. અળસ મતલબ ઘરની એવી વસ્તુઓ કે જેને ફેંકવું ન ગમે.થોડા દિવસો પહેલા ભાવનગર જવાનું થયું ને ત્યારે મેં મારી દીદી ને પૂછ્યું કે આ વર્ષે પ્રસંગ ને લીધે તારા ઘરની સાફ સફાઈ તો આપોઆપ થઈ ગઈ છે તો બેસતાં વર્ષ એ અળસ શેની કાઢીશ? એણે હીંચકા પર બિરાજેલ માથાં પર હેર કલર લગાવી ને મોઢાં માં તમાકુ ચાવતાં એના પતિદેવ તરફ જોઈને હસતા હસતા કહ્યું કે આ અળસ તો છે પણ ચાર ચોકમાં મૂકવા લાયક નથી થોડી કિંમતી વધારે છે એટલે. ભારતીય સંસ્કૃતિ માં નવું વર્ષ કારતક મહિના થી શરૂ થાય ને સ્ટેટ અનુસાર સ્થાપના દિન ને નિમિત્ત બનાવી ને નવું વર્ષ ઉજવાય છે.મતલબ ગુજરાત માં કારતક ની પ્રથમ તિથિ એ "નૂતવર્ષાભિનંદન" ઉજવાય છે.કુલ ૩૬૫ દિવસ બરાબર એક વર્ષ ચંદ્ર કેલેન્ડર પ્રમાણે ગણતરી કરવા માં આવે છે.કારતક માસ ની પ્રથમ તિથિ એ નવું વર્ષ મનાવવા પાછળ મુખ્ય હેતુ એ હતો કે ભગવાન શ્રી રામચંદ્રજી ચૌદ વર્ષ નો વનવાસ ભોગવી ને પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણ જી સાથે અયોધ્યા પરત ફર્યા ત્યારે અમાસના દિવસે આખા અયોધ્યા માં અસંખ્ય દીપ પ્રગટાવી ને ઢોલ નગારા ના તાલે નાચ ગાન કરીને આનંદ ઉત્સાહ માં દિવાળી નો પૂર્વ ઉજવાયો હતો.કાર્તિક શુક્લ પક્ષ ના પ્રતિપદા ના દિવસે ભગવાન શ્રી રામચંદ્રજીનો અયોધ્યા ની ગાદી પર રાજ્યાભિષેક નક્કી થયો હ ત ો .



- રુપાલી દવે

ઘણીવાર મને વિચાર આવે કે ઈશ્વરે આ જગત માં સ્ત્રી પાત્ર ન બનાવ્યું હોત તો..તો..તો..પુરુષો નું જીવન કેવું હોત? એકલા રહેતાં ચાર પાંચ પુરુષો ના જીવન માં સપના તો રંગીન દેખાશે પણ એની આંખો માં સુંદર સ્ત્રીઓ નું ઘેન દેખાશે.આ વાત કદાચ મીડિયા સારી રીતે જાણે છે એટલે તો અડધો એક કલાક જ્યોતિષાચાર્ય ને ફાળવ્યો છે દિવાળી માં શું શું કરવાથી સ્ત્રીઓ પ્રસન્ન રહેશે ને.. પડોશણ ને આકર્ષવા ના નિયમો.. રૂઠેલી ગર્લ ફ્રેન્ડ મોહ માં બાંધવા ના ઉપાયો..કાળી ચૌદશ ના દિવસે શું શું કરવાથી પતિ ને પાંજરા માં પુરી શકાશે..પતિ ની બેંક અને તિજોરી ની ચાવી હાંસલ કરવાના ઉપાયો પતિ નો પત્ની પ્રેમ સો વર્ષ સુધી રહે એવો મંત્ર વગેરે વગેરે કાળી ચૌદશ,દિવાળી અને બેસતાં વર્ષ માં કરવા ના ઉપાયો માં વાપરવાની વસ્તુઓના લિસ્ટ પણ આપવામાં આવતા હોય છે.કોડી,ગોમતી ચક્ર, હળદર નો કટકો વગેરે વગેરે ઉપાયો નું પરિણામ શું? આ સર્વે આજ સુધી થયો નથી પણ ઉપાય કરનાર ને મહેનત કર્યા નો સંતોષ તો થતો હશે. મારી ફ્રેન્ડ ને એના પતિ માં રાજેશ ખન્ના દેખાય એટલે સતત એનો પતિ ભાગી જશે તો એનો ભય લાગ્યા કરતા એ ટીવી પર આવતા ઉપાયો ને મન થી ફોલો કર્યા કરતી હતી. એક દિવસ મને ફોન કરીને કીધું કે બપોરે આવું છું લેવા તૈયાર રહેજો ૧૫૧ કોડિયા લેવા જવાનું છે.પૂછ્યું કેમ? પતિ સંમોહન વિધિ અંતર્ગત દિવાળી ની રાતે ૧૫૧ કોડિયા પીપળા ના ઝાડ નીચે પ્રગટાવવાના છે એટલે. મે હસતા હસતાં એને કહ્યું કે ઉપાય સારો છે પણ તમે વિચાર્યું છે કે ૧૫૧ દીવા ના તાપ ના લીધે પીપળા નું ભૂત ગભરાઈ ને તમને વળગી જશે તો તમારા રાજેશ ખન્ના નું શું થશે?મને તો પતિ પત્ની ના સબંધો માં ઋણનું બંધન ઓછું ને પૂર્વ જન્મ ની શત્રુતા અથવા સ્પર્ધા વધારે દેખાય છે.

ભાઈબીજ નો તહેવાર: કાર્તિક શુક્લ પક્ષ ની દ્વિતીયા ને દિવસે ભારત ભર માં ભાઈબીજ નો તહેવાર ધામધૂમ થી ઉજવાય છે.આ તહેવાર એ ભાઈ બહેન ના સબંધો માં પ્રેમ અને લાગણી ના અતુટ બંધન થી બંધાયેલ છે. સાચું કહું તો ખરેખર જે બહેન ને ભાઈ અને જે ભાઈ ને બહેન છે એ ખૂબ ભાગ્ય શાળી હોય છે. પત્ની કરતા પણ વધારે બહેન જ ભાઈ ના જીવન ના સુખ દુ:ખ,ચડતી પડતી અને સંઘર્ષ ને દિલ થી સમજી શકે છે. આમ તો ભાઈબીજની કથા એ સૂર્ય ભગવાન ના પુત્ર યમરાજા અને એની પુત્રી યમુનાજી ના ભાઈ બહેન ના પ્રેમ સબંધ ની છે.ભગવાન શ્રી કૃષ્ણ ના ચતુર્થ પ્રિયા યમુનાજી છે ભગવાન ની અષ્ટ પટરાણી માં યમુનાજી નું ચોથું સ્થાન છે.દર વર્ષે ભાઈબીજ ના પર્વ માં યમુનાજી ને ત્યાં યમરાજા આવી શકતા નહતા, ભગવાન શ્રી કૃષ્ણ ની ઉપસ્થિતિ હોય ત્યાં યમ પ્રવેશ કરી શકતા નથી. દર વર્ષે ભાઈબીજના પર્વ નિમિતે ભોજન નું આમંત્રણ યમુનાજી એના ભાઈ યમરાજા ને આપતા હતા પણ યમરાજા સ્વીકારી શકતા નહતા આ કારણોસર ભાઈબીજના પર્વ માં યમુનાજી દુ:ખી રહેતા હતા.પત્ની ના મુખ પરનું દર્દ વાંચી લેતા ભગવાન શ્રી કૃષ્ણ એ પત્ની કાલિન્દી ને વચન આપ્યું કે એ દર વર્ષે દિવાળી ના પર્વ થી લઈને ભાઈબીજ સુધી દ્વારિકા થી દૂર વૃંદાવન માં બિરાજશે.ભગવાન ના નિર્ણય નો સંદેશ યમરાજા ને મળતા જ બહેન ની સાથે રહેવા મળશે એ ખુશી માં યમલોકમાં દિવાળી થી ભાઈબીજ ના સુધીના દિવસોની રજા જાહેર કરી દીધી. ભાઈબીજ ના દિવસે યમરાજા એ એની બહેન યમુનાજી ના મહેલ માં પધારી ને એને વચન આપ્યું હતું કે જે કોઈ યમુનાજી ના જળ નું પાન અને સ્નાન કરશે એને અંતિમ સમયે યમ યાતના અનુભવાશે નહી. લૌકિક દૃષ્ટિ એ જોતા ભાઈબીજ ના તહેવાર "ભાઈ બહેન" ના અતુટ સબંધો નો છે આ દુનિયા માં પ્રવેશ્યા બાદ માત્ર ભાઈ બહેન નો સંબંધ એક માત્ર એવો સબંધ છે કે જે ઋણનું બંધન નો બિલકુલ નથી. આ પવિત્ર ભાઈ બહેન નો સંબંધ એ પ્રેમ અને અતૂટ વિશ્વાસ ના સંબંધ ને ઈશ્વર એ આપેલ અમૂલ્ય વરદાન સમજવું. આ કારણોસર ભાઈબીજ ના પર્વ માં બહેન નું દિલ સહેજ પણ ન દુભાય એનું ધ્યાન ખાસ ભાઈઓ એ રાખવું જરૂરી છે.ભેટ કે ગિફ્ટ નું મૂલ્યવાન કરતા પણ વધારે બહેનો માટે ભાઈ નું એના ઘરે ખુશ ખુશાલ આગમન મહત્વનું હોય છે.



ઈશા દેઓલે ભૂતપૂર્વ પતિ સાથે દિવાળીની ઉજવણી કરી

(એજન્સી) મુંબઈ | તા.09

હેમા માલિનીની પુત્રી ઈશા દેઓલ અને તેના ભૂતપૂર્વ પતિ ભરત તખ્તાની તાજેતરમાં દિવાળી પાર્ટીમાં સાથે જોવા મળ્યા હતા. વર્ષ ૨૦૦૪માં બાર વર્ષના લગ્નજીવન પછી બંનેએ પરસ્પર સંમતિથી છૂટાછેડા લીધા હતા, તેમ છતાં બંને વચ્ચે સારા સંબંધો જળવાયેલા છે. તેઓ અવારનવાર મિત્રો સાથે લંચ કે જાહેર પ્રસંગોએ એકસાથે જોવા મળે છે. હેમા માલિનીની પુત્રી ઈશા દેઓલ અને તેના ભૂતપૂર્વ પતિ ભરત તખ્તાની તાજેતરમાં દિવાળી પાર્ટીમાં સાથે જોવા મળ્યા હતા. વર્ષ ૨૦૦૪માં બાર વર્ષના લગ્નજીવન પછી બંનેએ પરસ્પર સંમતિથી છૂટાછેડા લીધા હતા, તેમ છતાં બંને વચ્ચે સારા સંબંધો જળવાયેલા છે. તેઓ અવારનવાર મિત્રો સાથે લંચ કે જાહેર પ્રસંગોએ એકસાથે જોવા મળે છે. દિવાળી ઉત્સવ નિમિત્તે ઈશા પોસ્ટલ-ગુલાબી સાડીમાં અને ભરત ક્રીમ રંગના બંધ ગળાના સૂટમાં સજ્જ થઈને આવ્યા હતા. તેમણે ખુશમિજાજ સાથે પાપારાઝી સમક્ષ પોઝ આપ્યા હતા. અગાઉ પણ સ્મૃતિ ખન્ના સહિતના મિત્રો સાથેની સન્ડે લંચ પાર્ટીમાં બંને સાથે દેખાયા હતા, જેની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી હતી. ઈશા અને ભરતને રાધ્યા તેમજ મિરાયા નામની બે પુત્રીઓ છે. ઈશાએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે સંબંધોમાં બદલાવ છતાં બાળકોના ઉછેર પર કોઈ અસર ન પડે તે તેમની પ્રાથમિકતા છે. તેમના મતે માતા-પિતાએ બાળકો માટે હંમેશા એક અખંડિત યુનિટ તરીકે સાથે રહેવું જોઈએ અને પ્રયાસો ક્યારેય ન છોડવા જોઈએ.

'કપરાં સમયે જે લોકોએ સાથ આપ્યો...'



(એજન્સી) મુંબઈ | તા.09

જાણીતા ગાયક દલેર મહેંદીએ ઉત્તરાખંડના કુંજાપુરી મેળામાં થયેલા વિવાદ મુદ્દે મૌન તોડ્યું છે. ઓક્ટોબરમાં મંત્રી સુબોધ ઉનિયાલે તેમના પર નશામાં હોવાનો અને લિપ-સિંકનો આરોપ મુક્યો હતો. દિવાળી નિમિત્તે સોશિયલ મીડિયા પર ભાવુક પોસ્ટ કરી, તેમણે ચાહકો, સંગીત ઉદ્યોગ અને પરિવારનો આભાર માન્યો. ભાઈ મીકા સિંહે પણ તેમનો બચાવ કર્યો હતો, અને મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પણ દલેર મહેંદી સાથે વાત કરી ચૂક્યા છે. પ્રખ્યાત પંજાબી ગાયક દલેર મહેંદીએ ઉત્તરાખંડના માં કુંજાપુરી પ્રવાસન અને વિકાસ મેળામાં પોતાના પરફોર્મન્સ દરમિયાન સર્જાયેલા વિવાદ અંગે આખરે મૌન તોડ્યું છે. દિવાળીના તહેવાર નિમિત્તે સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરીને તેમણે આ કપરા સમયમાં પોતાની પડખે ઊભા રહેનારા તમામ ચાહકો, મ્યુઝિક ઈન્ડસ્ટ્રી અને પરિવારજનોનો દિલથી આભાર માન્યો હતો. ઉલ્લેખનીય છે કે, ઓક્ટોબર મહિનામાં ઉત્તરાખંડમાં યોજાયેલા એક શો દરમિયાન સ્થાનિક મંત્રી સુબોધ ઉનિયાલે પરફોર્મન્સ અટકાવીને દલેર મહેંદી પર નશામાં હોવાનો અને લાઈવ ગાવાને બદલે લિપ-સિંક કરવાનો આરોપ લગાવ્યો હતો, જે બાદ મોટો વિવાદ ઊભો થયો હતો.પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં દલેર મહેંદીએ જણાવ્યું હતું કે, આ દિવાળીએ તેઓ તમામ લોકોના પ્રેમ અને વિશ્વાસ માટે અત્યંત આભારી છે. તેમણે લખ્યું કે, 'આ મુશ્કેલ સમયમાં મારો પરિવાર મારી સૌથી મોટી તાકાત બન્યો છે. મારો ભાઈ મીકા સિંહ મારી સાથે ઢાલ બનીને ઊભો રહ્યો, જ્યારે મારી પત્ની તરન, પુત્ર ગુરદીપ અને પુત્રીઓએ પોતાના પ્રેમ અને ધીરજથી મને સંભાળ્યો. પરિવાર માત્ર એ નથી જ્યાં આપણો જન્મ થાય છે, પરંતુ એ લોકો પણ છે જે મુશ્કેલીના સમયે આપણી સાથે ઊભા રહે છે.' તેમણે ઉમેર્યું હતું કે ચાહકો પાસેથી મળેલા પ્રેમ અને સમર્થનને કારણે તેમના હૃદયમાં એક અનોખો પ્રકાશ ફેલાયો છે.આ સમગ્ર વિવાદ સામે આવ્યા બાદ દલેર મહેંદીના નાના ભાઈ અને ગાયક મીકા સિંહે મંત્રી સુબોધ ઉનિયાલના આક્ષેપોનો સખત વિરોધ કરીને પોતાના ભાઈનો બચાવ કર્યો હતો. ત્યારબાદ સ્થિતિને સમજીને ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પોતે પણ દલેર મહેંદી સાથે વાતચીત કરી ચૂક્યા છે. ગાયકે જણાવ્યું કે તેઓ પોતાને નસીબદાર માને છે કે ચાહકોનો આટલો મોટો પ્રેમ અને માન-સન્માન તેમને પોતાના જીવનકાળ દરમિયાન જ જોવા અને અનુભવવા મળી રહ્યો છે.

દિલજીત દોસાંઝના કોન્સર્ટમાં દારૂ, હિંસાને લગતાં ચાર ગીતો પર પ્રતિબંધ

(એજન્સી) મુંબઈ | તા.09

મશહૂર ગાયક દિલજીત દોસાંઝના ૧૫ નવેમ્બરે ઈન્દોરમાં યોજાનાર ઓરા ઈન્ડિયા ટૂર કોન્સર્ટમાં તેના ચાર ગીતો ગાવા પર પ્રતિબંધ મુકાયો છે. 'પટિયાલા પેગ' અને 'જટ્ટ ફાયર કરદા' જેવા ગીતોમાં દારૂ, ડ્રગ્સ અને હિંસાનો ઉલ્લેખ હોવાથી બાળકો પર ખરાબ અસર ન પડે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ચંડીગઢના ડો. પંડિતરાવ ધરેણવરની ફરિયાદ પછી જિલ્લા બાળ સુરક્ષા અધિકારીએ આ આદેશ આપ્યો હતો.ફરિયાદમાં પંજાબ-હરિયાણા હાઈકોર્ટના જૂના ચૂકાદાનો હવાલો આપીને બાળકોને સ્ટેજ પર ન બોલાવવા અને ગાયકના કારતૂસવાળા પટ્ટા પહેરવા સામે પણ વાંધો ઉઠાવાયો છે, જેથી બોલ બદલ્યા પછી પણ આ ગીતો રજૂ નહીં કરી શકાય.સુરક્ષા અને ધમકીઓની આશંકાઓ વચ્ચે દિલજીતે સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા કરી કે તેનો આ કાર્યક્રમ નક્કી કરેલા સમયે જ યોજાશે. અગાઉ દિલ્હીમાં યોજાયેલા શોની જેમ અહીં પણ ભારે સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર દેશમાં યોજાઈ રહેલી આ સંગીત યાત્રાને લઈને ચાહકોમાં ભારે ઉત્સાહ સાથે ઉત્સુકતા જોવા મળી રહી છે.



રણબીરે નિર્દેશક બનવા માટે પોતાની ફિલ્મની પટકથા લખવાની શરૂ કરી દીધી



(એજન્સી) મુંબઈ | તા.09

રણબીર કપૂર હવે ફિલ્મ નિર્દેશક બનવા તરફ આગળ વધી રહ્યો છે. તેણે જણાવ્યું કે તે થોડા મહિનાઓથી પોતાની ફિલ્મની પટકથા લખી રહ્યો છે. આગામી વર્ષો એક્ટર તરીકે તેનો છેલ્લો દાયકો બની રહેશે, ત્યારબાદ તે નિર્દેશન પર ધ્યાન કેન્દ્રિત કરશે. રણબીર પારિવારિક ફિલ્મો બનાવવા માંગે છે. તેણે 1999માં 'આ અબ લૌટ ચલે' અને પછી સંજય લીલા ભણશાળીની 'બ્લેક'માં સહાયક નિર્દેશક તરીકે કામ કર્યું હતું. રાજકપૂરના ફિલ્મ બનાવવાના વારસાના જાળવી રાખવાના મનસૂબા સાથે રણબીર કપૂર ફિલ્મ નિર્દેશક બનવાના માર્ગે ધીમે ધીમે મક્કમ ડગ માંડી રહ્યો છે.એક મુલાકાતમાં તેણે જણાવ્યું હતું કે તે થોડા મહિનાઓથી પોતાની ફિલ્મની પટકથા લખી રહ્યો છે. રણબીરે જણાવ્યું હતું કે આગામી વર્ષો એક્ટર તરીકે તેનો છેલ્લો દાયકો બની રહેશે. એ પછી તે ફિલ્મ દિગ્દર્શક બનવા ભણી પોતાનું ધ્યાન કેન્દ્રિત કરશે. રણબીર પરિવાર સાથે બેસી જોઈ શકાય તેવી સારી પારિવારિક ફિલ્મો બનાવવા માંગે છે.રણબીરે જણાવ્યું હતું કે હાલ તે વર્ષમાં માત્ર ૧૨૫ દિવસ જ કામ કરતો હોઈ મારી પાસે સ્ટોરીઓ લખવાનો ઘણો સમય રહે છે. રણબીર કપૂરે કિશોર વયે ૧૯૯૯માં આવેલી ફિલ્મ આ અબ લૌટ ચલેમાં તેના પિતા ઋષિ કપૂરના સહાયક તરીકે કામ કર્યું હતું. એ પછી સંજય લીલા ભણશાળીની ફિલ્મ બ્લેકમાં પણ તેમના સહાયક નિર્દેશક તરીકે કામ કર્યું હતું. એ પછી ૨૦૦૭માં આવેલી સાંવરિયા ફિલ્મમાં રણબીરે એક્ટિંગ શરૂ કરી હતી.

24 વર્ષના દીકરા અરહાન માટે છલકાયો મલાઈકા અરોરાનો પ્રેમ



(એજન્સી) મુંબઈ | તા.09

એક્ટ્રેસ મલાઈકા અરોરાનો દીકરો અરહાન ખાન 24 વર્ષનો થઈ ગયો છે. તે આજે, 9 નવેમ્બરે પોતાનો જન્મદિવસ ઉજવી રહ્યો છે. આ ખાસ પ્રસંગે મલાઈકા અરોરાએ દીકરા માટે એક ખાસ પોસ્ટ લખી અને કેટલાક ન જોયેલા ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. આ તસવીરો દ્વારા મલાઈકાએ અરહાન પર ખૂબ પ્રેમ વરસાવ્યો છે અને તેને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી છે. મલાઈકા અરોરાએ ઈન્સ્ટાગ્રામ પર પોતાના દીકરા અરહાન ખાનના 24મા બર્થડે પર કેટલાક ખાસ ફોટા શેર કર્યા છે. આ તસવીરોમાં અરહાનના બાળપણની ઝલકથી લઈને તેના લેટેસ્ટ ફોટા જોવા મળી રહ્યા છે. એક તસવીરમાં મલાઈકા દીકરા સાથે જોવા મળે છે, તો બીજી તસવીરમાં અરહાનની બર્થડે કેકની ઝલક દેખાય છે. આ ફોટા દ્વારા એક્ટ્રેસે દીકરા સાથે વિતાવેલી જૂની પળોને યાદ કરી છે અને તેના પર ઘણો પ્રેમ વરસાવ્યો છે. મલાઈકાએ આ પોસ્ટ શેર કરતાં કેપ્શનમાં લખ્યું છે, 'ચડવા માટે કોઈ પણ પહાડ આટલો ઊંચો નથી... મારા વહાલા દીકરા, જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. તને સૌથી વધુ પ્રેમ કરું છું.' મલાઈકાની આ પોસ્ટ પર અરહાન ખાને કમેન્ટ સેક્શનમાં રિએક્ટ કરતાં લખ્યું, 'મા, તમારા માટે આખી દુનિયા સળગાવી દઈશ.' સેલેબ્સ પણ અરહાનને બર્થડે વિશ કરી રહ્યા છે. ફરાહ ખાન, ચંકી પાંડે, ભાવના પાંડે અને આકાંક્ષા રંજન સહિતના અનેક સિતારાઓએ તેને શુભેચ્છાઓ આપી છે. મલાઈકા અરોરાએ વર્ષ 1998માં એક્ટર અરબાઝ ખાન સાથે લગ્ન કર્યા હતા. લગ્નના લગભગ 19 વર્ષ બાદ 2017માં બંનેના છૂટાછેડા થઈ ગયા હતા. આ લગ્નથી તેમને એક દીકરો અરહાન ખાન છે. ડિવોર્સ પછી મલાઈકા અને અરબાઝ પોતાની અંગત જિંદગીમાં આગળ વધી ગયા. અરબાઝ ખાને ડિસેમ્બર 2023માં શૂરા ખાન સાથે બીજા લગ્ન કરી લીધા, જ્યારે મલાઈકા અત્યારે સિંગલ છે. જોકે તે અવારનવાર સોશિયલ મીડિયા પર પોતાની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં રહે છે.

પારંપરિક અંદાજમાં કંગના રનૌતે ઉજવી દિવાળી

(એજન્સી) મુંબઈ | તા.09

દિવાળીનો તહેવાર બોલીવુડ સિતારાઓ માટે પણ ખૂબ ખાસ હોય છે. આ દિવસે દરેક વ્યક્તિ પોતાના પરિવાર અને મિત્રો સાથે આ ખાસ દિવસ ઉજવે છે. ફિલ્મી સિતારાઓ પણ પોતાના વ્યસ્ત શેડ્યૂલમાંથી સમય કાઢીને આ તહેવારને પૂરા ઉત્સાહ સાથે ઉજવે છે. આ વખતે પણ અનેક બોલીવુડ એક્ટ્રેસિસે દિવાળીની ઉજવણીની સુંદર તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. કોઈએ ઘરે પૂજા કરી, તો કોઈએ પોતાના પરિવાર અને મિત્રો સાથે મળીને આ દિવસને યાદગાર બનાવ્યો.આ પ્રસંગે કંગના રનૌતનું દિવાળી સેલિબ્રેશન પણ ભારે ચર્ચામાં રહ્યું. આ સાથે જ આયશા ખાન અને શર્વરીએ પણ પોતાના અનોખા અંદાજમાં તહેવારની ઉજવણી કરી. ટ્રેડિશનલ કપડાંથી લઈને દિવાળીના ડેકોરેશન અને તહેવારની રોનક સુધી, આ સિતારાઓની ઉજવણીમાં ઘણું બધું ખાસ જોવા મળ્યું.



સમય રૈનાએ 12th ફેલ એક્ટ્રેસ મેધા શંકર સાથે મનાવી દિવાળી

(એજન્સી) મુંબઈ | સ્ટેન્ડ કોમેડિયન સમય રૈના પોતાની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં છે. અત્યારે તેના રિલેશનશિપને લઈને ખૂબ વાતો થઈ રહી છે. સમય રૈનાએ 12th ફેલ ફેમ એક્ટ્રેસ મેધા શંકર સાથે દિવાળીની તસવીરો શેર કરી છે, જેના પછી સોશિયલ મીડિયા પર તેમના ડેટિંગના સમાચારો જોર પકડી રહ્યા છે. ફોટામાં મેધા શંકર લાલ રંગના અનારકલી સૂટમાં જોવા મળે છે અને તેણે મિડલ પાર્ટેડ હેરસ્ટાઈલ સાથે પોતાનો લુક કમ્પ્લીટ કર્યો છે, જ્યારે સમય રૈનાએ સફેદ રંગનો કુર્તા-પાયજામો પહેરેલો છે. સમય રૈનાએ દિવાળી સેલિબ્રેશનના ઘણા ફોટા શેર કર્યા છે. તેણે લખ્યું કે મુંબઈમાં પોતાના ઘરે તેણે ખાસ દિવાળી પાર્ટી રાખી હતી, જેમાં તેણે પોતાના મિત્રો અને તેમના માતા-પિતાને આમંત્રણ આપ્યું હતું. આ પાર્ટીમાં વરુણ ધવન, મુનવ્વર ફારૂકી, આશિષ ચંચલાની, કીકુ શારદા, સિદ્ધાંત ચતુર્વેદી, વીર પહાડિયા, ઝાકિર ખાન, શેરોન વર્મા અને સ્કાઉટ ઓપીની ગર્લફ્રેન્ડ કાશ્વી હીરાનંદાની જેવા જાણીતા લોકો સામેલ થયા હતા. આ દરમિયાન મેધા સમયની માતા સ્વીટી રૈના સાથે પોઝ આપતી પણ જોવા મળી હતી.

વિરાટ કોહલીની 100 સદીઓની રેસ

સુનીલ ગાવસ્કરે સાથી ખેલાડીઓને આપી 'રન કુરબાન' કરવાની સલાહ



(એજન્સી) નવી દિલ્હી । તા. 09

સુનીલ ગાવસ્કરે વિરાટ કોહલીની 100 આંતરરાષ્ટ્રીય સદીઓ અંગે નિવેદન આપ્યું છે. ગાવસ્કરે જણાવ્યું કે, જો કોઈ સાથી ખેલાડી કોહલીને આ સિદ્ધિ સુધી પહોંચાડવા રનનો ત્યાગ કરે, તો તે કોહલી અને ભારતીય ચાહકો માટે ખુશીની ક્ષણ બનશે. ન્યુઝીલેન્ડ સામેની મેચમાં કોહલીના 74 રન પછી ગિલ અને ઐયર મૂંઝવણમાંથી બચી ગયા હતા. કોહલી હાલ 86 સદી સાથે સચિનના 100 સદીના રેકોર્ડ નજીક છે. ભારતના મહાન પૂર્વ બેટ્સમેન સુનીલ ગાવસ્કરે વિરાટ કોહલીની 100 આંતરરાષ્ટ્રીય સદીઓની સિદ્ધિને લઈને ચાલી રહેલી ચર્ચા પર મહત્વનું નિવેદન આપ્યું છે. ગાવસ્કરે જણાવ્યું છે કે, જો કોઈ સાથી ખેલાડી કોહલીને આ ઐતિહાસિક સિદ્ધી સુધી પહોંચાડવા માટે પોતાના રનનો ત્યાગ કરે તો તે માત્ર કોહલી માટે જ નહીં, પરંતુ સમગ્ર ભારતીય ક્રિકેટ ચાહકો માટે ખુશી અને ગૌરવની ક્ષણ બનશે. ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ વનડેમાં વિરાટ કોહલીએ 51 બોલમાં 74 રન ફટકારીને ભારતને જીત તરફ દોરી જવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ગાવસ્કરે કહ્યું કે, 'જો કોહલી ક્રિઝ પર વધુ સમય રહ્યો હોત, તો લક્ષ્યની નજીક પહોંચ્યા બાદ કેપ્ટન શુભમન ગિલ અને શ્રેયસ ઐયર માટે મેચ ઝડપથી પૂરી કરવી કે કોહલીને સદી ફટકારવાની તક આપવી તે અંગે મુશ્કેલ પરિસ્થિતિ સર્જાઈ શકી હોત. મેચ જીતવી એ ટીમનું મુખ્ય લક્ષ્ય હોવું જોઈએ, પરંતુ જો ટીમના વિજયને નુકસાન ન પહોંચતું હોય તો આવી સિદ્ધિ મેળવવામાં ખેલાડીને મદદ કરવી યોગ્ય બાબત છે.' ગાવસ્કરે રેકોર્ડ્સની માનસિકતા અંગે કહ્યું કે, 'ભારતીયોને હંમેશા રેકોર્ડ્સ બનાવવાનો શોખ રહ્યો છે અને તેથી તેના સારા-નરસા પાસાં અંગે હંમેશા ચર્ચા થતી રહે છે. એક વાત ચોક્કસ છે કે જે લોકો એમ કહે છે કે તેઓ રેકોર્ડ્સ માટે નથી રમતા, તેમાંથી 99% લોકો વાસ્તવમાં પ્રતિભા અને સ્વભાવની દ્રષ્ટિએ કોઈ રેકોર્ડ બનાવવા માટે સક્ષમ જ હોતા નથી, તેથી તેમના માટે આવું કહેવું સરળ છે.' કોહલીના ઐતિહાસિક સિદ્ધી વિશે વાત કરતાં ગાવસ્કરે જણાવ્યું કે, 'એક પણ ભારતીય ક્રિકેટ ચાહક એવો નથી જે ઈચ્છતો ન હોય કે કોહલી 100 આંતરરાષ્ટ્રીય સદીઓ સુધી પહોંચે. આપણે બધા તેને ત્યાં પહોંચતો જોવા માંગીએ છીએ અને તેથી જો કોઈ એવી ક્ષણ આવે કે જ્યાં અન્ય કોઈ સાથી ખેલાડી પોતાના રનનો ત્યાગ કરીને તેને આ તક આપે, તો તે ગૌરવ માત્ર કોહલીનું જ નહીં, પરંતુ તમામ ભારતીય ક્રિકેટ ચાહકોનું પણ બનશે.'

વિશ્વનાથન આનંદથી શરૂ થયેલી સફર 100 પર પહોંચી

ભારતને મળ્યો નવો ચેસ ગ્રાન્ડમાસ્ટર

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

ભારતીય ચેસ જગતમાં એક નવો ઈતિહાસ રચાયો છે. મધ્યપ્રદેશના 22 વર્ષના અનુજ શ્રીવાસ્તવ ભારતના 100મા ચેસ ગ્રાન્ડમાસ્ટર બની ગયા છે. ફિલિપાઈન્સમાં રમાયેલી 7મી આસિયાન પ્લસ વ્યક્તિગત ઓપન ચેસ ચેમ્પિયનશિપ જીતીને તેમણે આ સિદ્ધિ મેળવી હતી. આ સાથે અનુજ મધ્યપ્રદેશના પ્રથમ ગ્રાન્ડમાસ્ટર પણ બન્યા છે. ભારતીય ચેસ માટે આ બેવડી ખુશીની ક્ષણ છે. અનુજ માટે આ ટુર્નામેન્ટની શરૂઆત સારી રહી નહોતી. પહેલી જ રમતમાં તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. જોકે, આ હારથી નિરાશ થયા વિના તેમણે શાનદાર વાપસી કરી હતી. ત્યારબાદની આઠ રમતોમાં તેમણે 7 પોઈન્ટ મેળવ્યા અને ટુર્નામેન્ટમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું. આ સ્પર્ધા ફિલિપાઈન્સના મિસામિસ ઓક્સિડેન્ટલમાં આવેલા આસેન્સો ગ્લોબલ યુથ લીડરશિપ એન્ડ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાઈ હતી. અંતિમ બે રાઉન્ડમાં અનુજે દબાણ વચ્ચે જીત મેળવીને પોતાનું સ્થાન મજબૂત કર્યું હતું. અંતિમ ક્રમમાં વિયેતનામના ગુયેન ડુક હોઆ 6.5 પોઈન્ટ સાથે બીજા અને ફિલિપાઈન્સના નૌરી અલેખાઈન 6 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા. ભારતને પ્રથમ ચેસ ગ્રાન્ડમાસ્ટર તરીકે વિશ્વનાથન આનંદ મળ્યા હતા. તેમણે 1987માં પોતાની ત્રીજી ગ્રાન્ડમાસ્ટર નોર્મ મેળવી હતી અને 1988માં ગ્રાન્ડમાસ્ટરથી લઈને 100મા ગ્રાન્ડમાસ્ટર સુધીની સફર પૂર્ણ થઈ છે. અનુજ પહેલાં એથન વાઝ, હર્ષવર્ધન જીબી, એસ. અશ્વથ અને વી.એસ. રથનવીલને આ ખિતાબ મળ્યો હતો. જુલાઈમાં વી.એસ. રથનવીલ ભારતના 99મા ગ્રાન્ડમાસ્ટર બન્યા હતા. ગ્રાન્ડમાસ્ટર ચેસમાં આપવામાં આવતો સર્વોચ્ચ ખિતાબ છે. આંતરરાષ્ટ્રીય ચેસ મહાસંઘ એટલે કે ફિડે દ્વારા આ ખિતાબ આપવામાં આવે છે. સામાન્ય રીતે ખેલાડીએ ઓછામાં ઓછી ત્રણ ગ્રાન્ડમાસ્ટર નોર્મ મેળવવી પડે છે. આ ઉપરાંત તેના ફિડે રેટિંગે ઓછામાં ઓછા 2500નો આંકડો સ્પર્શવો જરૂરી છે.ગ્રાન્ડમાસ્ટર નોર્મ મેળવવા માટે ખેલાડીએ મજબૂત આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ઊંચા સ્તરનું પ્રદર્શન કરવું



ભારતના પ્રથમ ગ્રાન્ડમાસ્ટર તરીકે ઓળખ મેળવી હતી. હવે લગભગ ચાર દાયકા બાદ ભારતે 100 ગ્રાન્ડમાસ્ટરનો આંકડો પાર કર્યો છે. ખાસ વાત એ છે કે ભારતના છેલ્લા પાંચ ગ્રાન્ડમાસ્ટર માત્ર પાંચ મહિનામાં બન્યા છે. 2026ના જુલાઈથી નવેમ્બર વચ્ચે 96મા પડે છે. ત્રણ નોર્મ અને જરૂરી રેટિંગની શરતો પૂરી થયા બાદ ખેલાડીને ગ્રાન્ડમાસ્ટરનો ખિતાબ મળે છે. અનુજની આ સિદ્ધિથી ભારતીય ચેસમાં હવે 100 ગ્રાન્ડમાસ્ટર થઈ ગયા છે અને મધ્યપ્રદેશને તેનો પ્રથમ ગ્રાન્ડમાસ્ટર મળ્યો છે.

ડકારમાં ભારતની દીકરીનો ડંકો

તાનિયાએ બીચ રેસલિંગમાં જીત્યો સિલ્વર મેડલ



(એજન્સી) નવી દિલ્હી । તા. 09

ડકાર યુથ ઓલિમ્પિક ગેમ્સ 2026માં ભારતની યુવા મહિલા પહેલવાન તાનિયાએ શાનદાર પ્રદર્શન કરીને દેશનું ગૌરવ વધાર્યું છે. મહિલા 75 કિલોગ્રામ બીચ રેસલિંગ સ્પર્ધામાં તાનિયાએ સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. ડકાર યુથ ઓલિમ્પિક ગેમ્સ 2026માં ભારતની યુવા મહિલા પહેલવાન તાનિયાએ શાનદાર પ્રદર્શન કરીને દેશનું ગૌરવ વધાર્યું છે. મહિલા 75 કિલોગ્રામ બીચ રેસલિંગ સ્પર્ધામાં તાનિયાએ સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. ગોલ્ડ મેડલ માટે રમાયેલી ફાઈનલમાં તેને ચીનની ખેલાડી સામે 1-2થી હારનો સામનો કરવો પડ્યો હતો. જોકે, ફાઈનલ સુધીની તેની સફર અને શાનદાર પ્રદર્શને સૌનું ધ્યાન ખેંચ્યું છે. ગોલ્ડ મેડલ માટેની ફાઈનલમાં તાનિયાનો સામનો ચીનની મજબૂત પહેલવાન ઝાઓ મિન સામે થયો હતો. ઝાઓ મિન વર્ષ 2025માં 69 કિલોગ્રામ વર્ગની વિશ્વ ચેમ્પિયન રહી ચૂકી છે. તેથી બંને ખેલાડીઓ વચ્ચે રોમાંચક મુકાબલાની અપેક્ષા હતી.મેદાનમાં બંને પહેલવાનોએ શરૂઆતથી જ જીત માટે જોર લગાવ્યું હતું. તાનિયાએ પોતાની શાનદાર ટેકનિક અને હિંમતના આધારે ચીનની ખેલાડીને જોરદાર ટક્કર આપી હતી. જોકે, અંતિમ ક્ષણોમાં ચીનની પહેલવાને બાજી મારી હતી અને તાનિયાને 1-2થી હાર મળી હતી.આ હાર છતાં તાનિયાએ સિલ્વર મેડલ જીતીને ભારતને ગૌરવ અપાવ્યું છે. ખાસ વાત એ છે કે તેણે ફાઈનલમાં વિશ્વ ચેમ્પિયન સામે પણ હાર ન માનતા અંત સુધી સંઘર્ષ કર્યો હતો. તાનિયાએ ટુર્નામેન્ટની શરૂઆતથી જ આક્રમક રમત બતાવી હતી. તેણે ગ્રુપ સ્ટેજથી લઈને સેમિફાઈનલ સુધીના તમામ મુકાબલામાં જીત મેળવીને ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું.

GTA 6 ના આ નવા લીકે મચાવી દીધો હડકંપ

(એજન્સી) નવી દિલ્હી । તા. 09


વિશ્વભરના ગેમર્સ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે તે ગ્રાન્ડ થેફ્ટ ઓટો 6 (GTA 6)ને લઈને નવી માહિતી સામે આવી છે. એક અહેવાલ મુજબ, આ ગેમ લોન્ચ થશે ત્યારે તેમાં કુલ 55 ટ્રોફી અને અચિવમેન્ટ્સ હોઈ શકે છે. જો આ માહિતી સાચી સાબિત થશે તો તે રોકસ્ટારની અગાઉની બે લોકપ્રિય ગેમ્સ ગ્રાન્ડ થેફ્ટ ઓટો 5 (GTA 5) અને રેડ ડેડ રિડેમ્પશન 2 કરતાં વધુ હશે. ગેમિંગ જગતમાં ટ્રોફી અને અચિવમેન્ટ્સ એવા લક્ષ્યાંકો હોય છે, જે ખેલાડીઓ ગેમ રમતી વખતે ખાસ કામ પૂરાં કરીને મેળવી શકે છે. જેમ કે કોઈ મિશન પૂરું કરવું, ચોક્કસ પડકાર પાર કરવો અથવા ગેમમાં આપેલા તમામ લક્ષ્યાંકો હાંસલ કરવા. આ ટ્રોફી મેળવવી ઘણા ગેમર્સ માટે ગેમ રમવાની સાથે એક અલગ પડકાર પણ હોય છે. સામે આવેલી માહિતી પ્રમાણે, GTA 6માં કુલ 55 અચિવમેન્ટ્સ ગોઠવવામાં આવ્યા હોવાનું કહેવાય છે. તેમાંથી 54 અચિવમેન્ટ્સને 1થી 54 સુધીના પોઈન્ટ આપવામાં આવ્યા છે, જ્યારે એક અચિવમેન્ટ 1000 પોઈન્ટનું હોવાનું કહેવાય છે. આ 1000 પોઈન્ટનું અચિવમેન્ટ ખાસ ધ્યાન ખેંચે છે. શક્યતા છે કે ગેમમાં તમામ અચિવમેન્ટ્સ મેળવ્યા બાદ આ ખાસ પુરસ્કાર મળે. જોકે, તે એક્સબોક્સનું 'મિથિક અચિવમેન્ટ' પણ હોઈ શકે છે. અત્યારે આ અંગે કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી. જો 55 ટ્રોફી અને અચિવમેન્ટ્સની માહિતી સાચી હોય તો GTA 6 રોકસ્ટારની અગાઉની ગેમ્સને પાછળ છોડી દેશે. GTA 5માં લોન્ચ સમયે 51 અને રેડ ડેડ રિડેમ્પશન 2માં 52 ટ્રોફી અને અચિવમેન્ટ્સ હતાં.

દિવાળીએ WWE ફેન્સે બનાવી રે મિસ્ટિરિયોની રંગોળી

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

દિવાળીના તહેવારની ઉજવણીમાં ભારતીય ચાહકોનો અનોખો અંદાજ જોવા મળ્યો છે. WWEના દિગ્ગજ રેસલર રે મિસ્ટિરિયોના ચાહકોએ તેમની રંગબેરંગી માસ્કવાળી રંગોળી બનાવીને તેમને ખાસ ભેટ આપી હતી. આ રંગોળી જોઈને રે મિસ્ટિરિયો પણ ખૂબ પ્રભાવિત થયો હતો અને તેણે ભારતીય ચાહકોનો આભાર માન્યો હતો. WWE ઈન્ડિયાએ પોતાના સોશિયલ મીડિયા પર આ રંગોળીનો વીડિયો અને તસવીરો શેર કરી હતી. તેમાં રે મિસ્ટિરિયોના જાણીતા માસ્કને રંગોળી દ્વારા સુંદર રીતે રજૂ કરવામાં આવ્યો હતો. રે મિસ્ટિરિયોની ઓળખ તેના રંગબેરંગી માસ્ક અને '619' મૂવથી છે. ચાહકોએ આ જ ઓળખને રંગોળીમાં ઉતારી હતી. રે મિસ્ટિરિયો પોતાના નજીકના મિત્ર અને રેસલર પેન્ટા સાથે હતો ત્યારે તેને આ રંગોળી બતાવવામાં આવી હતી. રંગોળી જોઈને તે આશ્ચર્યચકિત અને ખુશ થઈ ગયો હતો. તેણે ભારતીય ચાહકોને દિવાળીની શુભેચ્છા પાઠવતાં કહ્યું, "હેપી દિવાળી ઈન્ડિયા. બુયાકા, રે મિસ્ટિરિયો, 619." રે મિસ્ટિરિયો લગભગ ચાર દાયકાથી રેસલિંગની દુનિયામાં સક્રિય છે. 51 વર્ષીય આ રેસલર પોતાના અનોખા માસ્ક, હવામાંથી કરવામાં આવતા દાવ અને ઝડપી રેસલિંગ માટે જાણીતો છે. રે મિસ્ટિરિયો ઉપરાંત WWEના પૂર્વ અનડિસ્પ્યુટેડ ચેમ્પિયન ડ્રૂ મેકઈન્ટાયરએ પણ ભારતીય ચાહકોને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી.





અમેરિકા-યુરોપમાં ડેટા સેન્ટરો સામે ભડક્યા લોકો

માઇક્રોસોફ્ટની સાઇટમાં ઘુસીને હજારો લોકોનું આક્રમક વિરોધ પ્રદર્શન

(એજન્સી) અમેરિકા । તા. 09

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની મદદથી હવે લોકો તસવીરો બનાવી રહ્યા છે, વીડિયો તૈયાર કરી રહ્યા છે, સવાલોના જવાબ મેળવી રહ્યા છે અને પોતાનાં કામ સરળ બનાવી રહ્યા છે. પરંતુ આ જ AIને ચલાવતી ટેક્નોલોજી સામે યુરોપમાં હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. આયર્લેન્ડની રાજધાની ડબલિનથી લઈને ફિનલેન્ડના હેલસિંકી સુધી વિરોધ પ્રદર્શનો યોજાયાં છે. અમેરિકામાં પણ AI સામે કેટલાય મહિનાથી અલગ-અલગ સ્થળોએ વિરોધ થઈ રહ્યો છે.એમ્સ્ટરડેમમાં તો પ્રદર્શનકારીઓ માઇક્રોસોફ્ટના એક ડેટા સેન્ટરના નિર્માણ સ્થળે ઘૂસી ગયા હતા. સવાલ એ છે કે જે ટેક્નોલોજીને દુનિયા ભવિષ્ય માની રહી છે, તેની સામે લોકો વિરોધ શા માટે કરી રહ્યા છે? હકીકતમાં AI પાછળ માત્ર



ચેટબોટ કે કોઈ સોફ્ટવેર જ નથી હોતું. તેને ચલાવવા માટે મોટા પાયે ડેટા સેન્ટરો બનાવવામાં આવી રહ્યાં છે. આ ઇમારતોમાં હજારો સર્વર લગાવવામાં આવે છે, જે AI મોડલને તાલીમ આપવાથી લઈને વપરાશકર્તાઓના સવાલોના જવાબ આપવા સુધીનાં કામ કરે છે. આ સર્વરને સતત વીજળીની જરૂર પડે છે. સાથે જ તેને ઠંડા રાખવા માટે કૂલિંગ સિસ્ટમ પણ સતત ચાલુ રાખવી પડે છે. આ જ કારણ છે કે ડેટા સેન્ટરોની વધતી સંખ્યા હવે વીજળી, પાણી અને પર્યાવરણને લઈને ચિંતા વધારી રહી છે. એટલું જ નહીં, AI ડેટા સેન્ટરોમાં ઉપયોગમાં લેવાતી ચિપ્સની વધતી માંગને કારણે દુનિયાભરમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો પણ મોંઘાં થઈ રહ્યાં છે. તેની સૌથી વધુ અસર સ્માર્ટફોનની કિંમતો પર જોવા મળી રહી છે. 7 નવેમ્બરે આયર્લેન્ડના ડબલિનમાં ડેટા સેન્ટરો સામે મોટું વિરોધ પ્રદર્શન યોજાયું હતું. બ્લૂમબર્ગના અહેવાલ અનુસાર, તેમાં લગભગ 2,000 લોકો જોડાયા હતા. બીજી તરફ, ફિનલેન્ડની રાજધાની હેલસિંકીમાં આશરે 1,300 લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. ફિનલેન્ડનાં અન્ય નાનાં શહેરોમાં પણ વિરોધ જોવા મળ્યો હતો.

ફ્રાન્સની હિંસાની આડમાં

રશિયાનું મોટું પ્રચાર અભિયાન




(એજન્સી) રશિયા । તા. 09

EUના અહેવાલ મુજબ, તેનો હેતુ સરકારની છબીને ખરડાવવાનો અને લોકોમાં ભય ફેલાવવાનો હતો.રશિયા સાથે જોડાયેલા ગુપ્ત નેટવર્ક પર ગયા મહિને ફ્રાન્સમાં થયેલા રમખાણો અંગે પ્રચાર અભિયાન ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ નેટવર્કે હિંસા માટે અનિયંત્રિત ઇમિગ્રેશનને દોષી ઠેરવવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કર્યો અને ફ્રેન્ચ સરકારને નબળી પાડવાનો પ્રયાસ કર્યો. આ કરવા માટે, તેણે પશ્ચિમી મીડિયા આઉટલેટ્સની નકલ કરીને નકલી વિડિઓઝ અને સમાચાર ફેલાવ્યા. આંતરિક EU રિપોર્ટમાં આ વાત બહાર આવી છે. રોઇટર્સના અહેવાલ મુજબ, EU રિપોર્ટમાં જણાવાયું છે કે 'ઓપરેશન ઓવરલોડ' નામના રશિયન નેટવર્કે ભય અને મૂંઝવણ ફેલાવવા માટે ફ્રેન્ચ રમખાણોનો ઉપયોગ કર્યો. આ નેટવર્કે એવા વીડિયો પ્રસારિત કર્યા જે પશ્ચિમી મીડિયા આઉટલેટ્સના સમાચાર અહેવાલો જેવા દેખાતા હતા. તેઓએ દાવો કર્યો હતો કે સ્થળાંતર કરનારાઓએ વિરોધીઓ પર બળાત્કાર કર્યો હતો અને દેશમાં આતંકવાદી હુમલાઓ નિકટવર્તી હતા. જોકે, આ દાવાઓ ખોટા હતા.EU રિપોર્ટ 7 થી 21 ઓક્ટોબર વચ્ચેની પ્રવૃત્તિઓ પર આધારિત છે. તેમાં જણાવાયું છે કે રશિયાનો ધ્યેય ફ્રેન્ચ નેતૃત્વને નબળા અને વધુને વધુ સરમુખત્યારશાહી તરીકે દર્શાવવાનો હતો. રિપોર્ટ અનુસાર, આવી ઘટનાઓ વિદેશી શક્તિઓને રાષ્ટ્રીય સરકારોની છબી ખરાબ કરવાની, જનતામાં ભય અને વિભાજન વધારવાની અને ચૂંટણી પહેલા જાહેર અભિપ્રાયને પ્રભાવિત કરવાની તક પૂરી પાડે છે.રિપોર્ટમાં એ પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે રશિયા અથવા અન્ય કોઈ બાહ્ય બળે ફ્રાન્સમાં હિંસા શરૂ કરી હતી અથવા ઉશ્કેરી હતી તેના કોઈ પુરાવા નથી. નિષ્ણાતો આ પ્રવૃત્તિને પહેલાથી જ ચાલી રહેલી અશાંતિનો તકવાદી શોષણ તરીકે વર્ણવે છે. આનો અર્થ એ છે કે રશિયા પર રમખાણો ઉશ્કેરવાનો નહીં, પરંતુ ખોટી માહિતી ફેલાવવા માટે રમખાણો પછી સોશિયલ મીડિયા દ્વારા તેમનું શોષણ કરવાનો આરોપ છે.

AIના વધતા પ્રભાવ વચ્ચે બિલ ગેટ્સની મોટી સલાહ

(એજન્સી) અમેરિકા । તા. 09

આજના સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AIનો ઉપયોગ દિવસેને દિવસે વધી રહ્યો છે. ઘણી મોટી કંપનીઓ હવે AI ટૂલ્સમાં મોટું રોકાણ કરી રહી છે. AIના આગમનથી અનેક કામ પહેલાંની સરખામણીએ સરળ બની ગયાં છે. જોકે, બીજી તરફ તેના કારણે લોકોની નોકરીઓ અને કમાણી પર અસર થવાની આશંકા પણ વધી રહી છે.આવી સ્થિતિમાં સવાલ થાય છે કે જો AI માણસોની જગ્યા લેવા લાગશે, તો તેનો ફાયદો કોને થશે? આ મુદ્દે માઇક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સે સરકારોને ટેક્સ વ્યવસ્થામાં ફેરફાર કરવાની સલાહ આપી છે. બિલ ગેટ્સનું કહેવું છે કે અમીર લોકો અને અબજોપતિઓ પાસેથી વધુ ટેક્સ વસૂલવો જોઈએ. તેનાથી આર્થિક રીતે નબળા લોકોને પણ સારી સુવિધાઓ મળી શકશે. AIથી સૌથી વધુ ફાયદો કોને થઈ રહ્યો છે, તે અંગે બિલ ગેટ્સનું માનવું છે કે AIના કારણે થતો આર્થિક ફાયદો કેટલીક મોટી ટેક કંપનીઓ અને અમીર લોકો સુધી જ સીમિત રહી શકે છે. બિલ ગેટ્સે ટેક્સ વ્યવસ્થાને લઈને પણ પોતાના વિચારો રજૂ કર્યા છે. તેમનું કહેવું છે કે સરકારે એવા નિયમો બનાવવા જોઈએ, જેના કારણે અમીર લોકો વધુ ટેક્સ ચૂકવે અને સમાજના વિકાસમાં યોગદાન આપે. તેમના મતે, જે લોકો વધુ કમાણી કરે છે તેમણે વધુ ટેક્સ ચૂકવવો જોઈએ. સરકાર ટેક્સમાંથી મળતી આવકનો ઉપયોગ એવા લોકોને મદદ કરવા માટે કરી શકે છે, જેમની નોકરીઓ પર AIની અસર પડી રહી છે. બિલ ગેટ્સનું માનવું છે કે AI અને મશીનોનો ઉપયોગ વધવાથી અનેક ક્ષેત્રોમાં માણસોની જરૂરિયાત ઘટી શકે છે. ચિંતાની વાત એ છે કે તેના કારણે કેટલાક લોકોની નોકરીઓ પણ જઈ શકે છે.આવી સ્થિતિમાં અમીર લોકોની કમાણી વધી શકે છે, જ્યારે આર્થિક રીતે નબળા લોકોની મુશ્કેલીઓ વધી શકે છે. એટલે કે AIના આગમનથી કામ તો સરળ બન્યાં છે, પરંતુ તેની સાથે નોકરીઓ અને આવક પર પણ અસર થવાની શક્યતા છે.એક પોડકાસ્ટમાં બિલ ગેટ્સે કહ્યું હતું કે અમીર અને ગરીબ લોકો વચ્ચેની આર્થિક અસમાનતા ઘટાડવાની જવાબદારી સરકારની છે. તેમણે એમ પણ કહ્યું કે સમાજના વિકાસ માટે માત્ર અમીર લોકોના દાન પર આધાર રાખી શકાય નહીં. AIના આગમનથી અનેક કામ ખૂબ જ સરળ અને ઝડપી બની ગયાં છે. પહેલાં જે કામ પૂરાં કરવામાં ઘણો સમય લાગતો હતો, તે હવે AIની મદદથી ગણતરીની મિનિટોમાં પૂરાં થઈ શકે છે.જોકે, તેની અસર હવે નોકરીઓ પર પણ જોવા મળી રહી છે. ઘણી મોટી ટેક કંપનીઓ AI ટૂલ્સમાં પોતાનું રોકાણ વધારી રહી છે અને સાથે જ કર્મચારીઓની છટણી પણ કરી રહી છે.આમ, AI એક તરફ કામને સરળ અને ઝડપી બનાવી રહ્યું છે, તો બીજી તરફ લોકોની નોકરીઓ અને કમાણી સામે નવા પડકારો પણ ઊભા કરી રહ્યું છે.



અમેરિકામાં રહેતા ભારતીયો માટે ખુશખબર!

SBIએ ટેક્સાસમાં ખોલી નવી બ્રાન્ચ

(એજન્સી) અમેરિકા । તા. 09

ભારતીય સ્ટેટ બેંકે અમેરિકામાં પોતાનો કારોબાર વિસ્તારતાં ટેક્સાસના ફ્રિસ્કો શહેરમાં નવી શાખા શરૂ કરી છે. આ શાખા SBIની સંપૂર્ણ માલિકીની સહાયક કંપની સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (કેલિફોર્નિયા) દ્વારા ખોલવામાં આવી છે. આ સાથે કંપનીએ કેલિફોર્નિયાની બહાર પ્રથમ વખત પોતાની ભૌતિક શાખાનો વિસ્તાર કર્યો છે. નવી શાખા શરૂ થતાં અમેરિકામાં આ સહાયક કંપનીનાં બેંકિંગ કેન્દ્રોની સંખ્યા વધીને 8 થઈ ગઈ છે. નવી શાખાનું ઉદ્ઘાટન SBI જૂથના ચેરમેન સી.એસ. શેટ્ટીએ કર્યું હતું. આ પ્રસંગે હ્યુસ્ટનમાં ભારતના મહાવાણિજ્ય દૂત ડી.સી. મંજુનાથ અને ફ્રિસ્કોના મેયર માર્ક હિલ પણ હાજર રહ્યા હતા. આ નવી શાખાથી ખાસ કરીને ઉત્તર ટેક્સાસમાં રહેતા ભારતીયો, વેપારીઓ અને કંપનીઓને બેંકિંગ સેવાઓ મેળવવામાં સરળતા રહેશે. ફ્રિસ્કોની નવી શાખામાં ગ્રાહકોને વ્યક્તિગત અને વ્યવસાય સંબંધિત અનેક બેંકિંગ સેવાઓ મળશે. તેમાં બચત અને થાપણ ખાતાં, વ્યવસાય માટે લોન તેમજ વિદેશમાં નાણાં મોકલવાની સુવિધાનો સમાવેશ થાય છે. આ સેવાઓનો લાભ ખાસ કરીને ઉત્તર ટેક્સાસમાં રહેતા સામાન્ય લોકો, વ્યાવસાયિકો, ઉદ્યોગસાહસિકો અને કંપનીઓને મળી શકશે. ભારતના મહાવાણિજ્ય દૂત ડી.સી. મંજુનાથે જણાવ્યું હતું કે આ શાખા ભારત અને અમેરિકા વચ્ચેના આર્થિક તથા વેપારી સંબંધોને મજબૂત બનાવવામાં મદદ કરશે. આ ઉપરાંત ઉત્તર ટેક્સાસમાં ઝડપથી વધી રહેલા ભારતીય સમુદાયને બેંકિંગ સેવાઓ સાથે જોડવામાં પણ તેની મહત્વની ભૂમિકા રહેશે.સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (કેલિફોર્નિયા)નાં 8 કેન્દ્રો ઉપરાંત SBI અમેરિકાનાં અન્ય શહેરોમાં પણ કાર્યરત છે. બેંક ન્યૂયોર્ક, શિકાગો અને લોસ એન્જલસમાં સંપૂર્ણ બેંકિંગ સેવાઓ આપતી શાખાઓ ચલાવે છે. આ ઉપરાંત વોશિંગ્ટનમાં તેની પ્રતિનિધિ કચેરી પણ છે.આ દરમિયાન શેરબજારમાં પણ SBIના શેરમાં તેજી જોવા મળી છે. આપવામાં આવેલા આંકડા મુજબ, શુક્રવારે બેંકનો શેર લગભગ 1% વધીને 1,016 પર બંધ થયો હતો. છેલ્લા એક સપ્તાહમાં તેમાં લગભગ 4%નો વધારો થયો છે, જ્યારે એક મહિનામાં શેર 8%થી વધુ વધ્યો છે. આ તેજી બાદ બેંકનું બજારમૂલ્ય વધીને આશરે 9.38 લાખ કરોડ થયું છે.

બાંગ્લાદેશે શેખ હસીનાની વાપસીના દાવાઓને ફગાવ્યા

બાંગ્લાદેશ | બાંગ્લાદેશ સરકારે સત્તા પરથી હટાવવામાં આવેલાં પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાના દેશમાં પરત ફરવાના દાવાને માત્ર એક 'રાજકીય સ્ટંટ' ગણાવીને ફગાવી દીધો છે. સરકારે જણાવ્યું છે કે પૂર્વ વડાંપ્રધાનનો ભારતથી પાછા ફરવાનો કોઈ વાસ્તવિક ઈરાદો નથી. સરકારની આ પ્રતિક્રિયા શેખ હસીના દ્વારા થોડા કલાકો પહેલાં કરવામાં આવેલી એક વિનંતી બાદ આવી છે, જેમાં તેમણે નવો પાસપોર્ટ અને રાષ્ટ્રીય ઓળખ કાર્ડ (નેશનલ આઇડેન્ટિટી કાર્ડ) જારી કરવાની માંગ કરી હતી.બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓના નેતૃત્વમાં થયેલા બળવા (આંદોલન) બાદથી ભારતમાં રહેલાં શેખ હસીનાએ સ્વદેશ પરત ફરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. અહેવાલો અનુસાર, તેઓ પોતાની માતૃભૂમિ પર પાછા ફરવા માંગે છે અને તેથી જ તેઓ નવો પાસપોર્ટ અને રાષ્ટ્રીય ઓળખ કાર્ડ મેળવવા પ્રયાસ કરી રહ્યાં છે. નવા દસ્તાવેજો માટેની આ વિનંતી અંગે મુખ્ય સરકારી વકીલ (ચીફ પ્રોસિક્યુટર) મોહમ્મદ અમીનુલ ઈસ્લામે ટિપ્પણી કરી હતી કે વિવિધ મીડિયા માધ્યમોમાં અહેવાલ મુજબ હસીનાની તાજેતરની પ્રવૃત્તિઓ 'માત્ર એક રાજકીય સ્ટંટ' સિવાય બીજું કંઈ નથી.

માતાના ખોળામાં મળ્યો 2 મહિનાના માસૂમનો દેહ

એક જ પરિવારના 6 લોકોના આગમાં મોત! ફાયર બ્રિગેડ ફાટેલા પાઈપ લાવી





(એજન્સી) કટની | તા 09

મધ્ય પ્રદેશના કટની જિલ્લાના બરહીમાં દિવાળીની રાત્રે એક ત્રણ માળની ઈમારતમાં ભીષણ આગ લાગતાં એક જ પરિવારના 6 સભ્યો જીવતા બળી ગયા હતા. ક્રોકરીની દુકાનમાં લાગેલી આગમાં પૂરન અગ્રવાલ (77), તેમના પત્ની ચંદ્રકલા (74), પુત્રવધૂ પૂનમ, પૌત્રીઓ આર્યા (14), અન્વી (6) અને 2 મહિનાના બાળકનું કરુણ મોત નીપજ્યું હતું. ફાયર બ્રિગેડની બેદરકારીને કારણે આગ બુઝાવવામાં વિલંબ થયો હતો. પોલીસે તપાસ શરૂ કરી છે.મધ્ય પ્રદેશના કટની જિલ્લાના બરહીમાં દિવાળીની રાત્રે એક ત્રણ માળની ઈમારતમાં ભીષણ આગ લાગતાં એક જ પરિવારના 6 સભ્યો જીવતા બળી ગયા હતા. રાત્રે આશરે 12 વાગ્યે ક્રોકરીની દુકાનમાં લાગેલી આગ જોતજોતામાં સમગ્ર બિલ્ડિંગમાં ફેલાઈ ગઈ હતી. પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલીને આ સમગ્ર દુર્ઘટનાની તપાસ શરૂ કરી છે.આ ભયાનક અકસ્માતમાં 77 વર્ષીય પૂરન અગ્રવાલ, તેમના પત્ની ચંદ્રકલા (74), પુત્રવધૂ પૂનમ, પૌત્રીઓ આર્યા (14), અન્વી (6) અને માત્ર 2 મહિનાના માસૂમ બાળકનું કરુણ મોત નીપજ્યું હતું. પૂનમ અને તેમનું 2 મહિનાનું બાળક ત્રીજા માળે ફસાયેલા હતા, જ્યારે ચંદ્રકલા અને બંને બાળકીઓ અન્ય રૂમમાં ફસાઈ ગઈ હતી. બીજી તરફ, રિતેશ અગ્રવાલ અને તેમની ભાભી સમયસર બહાર દોડી આવતાં તેઓનો જીવ બચી ગયો હતો.દુર્ઘટના સમયે સ્થાનિક તંત્રની લાપરવાહી સામે આવી હતી. રાત્રે 12 વાગ્યે લાગેલી આગ બાદ બરહી નગર પરિષદનું ફાયર ફાઈટર આશરે 1 વાગ્યે પહોંચ્યું હતું, પરંતુ તેની પાઈપ ફાટેલી હતી. ત્યારબાદ વિજયરાઘવગઢથી બોલાવાયેલા વાહનની પાઈપમાં પણ ખામી સર્જાઈ હતી. બાદમાં કૈમોર અને કટનીથી વાહનો પહોંચ્યા હતા. અગ્નિશામક વ્યવસ્થા ખોરવાઈ જતાં આગ બુઝાવવામાં ભારે વિલંબ થયો હતો.તંત્રની ઢીલી કામગીરી વચ્ચે સ્થાનિક યુવાનોએ હિંમત દાખવીને બચાવ કાર્યમાં મોરચો સંભાળ્યો હતો. સવારે આશરે 4:30 વાગ્યે પૂરન અગ્રવાલને બહાર કઢાયા હતા, પરંતુ ત્યાં સુધીમાં તેમનું મોત થઈ ચૂક્યું હતું. ત્યારપછી સવારે 6:30 વાગ્યે જેસીબી વડે દીવાલ તોડીને અન્ય 5 મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા.સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, આટલી મોટી દુર્ઘટના હોવા છતાં વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ સવારે 4 વાગ્યા સુધી સ્થળ પર પહોંચ્યા નહોતા અને ફોન પર પણ સંપર્ક થઈ શક્યો નહોતો. સવારે 4 વાગ્યે સ્થાનિક પોલીસ ટીમ તેમજ બાદમાં એસડીઓપી સ્થળ પર આવ્યા હતા. સમગ્ર નગરમાં આ હૃદયદ્રાવક ઘટનાને લઈને ભારે આક્રોશ અને શોકનું મોજું ફરી વળ્યું છે.

ઉત્તર પ્રદેશમાં દિવાળીની રાતે ભાજપ ધારાસભ્યના ભાઈની ગોળી મારી હત્યા, કોંગ્રેસ નેતા પર આરોપ



(એજન્સી) ઉત્તર પ્રદેશ | તા 09

ઉત્તર પ્રદેશમાં દિવાળીની રાતે જ ભયાનક લોહિયાળ ઘટના સામે આવી છે. અહીં ચૂંટણીની અદાવતમાં જ ભાજપના ધારાસભ્ય અર્ચના પાંડેના પારિવારિક ભાઈ અને એડવોકેટ અનુજ કુમાર ચતુર્વેદીની ગોળી મારી હત્યા કરી દેવાતા ખળભળાટ મચી ગયો હતો.આ ઘટનાને કારણે રાજકારણ પણ ગરમાયુ અને દિવાળીની ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ હતી. મુખ્ય આરોપી કોંગ્રેસ જિલ્લા મહાસિચવ અમૂલ દીક્ષિત હોવાનો દાવો કરાયો છે જે ઘટના બાદથી ફરાર છે. પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તપાસ માટે પાંચ ટીમને તહેનાત કરી હતી.

ઉલ્લખનીય છે કે દિવાળીની રાતે જ આ ખૂની ખેલ ખેલાયો હતો અને છિબરામઉ પોલીસ સ્ટેશનની હદમાં એડવોકેટ અનુજ કુમારને ગોળી મારી દેવામાં આવી હતી. આ સનસનાટી મચાવતી ઘટનાને અંજામ આપવાનો આરોપ અમૂલ દીક્ષિત પર લાગ્યો છે. તેણે ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હોવાનો દાવો કરાયો છે.

News Brief

હરિદ્વાર જતી કાર ડિવાઈડર સાથે ભટકાતાં અગનગોળો બની, 5 લોકોના સળગી જતા મોત



(એજન્સી) ઉત્તર પ્રદેશ | તા 09

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં એક ગમખ્વાર અકસ્માતમાં 5 લોકોના કરૂણ મોત થયા છે. હરિદ્વાર જતી કાર તિતાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર થતાની સાથે જ કારમાં ભીષણ આગ લાગી ગઈ હતી, જેમાં સવાર 5 મુસાફરો જીવતા ભૂંજાઈ ગયા હતા. તમામ મુસાફરો હરિયાણાના હોવાનું મનાય છે. પોલીસે ઘટનાની તપાસ હાથ ધરી છે અને મૃતકોની ઓળખ કરવા કાર્યવાહી ચાલી રહી છે. ઉત્તર પ્રદેશથી એક ગમખ્વાર અકસ્માતના અહેવાલ સામે આવ્યા છે. અહીં મુજફ્ફરનગરથી હરિદ્વાર જતી કાર તિતાવી પોલીસ સ્ટેશનની હદમાં બેકાબૂ થઈને ડિવાઈડર સાથે ભટકાઈ હતી. અકસ્માત સર્જાતા જ કાર અગનગોળો બની જતા કોઈને બચવાનો મોકો ન મળ્યો અને 5 મુસાફરોના સળગી જતા મોત નીપજ્યા હતા. માહિતી અનુસાર આ તમામ મુસાફરો હરિયાણાના હરિદ્વાર જતા હતા. રસ્તામાં કારચાલકે નિયંત્રણ ગુમાવતા કાર બેકાબૂ થઈને ડિવાઈડર સાથે ધડાકાભેર ભટકાઈ હતી. જેના બાદ કાર અગનગોળો બની જતા તમામ મુસાફરો ભૂંજાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિકો મદદ માટે દોડી આવ્યા હતા પરંતુ કોઈને બચાવી ના શકાયા. હાલમાં પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે અને મૃતકોની ઓળખ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

પ્રકાશ પર્વ પર રાજકીય તણાખા

'દિવાળી એટલે ખુશીઓની ઈદ', ખડગેની દિવાળી શુભેચ્છા પર BJP ભડકી



(એજન્સી) નવી દિલ્હી | તા 09

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા દિવાળીના પાવન અવસરે આપવામાં આવેલા એક નિવેદનને લઈને દેશમાં મોટો રાજકીય વિવાદ વકર્યો છે. મીડિયા સાથેની વાતચીતમાં દિવાળીની શુભકામનાઓ પાઠવતા ખડગેએ કહ્યું હતું કે, "આ એક ખૂબ મોટો તહેવાર છે, જેને હિન્દુસ્તાનમાં બધા લોકો મનાવે છે. તેનું એક જ કારણ છે કે આ ખુશીઓની ઈદ છે, લાંબા સમય સુધી ચાલનારી ઈદ આ જ છે. કોંગ્રેસ અધ્યક્ષ ખડગેના આ નિવેદન બાદ ભાજપે કોંગ્રેસ સામે આક્રમક વલણ અપનાવતા પાર્ટી પર વોટ-બેંકની તુષ્ટિકરણની રાજનીતિ કરવાનો અને સનાતન-વિરોધી માનસિકતા ધરાવવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. ભાજપના પ્રવક્તા સી.આર. કેસવને આકરી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી પોતાની ઝેરી વોટ-બેંકની રાજનીતિ સાધવા માટે કરોડો હિન્દુ શ્રદ્ધાળુઓની આસ્થા અને ભાવનાઓને ઠેસ પહોંચાડવામાં ક્યારેય પાછીપાની કરતી નથી. આ સાથે જ ભાજપે સોનિયા ગાંધી દ્વારા બ્રિટિશ અખબાર 'ધ ગાર્ડિયન'ને આપવામાં આવેલા એક ઈન્ટરવ્યુ અને તેમની આગામી પુસ્તક 'બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ'ના સંદર્ભને પણ આ વિવાદમાં ઢસડી લીધો છે. ભાજપે આક્ષેપ કર્યો છે કે સોનિયા ગાંધી 6 ડિસેમ્બર 1992ના રોજ બાબરી મસ્જિદ તૂટી ત્યારે રોયા હોવાનું કહીને પક્ષની માનસિકતા ઉજાગર કરી રહ્યા છે, જ્યારે પ્રવક્તા પ્રદીપ ભંડારીએ પણ કોંગ્રેસ પર સનાતન વિરોધી હોવાના પ્રહારો કર્યા હતા.

આ વિવાદે દેશના મુખ્ય રાજકીય પક્ષો વચ્ચે તહેવારોની મોસમમાં પણ નવી તકરાર અને ઘમાસાણ મચાવી દીધું છે. ભાજપ સતત એવા મુદ્દાઓ ઉછાળી રહી છે જેમાં કથિત રીતે કોંગ્રેસના ટોચના નેતાઓ દ્વારા હિન્દુ તહેવારો કે પરંપરાઓનું અપમાન કરવામાં આવ્યું હોય. એક તરફ કોંગ્રેસ અધ્યક્ષના આ નિવેદનને લઈને સત્તાધારી પક્ષ દ્વારા ચારેય બાજુથી ઘેરાબંધી કરવામાં આવી રહી છે, ત્યારે આગામી દિવસોમાં આ મુદ્દો રાષ્ટ્રીય રાજકારણમાં વધુ ગરમાવો લાવે તેવી પૂરી સંભાવના છે.

ચાર આતંકીઓના સ્થળો અંગે જાણકારી માગવામાં આવી

કાશ્મીરમાંથી બે શંકાસ્પદ આતંકીઓ ચીનની પિસ્તોલ, ગ્રેનેડ સાથે ઝડપાયા



શ્રીનગર : જમ્મુ કાશ્મીરના કુલગામમાં સુરક્ષાદળોએ ચેકિંગ દરમિયાન આતંકીઓના બે સહયોગીઓની ધરપકડ કરી છે. આ બન્ને શંકાસ્પદ આતંકીઓ પાસેથી એક ચીની પિસ્તોલ, દારુગોળો, હેન્ડ ગ્રેનેડ જપ્ત કરવામાં આવ્યા હતા. સ્થાનિક પોલીસ, સીઆરપીએફ અને એસઓજીના જવાનો દ્વારા સંયુક્ત રીતે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું.સુરક્ષા એજન્સીઓ આ કાર્યવાહીને આતંકીઓ સામેની મોટી સફળતા માની રહી છે. બે યુવકો તહિર બિલાલ, મુનીબ યાસીન કુલગામ તરફ હથિયારો સાથે જઈ રહ્યા હતા. જે હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે તે આ બન્ને પાસે ક્યાંથી આવ્યા? શું તેઓ પોતે આતંકી છે કે પછી આતંકીઓ સુધી આ હથિયારો પહોંચાડી રહ્યા હતા તેને લઈને તપાસ કરવામાં આવી રહી છે. જ્યારે રવિવારે જ શ્રીનગરના લાલ ચોક વિસ્તારમાં એક બેનર લગાવાયું હતું. જેમાં ચાર આતંકીઓના સ્થળો અંગે જાણકારી માગવામાં આવી છે.પ્રતાપ પાર્કની દિવાલ પર લગાવાયેલ આ બેનરમાં ચાર આતંકીઓની જાણકારી આપવા માટે સ્થાનિકોને અપીલ કરવામાં આવી હતી. જે આતંકીઓની માહિતી હાલ માગવામાં આવી રહી છે તેમાં મોહમ્મદ લતીફ ભટ પણ સામેલ છે, ભટ આ વર્ષે જુલાઈ મહિનામાં અનંતનાગમાં એક પોલીસકર્મીની હત્યામાં સામેલ હતો. અન્ય આતંકીઓના નામ બિલાલ અહમદ મીર, મોહમ્મદ ઉમર મીર અને આબિદ છે. જાણકારી આપનારાને ઈનામ આપવા અને માહિતી ગુપ્ત રાખવાની પણ જાહેરાત કરાઈ છે. આ ચારેય આતંકીઓ હાલ વોન્ટેડ છે અને સુરક્ષાદળો તેમની શોધખોળ કરી રહ્યા છે.

રેપ પીડિતા માટે દિવાળીની રજામાં હાઇકોર્ટ ખુલી, ગર્ભપાતને મંજૂરી



(એજન્સી) ગ્વાલિયર | તા 09

મધ્યપ્રદેશ હાઈકોર્ટની ગ્વાલિયર બેંચે દિવાળીની રજાઓમાં પણ એક મહત્વપૂર્ણ કેસની સુનાવણી કરી. 14 વર્ષીય બળાત્કાર પીડિતાને 26 સપ્તાહના ગર્ભનો ગર્ભપાત કરાવવાની મંજૂરી આપવામાં આવી. જસ્ટિસ મિલિંદ રમેશ ફડકેએ કમલારાજા હોસ્પિટલને તાત્કાલિક ગર્ભપાત કરવા આદેશ કર્યો. કોર્ટે નીચલી અદાલતો માટે પણ આવા કેસોમાં મેડિકલ બોર્ડ રિપોર્ટ ફરજિયાત બનાવતી માર્ગદર્શિકા જાહેર કરી છે. મધ્ય પ્રદેશ હાઈકોર્ટની ગ્વાલિયર બેંચે દિવાળીની રજાઓ વચ્ચે પણ એક મામલાની સુનાવણી કરી હતી અને રેપ પીડિતાને ૨૬ સપ્તાહના ગર્ભનો ગર્ભપાત કરાવવાની મંજૂરી આપી હતી. ૧૪ વર્ષીય પીડિતા માટે દિવાળીની રજા છતા પણ કોર્ટ ખોલવામાં આવી હતી. મધ્ય પ્રદેશ હાઈકોર્ટના જજ મિલિંદ રમેશ ફડકેએ પીડિતાને રાહત આપતા કમલારાજા હોસ્પિટલ અને જીઆર મેડિકલ કોલેજના ડીનને અનુભવી ડોક્ટરોની ટીમ બનાવીને ગર્ભપાતની પ્રક્રિયા પૂર્ણ કરવા આદેશ કર્યો હતો. જે દિવસે આદેશ આપ્યો તે જ દિવસે સાંજ સુધીમાં ગર્ભપાત કરી લેવાની સુચના ડોક્ટરોને આપવામાં આવી હતી.સાથે જ કોર્ટે કહ્યું હતું કે આવા મામલામાં દરેક દિવસ મહત્વપૂર્ણ માનવામાં આવે છે, એક દિવસનો વિલંબ પણ ગંભીર પરિણામ લાવી શકે છે અને પીડિતાના સ્વાસ્થ્યને અસર કરી શકે છે. આવા મામલાઓમાં સુનાવણી માટે હાઇકોર્ટે ટ્રાયલ કોર્ટો માટે ગાઇડલાઇન પણ જાહેર કરી હતી.હવેથી આવા મામલા આગળ લઇ જતા પહેલા નીચલી કોર્ટોએ સ્પષ્ટ મેડિકલ બોર્ડ રિપોર્ટ જમા કરવાનો રહેશે, જેમાં પીડિતાની શારીરિક સ્થિતિ, કેટલા સપ્તાહનો ગર્ભ છે, ગર્ભપાત કરાવવો સુરક્ષિત છે કે કેમ તે આ રિપોર્ટમાં ધ્યાનમાં રાખવાનું રહેશે.

દિવાળીએ દિલ્હીમાં દુઃખદ ઘટના, પેટમાં સળગતું રોકેટ વાગતા 10 વર્ષના બાળકનું મોત



(એજન્સી) નવી દિલ્હી | તા 09

દિવાળીએ દિલ્હીમાં એક પરિવારમાં માતમ પ્રસરી ગયું. ફટાકડાં ફોડતી વખતે એક 10 વર્ષનું બાળક દુર્ઘટનાનો શિકાર થઈ ગયો હતો. સળગતું રોકેટ સીધું તેના પેટમાં વાગ્યું હતું. જેના કારણે તે ગંભીર રીતે દાઝી ગયો હતો. પરિજનો તેને તાત્કાલિક હોસ્પિટલ લઈને પહોંચ્યા પરંતુ ડૉક્ટરોએ તેને મૃત જાહેર કરી દેતા પરિવાર પર આભ તૂટી પડ્યો હતો. બાળકના મૃત્યુ બાદ પરિજનોએ હોસ્પિટલમાં હોબાળો મચાવી દીધો હતો અને તેમણે સારવારમાં બેદરકારીનો આરોપ પણ મૂક્યો હતો. આ ઘટના દિલ્હીના નરેલા વિસ્તારની રાજીવ કોલોનીમાં બની હતી. પરિજનોને જણાવ્યું કે રવિવારે દિવાળીની પૂજા-પાઠ બાદ અમે ફટાકડા ફોડી રહ્યા હતા. આ દરમિયાન રોકેટ છોડતા જ બાળકના પેટમાં વાગ્યુ હતું. આ રોકેટ આકાશમાં જવાને બદલે પેટમાં વાગતા મોટી દુર્ઘટના સર્જાઈ અને બાળક ગંભીર રીતે દાઝી ગયુ હતું.

દિલ્હીમાં AQI 373, અનેક વિસ્તારોમાં 400ને પાર

પ્રદૂષણ ઘટાડી ના શક્યા તો ડેટામાં ગોલમાલ? દિલ્હીમાં AQI મુદ્દે કેન્દ્ર અને રેખા ગુપ્તા સરકાર ઘેરાઈ

(એજન્સી) નવી દિલ્હી | તા 09

દિવાળીની ઉજવણી બાદ દિલ્હીમાં હવાનું પ્રદૂષણ ગંભીર સ્તરે પહોંચતાં હવે રાજકીય વિવાદ શરૂ થયો છે. દિલ્હી-NCRમાં ધુમાડાના ગાઢ પડને કારણે અનેક વિસ્તારોમાં વિઝિબિલિટી ઘટી ગઈ છે. આ દરમિયાન ભાજપના નેતા અને દિલ્હી સરકારના મંત્રી કપિલ મિશ્રાએ આમ આદમી પાર્ટી (AAP) પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે દાવો કર્યો છે કે દિલ્હીમાં પ્રદૂષણ વધારવા માટે પંજાબમાં જાણીજોઈને ખેડૂતોનાં ખેતરોમાં પરાલી સળગાવવામાં આવી રહી છે. આ મામલે નિષ્પક્ષ તપાસ થાય તો દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ પણ થઈ શકે છે. બીજી તરફ કોંગ્રેસ અને AAPએ ભાજપ સરકાર પર પ્રદૂષણ નિયંત્રણમાં નિષ્ફળ રહેવાનો અને હવાની ગુણવત્તાના આંકડા છુપાવવાનો આરોપ લગાવ્યો છે. આમ, દિવાળી બાદ વધેલા પ્રદૂષણને લઈને દિલ્હીનું રાજકારણ ગરમાયું છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)ના સમીર એપ પર જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, રવિવારે રાત્રે 11:05 વાગ્યે દિલ્હીની સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 373 નોંધાયો હતો. જોકે, અનેક વિસ્તારોમાં પ્રદૂષણનું સ્તર 400ને પાર પહોંચી ગયું હતું. અલીપુર, બવાના, બુરાડી, ચાંદની ચોક, મુંડકા, પંજાબી બાગ, રોહિણી અને વિવેક વિહારમાં AQI 400થી વધુ નોંધાયો હતો. આ દરમિયાન દિલ્હી-NCRમાં ધુમાડાના ગાઢ પડને કારણે દૃશ્યતા પણ ઘટી હતી. અહેવાલો અનુસાર, પ્રદૂષણનું સ્તર વધી રહ્યું હતું ત્યારે અનેક મોનિટરિંગ સ્ટેશનો પર રિયલ ટાઇમ ડેટા દેખાવાનું બંધ થઈ ગયું હતું. અહેવાલ મુજબ, આરકે પુરમ, નેહરુ નગર, મુંડકા, સોનિયા વિહાર અને દ્વારકામાં પણ ડેટા મળતો બંધ થયો હતો.

દિલ્હીના મંત્રી કપિલ મિશ્રાએ પંજાબમાં પરાલી સળગાવવાની ઘટનાઓ પાછળ AAPના નેતાઓનો હાથ હોવાનો આરોપ લગાવ્યો છે. તેમણે પંજાબના અલગ-અલગ વિસ્તારોના AQIના આંકડા રજૂ કરતાં કહ્યું કે મલોટમાં પ્રદૂષણનું સ્તર ઊંચું છે, જ્યારે અબોહરમાં AQI 1,307 અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના મતવિસ્તાર સંગરૂરમાં AQI 1,651 સુધી પહોંચી ગયો છે. કપિલ મિશ્રાએ આરોપ લગાવ્યો કે AAPના ધારાસભ્યો, નેતાઓ અને દિલ્હીની ટીમના ફોન રેકોર્ડની તપાસ થવી જોઈએ. તેમના મતે, આ લોકો પંજાબમાં ખેડૂતોનાં ખેતરોમાં આગ લગાવવાની ઘટનાઓ પાછળ હોઈ શકે છે. તેમણે વધુમાં કહ્યું કે, જો પંજાબના ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રી ભગવંત માન નિષ્પક્ષ તપાસ કરાવે અને પરાલી સળગાવવાની ઘટનાઓનું સત્ય બહાર આવે તો શક્ય છે કે અરવિંદ કેજરીવાલને જેલમાં જવું પડે.

દસ મહિનાના પ્રયાસ બાદ પંજાબ પોલીસને આ સફળતા મળી હતી

હત્યાઓ, ખંડણી સહિતના 30 કેસોમાં વોન્ટેડ ગેંગસ્ટર ગુરવિંદર ભારત લવાયો



(એજન્સી) અમૃતસર | તા 09

પંજાબ પોલીસે વિદેશમાં છૂપાયેલા ગેંગસ્ટરો સામે મોટી કાર્યવાહી કરી છે અને ગુરવિંદર સિંહ ઉર્ફ આફરીદીને ભારત લાવવામાં સફળતા પ્રાપ્ત કરી છે. પંજાબ પોલીસની એન્ટી ગેંગસ્ટર ટાસ્ક ફોર્સ (એજીટીએફ)એ કેન્દ્રીય એજન્સીઓ સાથે મળીને આ ગેંગસ્ટરનું આફ્રીકી દેશ ઈથિયોપિયાથી ડિપોર્ટેશન કરાવ્યું હતું. દસ મહિનાના પ્રયાસ બાદ પંજાબ પોલીસને આ સફળતા મળી હતી.પંજાબના ડીજીપી ગૌરવ યાદવે જણાવ્યું હતું કે આફ્રિકન દેશમાંથી પ્રથમ વખત પંજાબ પોલીસ દ્વારા કોઈ ગેંગસ્ટરને ભારતમાં ડિપોર્ટ કરાવવામાં સફળતા મળી છે. ભાગેડુ ગેંગસ્ટર ગુરવિંદર ઉર્ફ આફરીદી ટાર્ગેટ કિલિંગ સાથે સંકળાયેલો છે.

ડોની બાલપ્રભ દાસુવાલ ગેંગમાં ગુરવિંદર કિંગપિન માનવામાં આવે છે. જેની પાછળ આશરે પાંચ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. પંજાબમાં ખંડણી, ટાર્ગેટ કિલિંગ, નાણાકીય ગુના અને સંગઠીત ગુનાઓમાં આ ગેંગ સક્રીય છે. જેને ભારત લવાયેલ ગુરવિંદર અંજામ આપતો હતો.ગુરવિંદરને પાંચ હત્યા, હત્યાનો પ્રયાસ, ધંડણી, હથિયારનો ગુના સહિતના ૩૦ જેટલા ગંભીર મામલામાં વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો. જે પાંચ લોકોની હત્યા કરવામાં આવી તેમાં સરપંચ રાજવિંદર, ૧૨ વર્ષનો બાળક ગુરસેવક સિંઘ, વિકી ચુઘ, જસવંતસિંહ, કોંગ્રેસના તાલુકા પ્રમુખ ગુરનેલસિંહ વગેરેનો સમાવેશ થાય છે. ગેંગસ્ટર ગુરવિંદર ફેક પાસપોર્ટની મદદથી ૩૧ માર્ચ ૨૦૨૫ના રોજ મુંબઈ એરપોર્ટથી યુએઈ ભાગી ગયો હતો. આ દરમિયાન તેણે ઈસ્તંબુલથી મેક્સિકો ભાગવા પ્રયાસ કર્યો હતો પરંતુ યુએઈ પાછો ધકેલાયો હતો. બાદમાં આ વર્ષે એપ્રીલ મહિનામાં તે કેન્યામાં ભાગી ગયો હતો. બાદમાં ઈથિયોપિયા પહોંચ્યો હતો. હવે ત્યાંથી તેને ભારત લાવવામાં આવ્યો છે અને વધુ પૂછપરછ ચાલી રહી છે.

દિવાળી પર કરવામાં આવી 'હટડી' પૂજા

અમદાવાદ | અમદાવાદમાં સિંધી સમાજે દિવાળી પર્વ પર પોતાની પ્રાચીન 'હટડી પૂજા' પરંપરા ભાવપૂર્વક ઉજવી. ધનતેરસ અને દિવાળીના દિવસે ઘરમાં માટીની હટડી લાવી, તેમાં દીવો પ્રગટાવી, લક્ષ્મીજીની પૂજા કરાઈ. દરેક પુરુષ સભ્યના નામની અલગ હટડી રખાય છે. આ પૂજા વ્યાપારમાં સમૃદ્ધિ લાવવા અને ઘરનો કકળાટ દૂર કરવા માટે કરાય છે. નરોડાના કારીગરો 2 મહિનાની મહેનતથી આ હટડીઓ તૈયાર કરે છે. ધનતેરસ અને દિવાળીના દિવસે સિંધી પરિવારો ઘરમાં માટીની હટડી લાવી તેમાં દીવો પ્રગટાવીને વિધિવત પૂજા-અર્ચના કરે છે.

સિટી એક્સપ્રેસ

TUESDAY 10 NOVEMBER-2026

AHMEDABAD

સ્પાઇસજેટની ફ્લાઇટ અમદાવાદ એરપોર્ટ પર 12 કલાક મોડી

અમદાવાદ | દિવાળી વેકેશનમાં શ્રીનગર ફરવા જવાની તૈયારી કરીને નીકળેલા અમદાવાદ સહિત રાજ્યભરના આશરે 189 પેસેન્જરોને અમદાવાદ એરપોર્ટ પર આખો દિવસ રઝળવાનો વારો આવ્યો હતો. સ્પાઇસજેટની અમદાવાદથી શ્રીનગર જતી SG 9634 ફ્લાઇટ નિર્ધારિત સમય સવારે 8.40 વાગ્યે ઉપડી ન હતી. ફ્લાઇટ પકડવા માટે પેસેન્જરો વહેલી સવારે 5થી 6 વાગ્યાની આસપાસ એરપોર્ટ પહોંચી ગયા હતા. જોકે, ટેકનિકલ કારણોસર ફ્લાઇટ એક કલાક મોડી જશે તેમ કહીને એરલાઇન્સ દ્વારા વારંવાર સમય લંબાવવામાં આવ્યો હતો. પરિણામે રાતના 8 વાગ્યા સુધી પણ ફ્લાઇટ ઉપડી ન હતી.

FLAMES OF HOPE
Where Hope Meets Healing

SOUL GYM

अहम् ब्रह्मास्मि

Daily Mind • Body • Soul Wellness Membership

Just like your body needs daily exercise, your mind, emotions and soul deserve daily care too.



SILVER

3 MONTHS
WELLNESS JOURNEY

16 Sessions / Month
Total: 48 Live Sessions

₹ 6,000 + 18% GST

DAILY PRACTICES INCLUDE

- Guided Chakra Meditation
- Reiki-Based Relaxation Sessions
- Guided Hypnosis for Relaxation & Positive Mindset
- Theta Healing & Belief Transformation
- Stress Management Techniques
- Emotional Wellness Practices
- Self-Worth & Confidence Building
- Relationship Wellness & Communication
- Focus & Productivity Training
- Guided Water Healing Technique
- Essential Oil Charging & Mindful Usage
- Gratitude & Positive Affirmation Practice
- Breathing & Relaxation Exercises
- Visualization & Goal Setting
- Mindfulness & Inner Peace Sessions
- Yoga for Chakra Balancing
- Yoga for Aura Cleansing & Energy Enhancement
- Energy Protection & Aura Strengthening Practices
- Positive Mindset & Daily Life Transformation Activities

Daily Live Sessions
Supportive Community
Guided Transformation

GOLD

6 MONTHS
TRANSFORMATION JOURNEY

20 Sessions / Month
Total: 120 Live Sessions

₹12,000 + 18% GST

EVERYTHING IN SILVER PLUS

BONUS #1
1 FREE
Tarot Reading Session

BONUS #2
1 FREE
Personal Wellness Session (1-to-1)

Priority WhatsApp Community Support

Monthly Progress Review

Build Healthy Habits
Improve Emotional Balance
Reduce Stress
Enhance Focus & Productivity
Transform Your Life

PLATINUM

1 YEAR
COMPLETE WELLNESS JOURNEY

20 Sessions / Month
Total: 240 Live Sessions

₹ 25,000 + 18% GST

EVERYTHING IN GOLD PLUS

BONUS #1
4 FREE Tarot Reading Sessions

BONUS #2
2 FREE Personal Wellness Sessions (1-to-1)

BONUS #3
ULTIMATE CHAKRA HEALING MASTERY VIDEO COURSE
WORTH ₹50,000

- Learn The Science Behind Chakra Healing
- Learn All 7 Chakras in Complete Detail
- Nadis & Energy Flow Systems
- Planetary Associations of Each Chakra
- Crystals, Essential Oils & Chakra Healing
- Hormones, Body Parts & Chakra Connections
- Diseases & Their Possible Chakra Associations
- Chakra Healing Exercises & Affirmations
- Reiki & Chakra Healing
- Sound Therapy, Yoga, Food & Reflexology
- Palmistry & Chakra Associations

+ 3 Additional Bonuses

Lifetime Access • Watch Anytime
Learn at Your Own Pace
No Monthly Fees • No Recurring Charges

- Priority Appointment Booking
- VIP Members WhatsApp Community
- Quarterly Wellness Review
- Exclusive Members-Only Healing Workshops
- Premium Guided Meditation Library
- Priority Support
- Special Discounts on Future Workshops & Advanced Courses

WHY JOIN SOUL GYM?

- Daily Live Guided Sessions
- Positive & Supportive Community
- Develop Healthy Daily Wellness Habits
- Improve Emotional Balance
- Build Self Confidence
- Learn Powerful Relaxation Techniques
- Lifetime Friendships & Community Support

"Physical fitness builds the body.
Soul Gym nurtures the mind, emotions and inner well-being.
Because true transformation begins from within."

ENROLL TODAY
+91-8970413579/8050121357
fohhealingschool.com

MIND CALM | EMOTIONS HEAL | ENERGY BALANCE | SOUL AWAKEN | LIFE TRANSFORM

INVEST A FEW HOURS EVERY MONTH...
AND A LIFETIME IN YOUR INNER WELL-BEING.